પ્રકાશક :

શ્રી પાર્શ્વચંદ્રસૂરિજ્ઞાનમંદિર-ચેમ્બુર તરફથી
શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરી
ઝવેરી બજાર, મુંબાદેવી રોડ,
મુંબઈ-૨

આવૃત્તિ પહેલી
નકલ ૨૦૦૦
વિ. સં. ૨૦૨૭ સને ૧૯૭૧

મૂલ્ય :
વાંચન, ચિંતન, મનન.

પ્રાપ્તિસ્થાન :
શાહ હંસરાજ માણેક
પાર્શ્વચંદ્રસૂરિજ્ઞાનમંદિર
દશમો રસ્તો, ચેમ્બુર, મુંબઈ-૭૧

મુદ્રક :
કાન્તિલાલ સોમાલાલ શાહ
સાધના પ્રિન્ટરી, ઘીકાંટા રોડ,
અમદાવાદ.



# પ્રકાશકીય

શ્રી પાર્શ્વચંદ્રગચ્છીય પૂ. પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજના શિષ્યરત્ના આ. પ્ર. પરમ વિદુષી પ. પૂ. શ્રી સુનંદાશ્રીજી મહારાજ તેમની વક્તૃત્વશક્તિ અને નિડર પ્રરૂપણા માટે પ્રસિદ્ધ છે. તેમની શિષ્યાઓનું વૃંદ જ્ઞાન. ધ્યાન. તપ. ત્યાગની પ્રવૃત્તિ માટે પ્રસિદ્ધ છે. તેમાંના પૂજ્ય સાધ્વીજી વસંતપ્રભાશ્રીજી મહારાજ કે જે 'સુતેજ'ના તખલ્લુસથી પ્રસિદ્ધ છે. તેઓ છેલ્લાં થોડાં વર્ષથી સાહિત્યનું સુંદર સર્જન કરી રહ્યાં છે અને તે જિજ્ઞાસુજનોને ઘણું ઉપયોગી થઈ રહ્યું છે.

'વસંતગીતગુંજન' અને 'ધર્મઝરણું'નાં સર્જન પછી તેઓશ્રીએ પોતાના ગુરુણી શ્રી સુનંદાશ્રીજી મહારાજની પ્રેરણાથી 'મનમાળાના મણકા' નામનું અતિ મનનીય પુસ્તક તૈયાર કર્યું. તે જિજ્ઞાસુજનોના લાભાર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ પુસ્તકની ૧૦૦૦ નકલોનું ખર્ચ શ્રી પૂના કચ્છી જૈન સમાજ તરફથી પ્રાપ્ત થતાં આ પુસ્તક–પ્રકાશનના કાર્યમાં સરલતા થઈ છે, તેથી તેમનો આભાર માનવામાં આવે છે.

# વંદના

અમારા પરિપૂર્ણ પુણ્યોદયે પાર્શ્વચંદ્રગચ્છીયા પૂ. પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજના પટ્ટધરા શિષ્યરત્ના આ. બ્ર. પરમવિદુષી પ્રખર વક્તા પૂ. શ્રી સુનંદાશ્રીજી મહારાજ તેમના સુશિષ્યાઓ સુવ્યાખ્યાની સાધ્વી શ્રી સુમંગળાશ્રીજી મહારાજ આદિ સપરિવાર અમારા પૂના શહેરનાં આંગણે પધાર્યા. તેઓશ્રીની પૂનિત વાણીનો અમને અલભ્ય લાભ મળ્યો. અમારા "પૂના કચ્છી જૈન સમાજ"માં સારી જાગૃતિ આવી. એના પરિણામે અમે તેઓશ્રીના ચાતુર્માસનો પણ અલભ્ય લાભ લેવા ભાગ્યશાળી બની શક્યા.

આ ચાતુર્માસ પૂના શહેરવાસી જૈન જનતાના હૃદયમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયું. વ્યાખ્યાનો માટે ભીડ એવી જામતી કે જે કદી નજરે જોવાઈ ન હતી. એ વ્રત........એ નિયમો ........એ તપસ્યા........એ ઓચ્છવો........સિદ્ધચક્રપૂજન વગેરે અનેક શુભ કાર્યોનો અમને લાભ મળ્યો. ચાતુર્માસ જીંદગીભર યાદ રહી જાય એવું બની ગયું.

ખરેખર........જૈન શાસનની બલિહારી છે કે જેની અંદર આવા સાધ્વીજી મહારાજો ભવ્ય લોકોપકાર કરી રહ્યા છે.

સાધ્વીમુખ થકી વહેતી વીરવાણીરૂપ ગંગાનાં મીઠાં નીરથી ભાવિકોના હૃદય પ્લાવિત બની જાય છે.

પરમવિદુષી શ્રી સુનંદાશ્રીજી મહારાજની વાણીનો લાભ જે અમને મળ્યો છે, તે હમેશાં યાદ રહેશે. અંશતઃ એનુ પાલન કરી શકીએ એવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે. તેમના તરફથી આવો લાભ અમને વારંવાર મળતો રહે, એ માટે અમે તેઓશ્રીને વિનંતિ કરી લાખ લાખ વંદના કરીએ છીએ.

કચ્છી જૈન સમાજ–સંઘવતી
**બચુભાઈ. કે. વિક્રમ**



# પ્રસ્તાવના

ભવની ભાવટ ભાંગવા માટે જિનભક્તિ એક સુંદર સાધન છે. તેનાથી ધ્યેયનો નિશ્ચય થાય છે, શ્રદ્ધાનો દીપ વધારે જ્વલંત બને છે, અંતરનો મલ ત્વરાથી ધોવાય છે અને મોક્ષપ્રાપ્તિનાં અમોઘ સાધનો-સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન તથા સમ્યક્ ચારિત્ર ઘણા નજીક આવે છે. તેથી જ જૈન-ધર્મમાં જિનભક્તિ પર ખાસ ભાર મૂકાયો છે અને તેને મુમુક્ષુઓનું એક પરમ કર્તવ્ય માનવામાં આવ્યું છે.

જે મનુષ્યના હૃદયમાં શ્રી જિનેશ્વર દેવ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ આદર-બહુમાનની લાગણી નથી, તે કદી પણ સમ્યક્ત્વનો સ્પર્શ કરી શકતો નથી. પરિણામે અનંત સંસારમાં રખડ્યા કરે છે અને વિવિધ પ્રકારનાં દારુણ દુઃખોનો ભાગી થાય છે. સમ્યગ્દર્શન કે જેને સામાન્ય રીતે સમ્યક્ત્વ તરીકે ઓળખવામાં આવે છે, તે સુદેવ, સુગુરુ અને સુધર્મની પરમશ્રદ્ધા-રૂપ છે, એ ભૂલવાનું નથી.

દર્શન, પૂજન, ગુણાનુવાદ તથા સમર્પણ એ જિન-ભક્તિનાં મુખ્ય અંગો છે. તે મૂર્તિનાં અવલંબનથી સફલ

બને છે. તેથી શ્રી જિનેશ્વરદેવની મૂર્તિઓ નિર્માણ કરવામાં આવે છે અને તેની પ્રાણપ્રતિષ્ઠા કરી તેનું અવલંબન લેવાય છે.

શ્રી જિનેશ્વરદેવ અનંત ગુણોના ભંડાર છે. એ ગુણોનો અનુવાદ બૃહસ્પતિ સમાન બુદ્ધિવાળો મહાકવિ કે મહાવિદ્વાન સહસ્ર જિહ્વાઓ પણ કરી શકે એમ નથી. છતાં ભક્તિવશાત્ તેમના ગુણાનુવાદ કરવાનો પ્રયાસ થાય છે અને તે આત્મકલ્યાણમાં ઘણો ઉપકારી નીવડે છે.

આપણા મહાન આચાર્યો અને મુનિવરોએ શ્રી જિનેશ્વર દેવોના ગુણાનુવાદ કરવા માટે અનેક પ્રકારની સ્તુતિઓ, અનેક પ્રકારનાં સ્તવનો તથા અનેક પ્રકારનાં સ્તોત્રો રચેલાં છે, જે મુમુક્ષુઓને જિનભક્તિ માટે અનેરી પ્રેરણા આપે છે અને તેમની ઉપાસનાનો માર્ગ સરળ બનાવે છે.

અને તે સાથે ભવસાગર તરવાનો તીવ્ર તલસાટ પણ છે. શ્રી જિનેશ્વરદેવને વિવિધ વિશેષણોથી સંબોધતાં લેખિકાએ પોતાની, અને વધારે સ્પષ્ટ કહું તો સર્વે મુમુક્ષુઓની પરિસ્થિતિનો જે ચિતાર રજૂ કર્યો છે, તે ઘણો હૃદયસ્પર્શી છે અને ખરેખર દાદ માગી લે તેવો છે. મણકાઓનાં નામ પસંદ કરવામાં પણ તેમણે પોતાના બુદ્ધિકૌશલ્યનો પરિચય આપ્યો છે. એકંદર આખો ગ્રંથ ચિંતનથી ભરપૂર હોઈ સર્વે મુમુક્ષુઓને માટે માર્ગદર્શક બન્યો છે.

પ. પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ એક લેખિકા છે, એ તો હું કેટલાક વખતથી જાણતો હતો, પણ મનમાળાના મણકા મારા હાથમાં આવ્યા, ત્યારે જ મને ખબર પડી કે તેઓ ખરેખર એક તેજસ્વી લેખિકા છે અને તેમના પૂજ્ય ગુરુણીએ તેમને 'સુતેજ' નું જે તખલ્લુસ આપ્યું છે, તે સાર્થક છે.

સાધ્વીસમુદાય એ આપણા ધર્મસંઘનો એક મહત્ત્વનો ભાગ છે. જો તેને બોલવાની તથા લખવાની તાલીમ મળે તો તેઓ ધર્મપ્રચારની દિશામાં ઘણું સુંદર કામ કરી શકે એમ છે. પ્રસ્તુત ગ્રંથરચના તેની પ્રતીતિ કરાવે છે.

શ્રી પાર્શ્વચંદ્રગચ્છમાં સાધુસમુદાય ઘણો નાનો છે, પણ સાધ્વીસમુદાય તેની ખોટ પૂરી કરે છે. એ હકીકત પણ મારા ઉપરના વિચારોનું સમર્થન કરનારી છે.

પ. પૂ. સાધ્વી શ્રી સુનંદાશ્રીજી મહારાજ કે જેઓ આ

ગ્રંથલેખિકાના ગુરુણી છે, તેમણે પ્રેરણા અને પ્રોત્સાહન આપતાં આ ગ્રંથનિર્માણ શક્ય બન્યું છે, એટલે તેઓ પણ ધન્યવાદના અધિકારી છે.

ગ્રંથલેખિકા પોતાની કલમ ચાલુ રાખે અને આવી બીજી પણ અનેક કૃતિઓ જૈન સંઘને ભેટ કરે. એટલી વિજ્ઞપ્તિપૂર્વક આ લઘુ પ્રસ્તાવના પૂર્ણ કરું છું.

તા. ૧૦-૧૧-'૭૦ ધીરજલાલ ટોકરશી શાહ

ॐ नमः।

# લેખિકા તરફથી

સંસાર તરવાને માટે જ્ઞાની પુરુષોએ ભવ્યાત્માઓને મુખ્ય ત્રણ રસ્તાઓ બતાવ્યા છેઃ જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ. તેમાં પ્રથમ જ્ઞાનયોગ. એ યોગ પૂર્વસંચિત ક્ષયોપશમને આધારે પરિણત થાય છે. બીજો કર્મયોગ. એ આચરણને આધારે અનુગમ્ય છે અને તે કઠિન છે. પણ ત્રીજો જે ભક્તિયોગ છે, તે અતિ સુગમ છે. આબાલવૃદ્ધ તેને આચરવા ઉદ્યત થઈ શકે છે. અનાદિ કાળથી કર્મજંજીરમાં જકડાયેલા જીવને છૂટવાને માટે અને નવીન કર્મબંધથી બચવા માટે ભક્તિયોગ એ ઘણો સફળ ઉપાય છે. આ ભક્તિયોગને આધારે અનેક ભવ્યાત્માઓ મોક્ષાભિમુખ બન્યા છે.

ખરેખર ! શ્રી વીતરાગદેવની ભક્તિરૂપ પ્રાર્થના આ ભવમાં પ્રત્યક્ષ રીતે ચિરશાંતિનું આસ્વાદન કરાવી વિષયોથી વાસિત થયેલા વિચારોને વિશુદ્ધ બનાવે છે, કષાયોથી કલુષિત બનેલા ચિત્તને ચકચકિત બનાવે છે અને જીવનસાફલ્યરૂપ

સમકિતની પ્રાપ્તિ કરાવી, ભવાંતરમાં પણ પાથેય રૂપ બની, પરમપદની પ્રાપ્તિ માટે સહાયક બને છે.

સંસારી કર્માધીન પ્રાણીઓના ચિત્તમાં નિરર્થક વિચારોની હારમાળા વગર પ્રયત્ને ગુંથાતી જતી હોય છે. એવા અર્થ વગરના વિચારોની હારમાળામાં અટવાયેલો મનુષ્ય કદી પણ સ્વ કે પરના શ્રેયને સાધી શકતો નથી, બલ્કે અશ્રેયને જ નોતરે છે. પણ સમકિતથી સુવાસિત બની શ્રી અરિહંતની ઉપાસનામાં જોડાયેલો આત્મા અર્થહીન અને ચિત્તને ઉપઘાતક એવા વિચારોને દૂર હડસેલી કલ્યાણકારી ચિંતનમાં જ મસ્ત રહે છે.

**"પ્રેરણા વગર શક્તિ પાંગરતી નથી."** કોઈ પણ કાર્ય કરવાની શક્તિ હોય તો પણ તેમાં પ્રેરણાની ખાસ જરૂર રહે છે. **સત્પ્રેરિત કાર્ય હમેશાં સફળતાને પામે છે.** જેમ સાકરમાં મીઠાશ અને શીતળતા છુપાયેલી પડી છે, એનો સાકર ખાતાં અનુભવ થાય છે, તેમ પ્રાર્થનામાં સાકર કરતાં પણ અધિક મીઠાશ અને શીતલતાનો જે ભાવ ભર્યો છે, તેનો આહ્લાદક અનુભવ મને આ પ્રાર્થનાસ્વરૂપ મણકાને શબ્દ-દેહ આપતી વખતે અવશ્યમેવ થયો છે.

**"સારું તે મારું"** એ લક્ષ્યમાં રાખી કોઈપણ ભવ્યાત્મા આ એકસો ને આઠ મણકાનું મનનપૂર્વક વાંચન કરી, ચિંતનથી ચિત્તનું શુદ્ધિકરણ કરી, સંસારથી પરાઙ્‌મુખ બની વીતરાગની ઉપાસનામાં જોડાશે, તો હું સ્વ-પર કલ્યાણનો બેવડો લાભ મેળવવા ભાગ્યશાળી બનીશ.

આ મણકા દ્વારા આત્મસ્વરૂપે મેં પરમાત્માની સ્તવના કરી છે. તેમાં મેં લિંગભેદ રાખ્યો નથી. આત્મસ્વરૂપે નર કે નારી, સ્ત્રી કે પુરુષ, સાધુ કે સાધ્વી બધા સરખા જ છે.

મને ઉપાસનાના માર્ગે હંમેશાં જાગૃત રાખનાર પરમ ઉપકારી મારા ગુરુણી **પરમ વિદુષી પૂ. શ્રી સુનંદાશ્રીજી મહારાજના** ઉપકારનો બદલો આ ભવમાં કોઈ રીતે પણ વાળી શકું એમ નથી. **"વસંત ગીતગુંજન"** અને **"ધર્મઝરણાં"** એ બે મારાં પૂર્વ પ્રકાશનો લોકપ્રિય બન્યાં છે, એ એમની જ કૃપાનું ફળ છે.

સોળ વરસની ઉંમરે વિ. સં. ૨૦૦૪ની સાલમાં જ્ઞાનમહોદધ્યા પૂ. પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજ અને પરમવિદુષી બા. બ્ર. પૂ. શ્રી સુનંદાશ્રીજી મહારાજ સંઘની વિનંતિથી મોટી ખાખરમાં દ્વિતીય ચાતુર્માસ પધાર્યા. તે વખતે ધાર્મિક અભ્યાસ કરવાનો સુયોગ સાંપડયો અને મારો ધાર્મિક જીવનમાં ઉદ્ગમ થયો. પ્રભુદર્શન કરતાં અનેરો આનંદ થતો. ગુરુદર્શન થતાં જીવનનું પાસું બદલાઈ ગયું. માતાપિતાના પ્રસન્નો સંસારમાં જોડી દેવા માટે માગુ હતા, પણ ગુરુદર્શને મને પુણ્યોદયે મારું દિલ સંયમયાત્રા બાજુ ખેંચાયું. તેમાં માતાપિતાની સહર્ષ સંમતિ મળતાં જાણે દૂધમાં સાકર ભળી! સત્તર વર્ષની ઉંમરે વિ. સં. ૨૦૦૫ના માગશર સુદિ ૬ ને [illegible] સૌમ્ય પ્રભાતે શુભ સ્વપ્નોથી અંકિત [illegible]

સંસ્કૃત વાંચન સમૃદ્ધ બન્યું. તે સિવાય ન્યાયમાં 'તર્કસંગ્રહ' અને 'પ્રમાણનયતત્ત્વાલોક'નો અભ્યાસ થયો. પરંતુ આ તો અગાધ એવા શ્રુતસાગરનું બિંદુ માત્ર કહી શકાય. **આમ છતાં દેવ-ગુરુ-કૃપાથી મને જે પ્રાપ્ત થયું છે, તે મારા માટે મહાન વસ્તુ છે.**

ગીતો રચવાનો શોખ, સામાન્ય રીતે સ્વયં જાગૃત થયેલ. આવડે તેવી ભાષામાં પ્રભુભક્તિગીતો અને ગુરુગહુંલી ગીતો, તેમજ પ્રસંગગીતો બનાવ્યાં. જેના પરિણામે **"વસંત ગીતગુંજન"** પુસ્તિકા પ્રસિદ્ધ થઈ. ૨૦૨૪ની સાલમાં માટુંગા ચાતુર્માસમાં ગુરુપ્રેરણાથી 'બ્લેક બોર્ડ' પર દરરોજ નિયમિત સુવાક્યો લખાતાં ગયાં, જેના પરિણામે **"ધર્મઝરણાં"** પુસ્તિકા બહાર પડી. ત્યારબાદ ગદ્યમાં પ્રાર્થના સ્વરૂપે **"મનમાળાના મણકા"** ગુંથવાની પ્રેરણા મળતાં એ લેખનકાર્ય પૂર્ણ કર્યું. આ રીતે જે લેખનકાર્ય મારા હાથે થઈ શક્યું છે, તેમાં ગુરુપ્રેરણાએ જ બળ આપ્યું છે.

મારું જીવન નથી કોઈ વિશેષતાભર્યું કે નથી કોઈ વિશિષ્ટ પ્રકારની આરાધનામય! વીતરાગનું શાસન પ્રાપ્ત થયું, ઘેઘુર વડલાની છાયા સમાન પ્રેરણામૂર્તિ, વાત્સલ્યમૂર્તિ ગુરુણી મળ્યા. એ દેવગુરુના ચરણે જીવન વિતાવવામાં સહાયભૂત બનનાર સરલ અને શાંત એવા માતાપિતા મળ્યા. એ પણ મહાન પુણ્યની નિશાની છે. ભવાંતરમાં પણ જ્યાં સુધી જન્મ લેવા પડે. ત્યાં સુધી આત્મિક ગુણોને ઉત્તરોત્તર

એટલે જીવાબાઈને દીક્ષાના વિચારો આવતા, પણ તે પ્રગટ કરી શક્યા નહિ.

ચૌદ વર્ષની વયે નાગલપુરની નજીક રાયણ ગામે રામજીભાઈ સંગુ સાથે તેમનાં લગ્ન થયાં, પરંતુ માત્ર સવા વર્ષમાં જ સંસારસુખ નષ્ટ થયું. તેમના પતિ સ્વર્ગવાસ પામ્યા. આ કારમો આઘાત જીરવવા માટે જીવાબાઈએ ધર્મમાં મન પરોવ્યું અને સત્તર વર્ષની વયે સં. ૧૯૭૪ના વૈશાખ વદિ ૫ના રોજ પાર્શ્વચંદ્રગચ્છના અગ્રેશ્વર પૂ. મુનિરાજશ્રી પુનમચંદ્રજી મહારાજના વરદ હસ્તે અમદાવાદમાં દીક્ષા ગ્રહણ કરી પૂ. ગુરુણીશ્રી લાભશ્રીજી મહારાજના શિષ્યા બન્યા. તે સમયે તેમનું ખાંતિશ્રીજી એવું નૂતન નામકરણ કરવામાં આવ્યું.

પૂ. ખાંતિશ્રીજી મહારાજ હવે વિદ્યાભ્યાસમાં એકચિત્ત બની સંયમને શોભાવવા લાગ્યા. અનુક્રમે તેમની બુદ્ધિનો સુંદર વિકાસ થયો અને જ્ઞાનસમૃદ્ધ બન્યા. પછી તો વ્યાખ્યાન આપવા લાગ્યા અને પ્રસિદ્ધ વક્ત્રી બન્યાં. તે પછી ક્રાંતિકારી લેખિકા બની પુસ્તકો પણ લખ્યાં. તેમાં નારીજીવન અને સાધ્વીજીવનને સજીવન કરવા ઘણું ઘણું લખ્યું. આચાર્યો, ઉપાધ્યાયો અને મુનિરાજોને પ્રશ્ન પૂછી જ્ઞાન મેળવતાં અને સાધ્વીજીઓ જ્ઞાન મેળવી વ્યાખ્યાન આપે એ માટે ટકોર કરતાં અચકાતા નહિ. તેઓશ્રીએ ચાર શિષ્યાઓ કરેલ. હાલમાં તેમના બે શિષ્યાઓ પરમવિદુષી સુનંદાશ્રીજી

મહારાજ તથા ૐકારશ્રીજી વિદ્યમાન છે. પૂ. સુનંદાશ્રીજી મહારાજને આઠ શિષ્યાઓ અને પાંચ પ્રશિષ્યાઓ છે. પૂ. ૐકારશ્રીજીને ૩ શિષ્યાઓ છે. પૂ. ખાંતિશ્રીજી મહારાજશ્રીને ધાંગધ્રા શહેરમાં પૂ. બાલચંદ્રજી મહારાજના વરદ હસ્તે શ્રી સંઘ સમક્ષ સંવત્ ૨૦૧૧ના મહા શુદિ ૧૦ના દિવસે પ્રવર્તિની પદ અર્પણ કરેલ છે. હાલ તેઓશ્રી કચ્છમાં વિચરી રહ્યા છે.

સાધ્વી સુનંદાશ્રી



ॐ नमः।

# પૂનાનું યશસ્વી ચાતુર્માસ

ભારતભૂમિની પવિત્રતા એટલે જ અંકાય છે કે તેમાં સર્વત્યાગી સાધુજનો અને મહાસતીની પરંપરાને શોભાવનાર પરમ પવિત્ર પૂ. સાધ્વીજી મહારાજો મહાવીર ધર્મનો ઝંડો ફરકાવતા અવનીતલને શોભાવી રહ્યા છે. એમનું જ્ઞાનમય, ત્યાગમય, તપોમય અને વૈરાગ્યમય જીવન દરેકના અંતરમાં ઊંડી છાપ પાડી જાય છે. મધ્યસ્થ વૃત્તિ આત્માઓ સાધુ અને સાધ્વીજી બંનેને જૈનશાસનના આધારસ્તંભ માને છે.

પાર્શ્વચંદ્રગચ્છીયા જ્ઞાનમહોદયા પૂ. પ્રવર્તિની **શ્રી ખાંતિશ્રીજી મહારાજ** તથા તેમના પટ્ટધરા શિષ્યા પરમવિદુષી પ્રખર વક્તા બા. બ્ર. પૂ. **શ્રી સુનંદાશ્રીજી મહારાજ** પોતાના દીર્ઘ પરિવારથી પરિવૃત્ત બની આજે વર્ષોથી શાસનસેવા બજાવતા ધર્મોદ્યોતક તરીકે વિચરી રહ્યા છે. એમનું સુદીર્ઘ સંયમી જીવન અનેક ધર્મપ્રભાવક કાર્યોથી મઘમઘી રહેલું છે. અહર્નિશ માત્ર ધર્મપ્રભાવનાના

મનોરથોને સેવતાં પરમવિદુષી પૂ. શ્રી સુનંદાશ્રીજી મહારાજ, વસંતપ્રભાશ્રી "સુતેજ" આદિ શિષ્યા–પ્રશિષ્યાના પરિવાર સહિત સં. ૨૦૨૩ની સાલમાં ભાવિકોના ભાવભર્યા સ્વાગત સાથે મુંબઈ પધાર્યા. તેઓશ્રીનું પ્રથમ ચાતુર્માસ "પાર્શ્વચંદ્ર-સૂરિગચ્છસંઘ" મુંબઈની વિનંતિથી મસ્જીદબંદર–પાલાગલી–મહાજનવાડીમાં થયું. ચોવીસની સાલનું બીજું ચાતુર્માસ "કચ્છી જૈનસંઘ–માટુંગા"ની વિનંતિથી માટુંગા શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુના દહેરાસરના ઉપાશ્રયમાં થયું.

આ બંને ચાતુર્માસો ધર્મની જાહોજલાલીપૂર્વક પસાર થયાં અને મુંબઈ શહેરમાં તેમજ પરાઓમાં પણ ધર્મ-પ્રભાવનાની અનેરી છાપ પાડી ગયાં. મુંબઈનાં આંગણે આવા પ્રખર વક્તા પૂ. સાધ્વીજી મહારાજના વ્યાખ્યાનોનો લાભ મેળવવો એ ધર્મરાગી આત્માઓ માટે સોનેરી અવસર બની ગયો. ધર્મરસ નીતરતી વાણીથી આકર્ષિત બનેલા અનેક લોકો ધર્મસન્મુખ બન્યા. આમ મુંબઈનાં આંગણે બે ચાતુર્માસો ભવ્ય અને યાદગાર બની ગયાં.

માટુંગાના ચાતુર્માસ પછી પૂ. મહારાજશ્રી પાયધુની પધાર્યા. ત્યાં એક મહિનાની સ્થિરતા દરમિયાન તેઓશ્રીને મહારાષ્ટ્રનાં વધુ ક્ષેત્રો સ્પર્શવાની ભાવના થતાં પૂના તરફ જવા માટે વિહાર કરી ઘાટકોપર પધાર્યા. પોષ સુદિ આઠમના ઘાટકોપરથી વિહાર કરી ભાંડુપ. થાણા થઈ અનુક્રમે પનવેલ પધાર્યા. અને ત્યાંથી તેરસના બારસઈ પધાર્યા કે જ્યાં જૈનોનું

એકેય ઘર નથી. મુંબઈથી પાર્શ્વચંદ્રગચ્છના આગેવાન શેઠ શ્રી સુંદરલાલભાઈ દલપતભાઈ ઝવેરી અને દેવશીભાઈ સુંદરજી લોદરીયા મોરબીવાળા સહકુટુંબ પૂ. મહારાજશ્રીને વંદન કરવા આવ્યા. અહીં શ્રી સુંદરલાલભાઈએ એક અતિ દુઃખદ સમાચાર વિદિત કર્યા કે આપણા ગુરુદેવ પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. સા. બિકાનેર મુકામે પોષ સુદિ ૧૦ની રાતે દશ વાગે અચાનક હાર્ટફેઈલથી કાળધર્મ પામ્યા છે. આવા દુઃખભર્યા સમાચાર સાંભળતાં જ પૂ. મહારાજશ્રીને ભારે આઘાત થયો. આંખમાંથી અશ્રુપ્રવાહ સરી પડ્યો. કુદરત કેવા કપરા સંયોગ સરજે છે ને!

કિહાં જનમ્યા કિહાં ઉછર્યા, કિહાં તનુ લડાવ્યા લાડ!
કોણુ જાણે કઈ ખાડમાં, જઈ પડશે આ હાડ!

મહાપુરુષોનાં આ વાક્યો યથાર્થ છે. દુઃખાતે દિલે દેવવંદન કર્યાં. બનવા કાળ હોય તે બન્યા જ કરે છે, એવી વિચારણા કરતાં અનિત્યભાવના ભાવતાં દિવસ ગમગીનીભર્યો પસાર થયો.

બીજા દિવસે ત્યાંથી વિહાર કરી અનુક્રમે લોનાવલા પધાર્યાં. ત્યાં પૂજ્યશ્રીના સંસારી ભાઈ છોટાલાલ બી. શાહે ગુરુભક્તિનો સુંદર લાભ લીધો. ત્યાં ત્રણ દિવસની સ્થિરતામાં વ્યાખ્યાનો આપતાં લોકો પ્રભાવિત બન્યા. આ રીતે સાધ્વીજી મહારાજ પાટ પર બેસી વ્યાખ્યાન આપવાનો દાખલો પહેલોજ હોવાથી દરેકને નવાઈ લાગી. ત્યાં સ્થિરતા માટે

શ્રાવકોએ ખૂબ જ આગ્રહ કર્યો, પણ તેઓશ્રીને આજ વરસમાં મુંબઈ પાછા ફરવાની ભાવના હોવાથી ત્યાંથી ત્વરિત વિહાર કરી કાસસેટ પધાર્યા. ત્યાંના સંઘપર અગાઉથી પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ. સા.નો પત્ર હોવાથી સંઘમાં આનંદ ફેલાયો, પણ જ્યારે પૂ. મહારાજશ્રીના મુખેથી પૂ. ગુરુદેવના અચાનક કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળ્યા, ત્યારે એ પૂર્વપરિચિત શ્રાવકસમુદાયને ભારે આઘાત લાગ્યો. દરેકે દુઃખભરી લાગણી વ્યક્ત કરી અને પૂ. ગુરુદેવની સરલતાનાં ગુણગાન ગાયાં. ત્યાં બે દિવસ લાભ આપી સંઘના આગ્રહને અનુકૂળ જવાબ આપી આગળ વિહાર કર્યો.

અનુક્રમે પૂના શહેરના પ્રવેશદ્વાર સમા ખડકી ગામમાં પધાર્યા. ત્યાં પૂના શહેરમાં રહેતા અને પૂ. મહારાજશ્રી પ્રત્યે અંતરંગ ભક્તિ ધરાવતા શ્રાવક કેશવજીભાઈ વીરજી અને ભક્તિવંતા શ્રાવિકા શ્રીમતી સુંદરબેન કેશવજી કચ્છ મોટી ખાખરવાળા વંદન કરવા આવ્યા. તેમના સુપુત્ર બચુભાઈ તો લોનાવલાથી માંડી દરરોજ દરેક ગામોમાં પૂજ્યશ્રીના ખબર પૂછવા આવતા. પૂ. મહારાજશ્રીના કચ્છ–મોટીખાખરનાં ચાતુર્માસ દરમિયાન તેઓશ્રીની વાણીથી પ્રતિબોધિત થયેલા હોવાથી ધર્મપ્રેમ અને ગુરુભક્તિ તેમની રગેરગમાં વ્યાપ્ત બનેલી હતી. પૂ. મહારાજશ્રીના પરિચયથી આખું કુટુંબ ધર્મરાગી બન્યું હતું. પોતાના માન્યવર ગુરુદેવ પૂનાના આંગણે પધારતા હોવાથી આજે એમનો હર્ષ સમાતો ન હતો.

પૂના શહેરમાં પ્રવેશ કરવા માટે પો. વ. ૧૩ નો દિવસ નક્કી કરવામાં આવ્યો હતો અને તે અંગે પત્રિકા છપાવી જાહેર આમંત્રણ અપાયું હતું. શિવાજીનગરથી નિર્ધારિત દિવસે પૂ. મહારાજશ્રીએ બેન્ડવાજાં સહિત ભારે દબદબા-ભર્યા સ્વાગત સાથે પૂના શહેરમાં પહેલી જ વાર પ્રવેશ કર્યો. પ્રવેશના દિવસે શાહ ચુનીલાલ પ્રેમજી સહકુટુંબ મુંબઈથી ખાસ આવ્યા હતા.

રસ્તામાં અનેક ગહુંલીઓથી અને મંગલ ગીતોથી વધાવાતા પૂ. મહારાજશ્રીની સ્વાગતયાત્રા સકલ સંઘ સાથે મુખ્ય રસ્તાઓ પર ફરી સંઘના દહેરાસરે ઉતરતાં પ્રભુજીનાં દર્શન કરી દહેરાસરના વિશાળ ચોકમાં પૂ. મહારાજશ્રીએ મંગલ દેશના આપી. આ રીતે પૂના શહેરના આંગણે એક સાધ્વીજી મહારાજનું બેન્ડવાજાંથી સામૈયું અને દહેરાસરના ચોકમાં જાહેર રીતે પાટ પર બેસી વ્યાખ્યાન આપવાનો પ્રસંગ પહેલી જ વાર ઉજવાયો. પૂના શહેરના ભાવિકો પૂજ્યશ્રીના વદનમાંથી વહેતા વીરવાણીના ધોધથી પ્લાવિત બન્યા. છેવટે ધર્મની પ્રભાવનાસૂચક પ્રભાવના લઈ સૌ વિખરાયા.

તે દિવસથી માંડી હરરોજ પૂ. મહારાજશ્રીનાં વેધક શૈલિભર્યાં બોધપ્રદ વ્યાખ્યાનો સાંભળવા લોકો ઉમંગભર્યા હૈયે આવવા લાગ્યા. એક સાધ્વીજી પણ પ્રખર વક્તા હોઈ શકે છે, અને સંકોચ વગર વ્યાખ્યાનો આપી શકે છે, એની પ્રતીતિ થઈ. ખરેખર જૈનશાસનની બલિહારી છે !

અનેક ઠેકાણેથી પૂ. મહારાજશ્રીને વ્યાખ્યાનો આપવા માટે વિનંતિઓ આવવા લાગી. દહેરાસરજીના ચોકમાં પૂરા વીશ દિવસ સુધી વ્યાખ્યાન–સરણી ચાલુ રહી. હજારોનાં હૈયાં પાવન થયાં. થોડા દિવસ પછી પૂ. વિદુષી વક્તા સાધ્વી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ ત્રણ ઠાણા પણ પૂના પધાર્યાં. બંને વિદુષી સાધ્વીજી મહારાજો સંયુક્ત રીતે પાટ પર બેસી સાથે વ્યાખ્યાનો આપવા લાગ્યાં. જાણે દૂધમાં સાકર ભળી. જેમ સોનું અને સુગંધ પરમ આદર પામે છે, તેમ બંને વક્તા સાધ્વીજી મહારાજ પૂના શહેરમાં પરમ આદરને પાત્ર બન્યા. ધર્મની સુંદર છાપ પડી. નિડરતાપૂર્વક અપાતાં વ્યાખ્યાનોથી અનેક આત્માઓ અચરજ પામ્યા. દરેકના દિલમાં વસી ગયું કે આ રીતે પૂ. શ્રી સાધ્વીજી મહારાજોને વ્યાખ્યાનો આપવાની છૂટ મળી જાય, તો સાધુ ભગવંતો જેટલું કામ કરી શકે. બલ્કે એથી પણ વધુ શાસનપ્રભાવનાનાં કાર્યો કરી શકે, કેમકે સતી સાધ્વીજીઓ એક માતૃસ્વરૂપમાં જગદંબા સમાન છે. એમની પાસે માતૃહૃદય છે. માતૃહૃદયમાંથી વહેતા વાત્સલ્યના ઝરાના આસ્વાદથી કોણ અજાણ છે? આજે દુનિયામાં માતૃહૃદય જેવી કોઈ વસ્તુ ન હોય તો દુનિયા કયે માર્ગે હોય એ ન કલ્પી શકાય એવી વાત છે. જગતમાં પવિત્રતા ફેલાવનાર જો કોઈ હોય તો માતૃહૃદય જ છે. એની કિંમત બુદ્ધિશાળી સજ્જનો જરૂર આંકી શકે છે. અસ્તુ!

પૂના–સદરમાં પણ વિનંતિપૂર્વક મસ્વાગત પધાર્યાં. ત્યાં પણ પાટ પર બેસી આઠ દિવસ સુધી વ્યાખ્યાનો

આવ્યાં. ત્યાં બંને સાધ્વીજી મહારાજોનાં સંયુક્ત જાહેર વ્યા-
ખ્યાનો થયાં. સોલાપુર બજારમાં પણ સંઘની વિનંતિથી પધાર્યાં.
ચાર દિવસ વ્યાખ્યાનો આપ્યાં. તે સમયે પૂ. મહારાજશ્રીની
વાણીથી પ્રભાવિત બનેલા શાહ ધનજી દેવશીના પુત્રવધૂ
સાકરબેન પ્રેમજી પોતે સ્થાનકવાસી હોવા છતાં તેમને પોતાની
જગમશહુર ડ્રીમલેન્ડ હોટેલમાં ધામધૂમથી પૂજા ભણાવવાની
ભાવના જાગૃત થઈ અને તેમણે પૂ. મહારાજશ્રીને પોતાની
ડ્રીમલેન્ડ હોટેલમાં પધારવાની ખાસ વિનંતિ કરી. એ વિનંતિનો
સ્વીકાર થતાં જાહેર પત્રિકા છપાવી સકલસંઘને પૂજામાં પધા-
રવાનું આમંત્રણ આપ્યું. ફાગણ સુદિ એકમના પૂ. મહારાજશ્રી
ભાવભર્યા સ્વાગત સાથે વાજતે ગાજતે ડ્રીમલેન્ડ હોટેલમાં
પધાર્યા. તે વખતે શ્રીમતી સાકરબહેને સોનાની ગીનીથી અને
તેમના સુપુત્રો સાગરભાઈ અને રમણીકભાઈ વગેરે ઘરની
તમામ વ્યક્તિઓએ ચાંદીના રૂપિયાથી જીંદગીમાં પહેલી જ
વાર ગુરુપૂજન કરી વાસક્ષેપ લીધો. તે દિવસે સાકરબેનના
નણંદ શ્રીમતી ઝવેરબહેન પોપટલાલ પૂ. મહારાજશ્રીને વંદન
કરવા માટે તથા પૂજામાં ભાગ લેવા માટે મુંબઇથી ખાસ
આવ્યા હતા.

પૂ. મહારાજશ્રીની નિશ્રામાં ડ્રીમલેન્ડ હોટેલમાં પહેલી જ
વાર ભારે ઉત્સાહથી પ્રભુજીને પધરાવીને શ્રી પાર્શ્વનાથ પં-
કલ્યાણક પૂજા, ધામધૂમથી પૂના શહેરના શ્રી વીર વનિતા
મંડળે ભણાવી હતી. સકલ સંઘને પૂજામાં આવવા માટે
આમંત્રણ હોવાથી લોકો કીડીયારાની માફક ઉભરાયા હતા.

નાના મોટા દરેક માટે હોટેલના માલીક શ્રી સાકરબહેન તરફથી ચા–નાસ્તાની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી. ભોગ-ભૂમિ હોટેલ જાણે આજે તીર્થભૂમિ બની ગઈ હતી! પૂજા બાદ તેમના તરફથી શ્રીફળની અને મુંબઈથી વંદનાર્થે આવેલ શ્રી સુંદરલાલભાઈ ઝવેરી, શ્રી હંસરાજભાઈ ગંગર. તેમજ ગાંગજીભાઈ તરફથી સાટાની એમ બે પ્રભાવના થઈ હતી. પૂ. મહારાજશ્રીના પુનિત પગલે ટ્રીસેલેન્ડ હોટેલ પાવન બની ગઈ. આનંદમંગળ વરતાઈ ગયો. સાકરબહેન તથા તેમના કુટુંબીઓએ પ્રભુભક્તિ, ગુરુભક્તિ અને સંઘભક્તિનો સુંદર લાભ લઈ કૃતાર્થતા અનુભવી.

ફાગણ સુદિ ૩ ના પૂ. મહારાજશ્રીની પાંત્રીસમી દીક્ષા તિથિ હોવાથી તે દિવસે તેઓશ્રીની જન્મભૂમિ (ઉત્તર ગુજરાત) ઉનાવાના વતની અને પૂનામાં રહેતા ભાવિક ભાઈઓના તરફથી પૂજા ભણાવવાની ભાવના થતાં બાદ ઉમંગથી શ્રી સંઘના મોટા દેરાસરે પાર્શ્વપંચકલ્યાણ પૂજા વીરવિજયજીના રાગે ભણાવી. પૂજાના અંતે લાડુની પ્રભાવના થઈ હતી. તેમ જ પ્રભુજીને હીરાની ભવ્ય આંગી રચાવવામાં આવી હતી. આમાં સુંદર ધર્મકાર્યો એક પછી એક થતાં ઠેર ઠેર પૂ. મહારાજશ્રીનાં ગુણગાન ગવાતાં હતાં. દરેકને એમ લાગતું કે આવા પ્રભાવક પૂ. મહારાજશ્રીના ચાતુર્માસનો લાભ સતત [illegible] તો અનેકગણી ધર્મપ્રભાવના થાય.

પૂના શહેરમાં ઉત્તર ગુજરાતના ભાઈઓની તથા [illegible]

લગભગ ૧૦૦ ઘર છે અને "કચ્છી જૈન સમાજ"ના પણ લગભગ સોએક ઘરો છે. એ બધાને ભાવના જાગી કે પૂ. મહારાજશ્રીનું આવતું ચાતુર્માસ પૂના શહેરમાં જ થવું જોઈએ. તે માટે દરેકે વિનંતિ પણ કરેલ, પરંતુ મહારાજશ્રીને મુંબઈ પાછા ફરવાની ભાવના હોવાથી 'ના' જ પાડતા હતાં. કિંતુ એ બંને સંઘોની અતૂટ ભાવભરી વિનંતિ પાસે પૂ. મહારાજશ્રીને પણ નમતું આપવું પડ્યું.

મુંબઈ પાછા ફરવાના લક્ષથી વિહાર કરી યેરવડા પધાર્યા, ત્યાં "કચ્છી જૈન સમાજ" ના આગેવાન ભાઈઓ શ્રી બચુભાઈ કેશવજી, રામજીભાઈ દેવજીભાઈ તથા ડ્રીસલેન્ડ હોટેલવાળા શ્રીમતી સાકરબેન વગેરે ભાઈ-બહેનો તેમ જ "ઉત્તર ગુજરાત સંઘ"ના આગેવાન ભાઈઓ શ્રી અમૃતલાલભાઈ, ધૂળાલાલભાઈ, નટવરભાઈ, તારાબેન જેસંગલાલ વગેરે ભાઈબહેનો તથા ગુરુવાર પેઠમાં નાજુભાઈ ઉપાશ્રયના કાર્યકર્તા સુશ્રાવિકા બબલીબહેન ખાસ પોતાના જ ઉપાશ્રયમાં ચાતુર્માસ કરાવવા માટે વિનંતિ કરવા આવ્યા.

આ ચાતુર્માસનો લાભ ગમે તેમ કરીને અમને જ આપો એવી જોરદાર વિનંતિ કરી. પૂ. મહારાજશ્રીએ પણ ભાવિકોનો અતૂલ ભાવ જોઈ વિનંતિનો સ્વીકાર કર્યો. આવનાર ભાઈબહેનોએ એકદમ ઉલ્લાસમાં આવી જઈ ચાતુર્માસની જય બોલાવી. પૂ. મુનિરાજશ્રી વિદ્યાચંદ્રજી મ. સા. અને પૂ. શ્રી રામચંદ્રજી મ. સા. પાસેથી પૂના ચાતુર્માસ માટે આજ્ઞા મંગાવી

પૂનામાં ચાતુર્માસ કરવાનું ઠરાવી દીધું. ત્યાંથી સાચપ્રસ પધાર્યા. ત્રણ દિવસ વ્યાખ્યાનો આપ્યાં. શ્રી ચંપકલાલ લીલાચંદભાઈએ પોતાને ઘેર પ્રભુજી પધરાવી, આમંત્રણથી સગાંવહાલાંઓને બોલાવી, ધામધૂમથી પૂજા ભણાવી. આમ પૂ. મહારાજશ્રીનાં પૂનિત પગલે જ્ઞાનભક્તિનાં ઝરણાં વહેવા લાગ્યાં. બુધવાર પેઠમાં પણ પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો થયાં. વ્યાખ્યાનમાં એક ગૃહસ્થે સજોડે ચતુર્થ વ્રત વિધિપૂર્વક ઉચ્ચર્યું. બપોરે બારવ્રતની પૂજા પ્રભુમંદિરે શ્રી વીરવનિતા મંડળે ભણાવી. પતાસાની પ્રભાવના થઈ. ચાતુર્માસ પૂનામાં નિશ્ચિત થતાં મુંબઈ પાછા ફરવાની ભાવના સ્થગિત બની ગઈ.

જુન્નર તરફ વિચરવાની ભાવનાએ ત્યાંથી વિહાર કરી કસારવાડી થઈ ચાકણ પધાર્યા. ત્યાં ફાગણ ચૌમાસીની આરાધના કરાવી. ફા. સુ. પૂનમના નવ્વાણું પ્રકારી પૂજા શ્રી અમૃત બહેન તરફથી ભણાવાયેલ. ત્યાં પણ તેઓશ્રીનાં વ્યાખ્યાનોથી સ્થાનકવાસી તથા મૂર્તિપૂજક બહેનોમાં સારી જાગૃતિ આવી.

ત્યાંથી ઘોડ થઈ મંચર પધારતાં વ્યાખ્યાનો આપ્યાં. તે વખતે ભીનોલીમાં રહેતા તેમના સંસારી કોઈ ચંપાબહેનના સુપુત્ર શ્રી નરોત્તમદાસભાઈ બાબુભાઈ અને બાબુભાઈએ પૂ. મહારાજશ્રીને પોતાના ગામ ભીનોલીમાં પધારવાનો ખૂબ જ આગ્રહ કર્યો. અને શુભ દિવસે બાજાબાજાં સ્વાગત સાથે સામૈયા પૂર્વક પૂ. મહારાજશ્રીને તેડી ગયા. ત્યાં તેમના ઘર ૪ ઘર હોવા છતાં તેમના ભાવભક્તિ જોઈ પૂ. મહારાજશ્રીએ ચાર

વ્યાખ્યાન આપતા હોવાથી પૂ. મહારાજશ્રીએ દીર્ઘદૃષ્ટિ વાપરી વ્યાખ્યાનનો સમય બપોરના અઢીથી સાડાત્રણનો મુકરર કર્યો હતો અને તે બહેનો તથા ભાઈઓને અનુકૂલ આવી ગયો હતો. સુનંદાવાણીનું પાન જીવનનો એક અણમોલ લહાવો હતો, એટલે ઘણા ભાઈ-બહેનો દૂર દૂરથી પણ ગરમીની દરકાર કર્યા વિના ત્યાં નિયમિત આવતા હતા અને અમૃત-રસભરી વાણીનું પાન કરીને કૃતાર્થતા અનુભવતા હતા.

આ અમૃતરસભરી વાણી સાંભળતાં ચાતુર્માસની શરૂ-આતમાં જ ખુશાલી નિમિત્તે દરેકને ઓચ્છવ કરવાની ભાવના થઈ અને પંચાહ્નિકા-મહોત્સવ કરવાનો નિર્ણય થયો. અષાઢ સુદિ આઠમથી તેનો પ્રારંભ થયો. નાજુબાઈ ઉપાશ્રયમાં પ્રભુજીને પધરાવવામાં આવ્યા અને પાંચેય દિવસ ભારે ઠાઠથી સંગીતકારોએ તથા શ્રી વીર વનિતામંડળે પૂજા તથા ભાવનામાં ભક્તિરસની ભારે જમાવટ કરી. આ ઓચ્છવમાં ભાગ લેવા માટે એટલી મેદની જામતી કે ત્યાં પગ મૂકવાની પણ જગ્યા નં રહેતી. આ ઓચ્છવનો લાભ "કચ્છી જૈન સમાજ" અને ઉનાવાવાસી ભાઈબહેનોએ લીધો હતો.

નોંધપાત્ર વસ્તુ તો એ હતી કે અહીં જે ક્રિયાકાંડો થતા, તે ગચ્છના કોઈ પણ જાતના ભેદભાવ વગર થતા અને પૂજ્ય મહારાજશ્રી પોતે જેને જે ક્રિયા કરવી હોય, તે પૂર્ણ પ્રેમથી કરાવતા. તેમની શિષ્યા-પ્રશિષ્યાઓ પણ એ જ રીતે વર્તતી. દરેકને અનુરૂપ બનીને રહેવાનું શિક્ષણ પૂ. મહારાજ-શ્રીએ તેમને બહુ સારી રીતે આપ્યું હતું.

અષાડી ચોમાસીની આરાધના વ્રત-તપ સ્વસમુદાયમાં પણ તપસ્યા, જ્ઞાનાભ્યાસ દરેકને ચાલતાં હોઈ, તે માટે પણ ઉચિત વ્યવસ્થા કરવામાં આવી.

આ રીતે ચાતુર્માસની યશસ્વી શરૂઆત થતાં સહુનાં હૈયાં અનેરા આનંદથી ઉભરાવા લાગ્યાં અને 'જેની શરૂઆત સારી તેનો છેડો પણ સારો' એ ઉક્તિ ચરિતાર્થ થઈ.

અષાડ વદિ સાતમથી 'સાત સૌખ્ય આઠમોક્ષ'ની તપસ્યા પોષધ-શરૂ થતાં તેમાં ૧૨૫ ની સંખ્યા જોડાઈ. પ્રભાવનાઓ ઘણી થઈ. પારણાંનો લાભ કચ્છી જૈન સમાજે લીધો.

તે પછી ખીરનાં એકાસણાં અરિહંતપદના જાપપૂર્વક કરાવતાં ૫૫૦ જેટલી સંખ્યા જોડાઈ. તેનો લાભ ધર્મપ્રેમી શ્રી એસ. પી. સાવલાએ લીધો.

શ્રાવણ સુદિ બીજથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના જાપપૂર્વક અઠ્ઠમની તપસ્યા થઈ. તેનો લાભ ૮૦ વ્યક્તિઓએ લીધો. પારણાં શ્રી સંઘ તરફથી થયાં. અઠ્ઠમ પ્રસંગે રૂ. [illegible] પ્રભાવનાઓ આપવામાં આવી. જે પૂ. મહારાજશ્રીની દિવ્ય વાણીથી કેટલી જાગૃતિ આવી હતી, તેની પ્રતીતિ કરાવે છે.

શ્રાવણ સુદિ પંચમીને દિવસે પૂ. મહારાજશ્રીના શિષ્ય [illegible] [illegible] શ્રી કુંદકુંદવિજયજીને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તપ કરવાની [illegible] [illegible] [illegible] પૂ. મહારાજશ્રીએ અનુમતિ આપી [illegible] [illegible] કુંદકુંદવિજયજીએ

જેશંગભાઈ મોહનલાલે સંઘની સાકરના પાણીથી ભક્તિ કરી હતી.

ભા૦ સુદિ અગિયારસના રોજ મુંબઈ નાયગામ -દાદર થી પાર્શ્વચંદ્ર ગચ્છનો લગભગ બસો ભાઈ-બહેનોનો સંઘ વંદનાર્થે આવ્યો હતો. તેમની ભક્તિનો લાભ સાકર બહેન પ્રેમજી દ્રીસલેન્ડવાળાએ લીધો હતો.

ડોંબીવલી, નાલાસોપારા વગેરે બીજા ગામોના સંઘો પણ પૂ. મહારાજશ્રીને વંદન કરવા આવ્યા હતા. દરેક સંઘનું સ્વાગત કચ્છી જૈન સમાજે સરસ કર્યું હતું. મુંબઈ પાર્શ્વચંદ્ર ગચ્છ સંઘ તરફથી પૂજાનાં ઉપકરણો દહેરાસરમાં મૂકવામાં આવ્યાં હતાં. તેમ જ પ્રભાવનાની લાણી કરી હતી.

સાધ્વી કુંજલતાશ્રીના માસક્ષમણ નિમિત્તે તથા સાધ્વી રાજયશાશ્રીજીની પ્રથમ અઠ્ઠાઈ નિમિત્તે કચ્છી જૈન સમાજ તથા ઉનાવાળા ભાઈઓએ સિદ્ધચક્રપૂજનસહિત અઠ્ઠાઈ મહોત્સવનું આયોજન ભાદરવા વદિ પાંચમથી કર્યું હતું. તે અંગે સોનારની વાડીમાં પ્રભુજીની મૂર્તિ પધરાવવામાં આવી હતી અને ત્યાં ભક્તિની રમઝટ જામી હતી. પ્રથમના ત્રણ દિવસ શ્રીવીરવનિતામંડળે, તેમજ અન્ય સંગીતકારોએ પૂજા અને ભાવનામાં રંગ જમાવ્યો હતો. બાકીના પાંચ દિવસ માટે સંગીતકાર શ્રી મનુભાઈ પાટણવાળા મુંબઈથી આવતાં પૂજા તથા ભાવનામાં ભક્તિની અનેરી ઝલક આવી હતી.

ભા. વદિ નોમના શ્રીસિદ્ધચક્રપૂજન ભણાવવાનો લાભ

સાકર બહેન પ્રેમજી તથા તેમના સુપુત્રો સાગરભાઈ તથા રમણીક તરફથી લેવાયો હતો. પૂજનવિધિ ડભોઈવાળા શ્રી હીરાલાલ-ભાઈએ કરાવ્યો હતો. પૂજનના અંતે લાડુની પ્રભાવના થઈ હતી. અનાથાશ્રમમાં પણ લાડુ વહેંચવામાં આવ્યા હતા.

આ આખાયે મહોત્સવ દરમિયાન લોકોની હાજરી ચિક્કાર રહેતી. મહોત્સવને સફળ બનાવવા માટે શ્રી બચુભાઈ કેશવજી અને શ્રી ધુળાલાલભાઈએ ખૂબજ જહેમત ઉઠાવી હતી, તેમજ આખા ચાતુર્માસ દરમિયાન પણ તેમણે જાતિભોગ આપીને દરેક કાર્યને શોભાવ્યું હતું. આ પ્રસંગે દહેરાસરજીના મુનિમનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું. પૂજારીને સંઘ તરફથી સોનાની વીંટી આપવામાં આવી હતી.

પ્રભાવશાળી પ્રવચનો, વિપુલ તપશ્ચર્યાઓ અને ઠાઠભર્યા પૂજન-મહોત્સવો આદિથી પૂના શહેરમાં ધર્મનો ડંકો વાગી ગયો હતો, તેથી કચ્છી ભાઈઓનો હર્ષ સમાતો ન હતો. પર્યુષણ પછી પણ ચાતુર્માસના અંત સુધી વ્યાખ્યાનો ચાલુ રહ્યાં હતાં અને ભાવિકો પણ એ જ ઉમંગ અને ઉત્સાહથી તેનું શ્રવણ કરવા આવતા હતા.

ઓળીની આરાધના સુંદર થઈ. દીવાળી તપ-જપ પૂર્વક પસાર થઈ અને જ્ઞાનપંચમીની આરાધનાએ ધાર્મિક વર્ગમાં અનેરો ઉત્સાહ પ્રકટાવ્યો.

કા. સુદિ આઠમનો દિવસ પણ એવો જ મંગલકારી

નીવડયો. તે દિવસે નાણ મંડાવવા પૂર્વક ચતુર્થવ્રતનું ઉચ્ચારણ તથા ભવોભવના પુદ્દગલ વોસિરાવવાની ક્રિયા, તેમજ અન્ય વ્રત-નિયમો ધારણ કરવાનો વિધિ ઘણા ઉમળકાપૂર્વક થયો.

એમ કરતાં ચાતુર્માસની પૂર્ણાહુતિ નજીક આવી. એટલે ભાવિકો તરફથી ચાતુર્માસપરિવર્તન પોતાને ત્યાં કરવાની વિનંતિઓ થવા લાગી, પરંતુ તેમાં શ્રી બચુભાઇ કેશવજી અલંકાર સ્ટોરવાળાની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર થયો. પુણ્યરેખા પ્રબળ હોય તેમને જ આવા લાભો પ્રાપ્ત થાય છે, એમ કહીએ તો અનુચિત નથી.

આ ચાતુર્માસ એકંદર ખૂબ યશસ્વી નીવડયું અને પૂનાવાસીઓના દિલમાં કાયમને માટે સોનેરી સંભારણાં મૂકતું ગયું.

કાર્તિક વદિ ૧ ના દિવસે પૂ. મહારાજશ્રીએ પોતાની શિષ્યા-પ્રશિષ્યાઓ તથા શ્રી સંઘ સાથે વિહાર કર્યો, ત્યારે અનુપમ દૃશ્ય સર્જાયું હતું. વાજિંત્રો મંગલ સૂર કાઢી રહ્યાં હતાં અને સ્ત્રી-પુરુષનાં હૈયાંમાંથી આનંદની અપૂર્વ ધારા વહી રહી હતી, તેમજ ઠેર ઠેર ગહુંલીઓ રચાઈ રહી હતી. વચ્ચે શ્રી બબલી બહેનને ત્યાં પગલાં કરતાં, તેમણે ગુરુપૂજન કરી કામળી વહોરાવવાનો લાભ લીધો હતો અને પ્રભાવના કરી હતી. રસ્તામાં પ્રેક્ષકોનાં જૂથ જમા થતાં હતાં, તેમના અંતરપટ પર આ અનુપમયાત્રાનું ચિત્ર અનેરી છટાથી અંકિત થઈ જતું હતું. આવા પ્રસંગોએ જ કેટલાક હળુકર્મી

જીવોને સમ્યકત્વનો સ્પર્શ થઈ જાય છે, એ કોણ નથી જાણતું ?

અનુક્રમે પૂ. મહારાજશ્રી આદિ નારાયણ પેઠમાં શ્રી અચુભાઈ કેશવજી વીરજીના નિવાસસ્થાને પધારતાં પરમ ભક્તિવંતા અને અનન્ય ગુરુગુણરાગી શ્રાવિકા સુંદર બહેને પૂ. મહારાજશ્રીનું પૂજન કરી તેમને અપૂર્વ ભાવોથી વધાવ્યા અને સંઘનું પણ ઉમળકાભેર સ્વાગત કર્યું. બાદ મહારાજશ્રીની મંગલ દેશના સાંભળતાં સહુનાં હૈયાં ભાવવિભોર બન્યાં. ત્યાં શ્રી સંઘની દૂધ–કોલ્ડ્રીંગથી ભક્તિ કરવામાં આવી. શ્રી કેશવજીભાઈ વીરજી મોટી ખાખરવાળાનું આખું કુટુંબ ધર્મપ્રેમી છે. તેની દરેક વ્યક્તિએ આ ચાતુર્માસ દરમિયાન સારો લાભ લીધો હતો. તેમના અતિ આગ્રહથી બે દિવસ તેમના ઘેર સ્થિરતા કરવામાં આવી. આ દિવસોમાં કેટલીક બહેનોએ ચંદનબાળાના અઠ્ઠમ કરેલ, તેનાં પારણાં કુંવરજીભાઈએ પોતાના ઘેર કરાવ્યાં હતાં.

ત્યાર પછી ભાવિકોની વિનંતિને માન આપી પૂ. મહારાજશ્રી સપરિવાર લશ્કર, ભવાની પેઠ, વાનવડી વગેરે સ્થળોએ પધાર્યા હતા અને ત્યાં સહુને વીર–વચનામૃતનું પાન કરાવ્યું હતું. ભવાનીપેઠમાં શ્રી ધરમશીભાઈએ સજોડે ચતુર્થ વ્રત પૂ. મહારાજશ્રી પાસે વિધિપૂર્વક ગ્રહણ કર્યું હતું. લાહુની પ્રભાવના થઈ હતી અને બપોરે ખૂબ ઠાઠથી બારવ્રતની પૂજા ભણાવવામાં આવી હતી.

૧૧ ના પૂ. મહારાજશ્રી પાસે દીક્ષા લેવાના હોઈ વૈશાખ સુદિ ૪ ના ભાયખલાથી વિહાર કરી અનુક્રમે ચેમ્બુર પધાર્યા. ત્યાં પાંચ દિવસના મહોત્સવપૂર્વક મોટીબેનની પૂ. મુનિપ્રવર શ્રી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબના વરદ હસ્તે દીક્ષા થઈ. તેમને પૂ. મહારાજશ્રીના શિષ્યા બા. બ્ર. સુરલતાશ્રીજી મહારાજના શિષ્યા તરીકે જાહેર કરી **સુયશાશ્રીજી** નામ સ્થાપન કર્યું.

જેઠ સુદિ ત્રીજના ત્યાંથી વિહાર કરી ઘાટકોપર સંઘાણી એસ્ટેટ, વીક્રોલી, ભાંડુપ, મુલુન્ડ અને થાણા સુધી વિચરી અષાડ સુદિ બીજના ચાતુર્માસ અર્થે ચેમ્બુર પધાર્યા. આ ચાતુર્માસ પણ ઘણું યશસ્વી નીવડ્યું.

ટૂંકમાં પૂ. મહારાજશ્રીના મહારાષ્ટ્રમાં પધારવાથી તેમના પરિચિત વર્તુલોમાં, તેમ જ અન્ય સ્થળોએ પણ ધર્મ તેજનાં અજવાળાં પથરાયાં અને અનેક આત્માઓ કૃતાર્થ થયા. સાધ્વી શક્તિ પણ કમતાકાત નથી, એનો અનુભવ સહુને થયો. પૂ. મહારાજશ્રી અને તેમના પરિવારના હાથે જિનશાસનની વધુને વધુ પ્રભાવના થાય, એવી અભિલાષાપૂર્વક આ લઘુ લેખ સમાપ્ત કરીએ છીએ.



બની મોક્ષમાં જઈ વિરાજ્યા. મને પણ આપ જેવા આપ્ત પુરુષની કેડીએ ચાલવાનું ખૂબ મન છે. પણ જબ્બર એવા મોહરાજા પાસે હું સાવ લાચાર બની ગયો છું ! આપ તારો તો તરી શકું. કોઈ **માર્ગ** બતલાવશો ? હૈયે સમાવશો ? આપના ચરણની રજ છું.



## મણકો બીજો... સહકાર

મારા સ્વામી !

આપના નામનો આટલો બધો પ્રભાવ શાથી પ્રસર્યો કે એ પવિત્ર નામનું સ્મરણ કરતાં કરતાં જ અનંત આત્માઓ સંસારી મટી સિદ્ધ બની ગયા ? એવું આપે કયું રસાયણ ખાધું કે આપ અજરામર બની ગયા અને એના પ્રભાવથી સમસ્ત ભવ્યલોક પણ અમરતાની કેડીએ ચડી ગયો ? આપ સ્વયંસિદ્ધ બની, અન્ય આત્માઓને પણ સિદ્ધ બનવાનો માર્ગ બતાવી, સાચા પથદર્શક બની રહ્યા છો. પ્રભો ! હું પણ આપના માર્ગનો પથિક બનવા ચાહું છું. મારા પથદર્શક બનશો ? અત્યારે મારી સ્થિતિ ઘણી કફોડી છે. આઠ કર્મના સકંજામાં પડી ભારે પાયમાલી ભોગવું છું. પરંતુ હવે એ પાપની શૃંખલા તોડી, આપના પવિત્ર સ્નેહ સાથે જીવન જોડી, આપના નામની સ્મરણમાળામાં લીન બનવું છે. જો

આપ મને થોડી શી સહાય કરશો તો જરૂર હું કર્મરાજાના કારમા કેદખાનામાંથી છૂટી શકીશ. મને આપ જેવા બળિયાનો સાથ-સહકાર જોઈએ છે. મારે આપના સહારે સિદ્ધ થવું છે. કૃપા કરો ભગવન્! આપની કૃપામાં મહાન શક્તિ સમાયેલી છે. એ શક્તિ મારાં સર્વે પાપોનો નાશ કરશે, સર્વે કર્મોનો કચ્ચરઘાણ વાળી નાખશે અને હું.......હું આપના સહકારે અવશ્ય સિદ્ધ બની શકીશ.

*

## મણકો ત્રીજો... 	વાત્સલ્ય

અંતર્યામી !

પાંચ મહાવ્રતો અને પંચાચાર પાળી સર્વવિરતિધર બની આપ જગત્પૂજ્ય બન્યા. આપની માફક જે આત્માઓ પાંચ મહાવ્રતો અને પંચાચાર પાળી સર્વ વિરતિધર બને, તે આત્માઓ આપની માફક જ જગત્પૂજનીય અને વંદનીય બને છે. જ્ઞાનસ્વરૂપે આપ ઘટઘટનું જાણો છો, મારા અંતર્યામી છો. મારા અંતરને આપ તપાસી જુઓ. એની અંદર કેટકેટલી વિટંબનાઓ ભરી છે! પાંચ મહાવ્રતો અને પંચાચાર પાળવાની અને આપના માર્ગે ચાલવાની ઈચ્છા હોવા છતાં પણ મારી કાયરતાએ મને સાવ કંગાળ બનાવી દીધો છે. શારીરિક અને માનસિક બળ ખોવાઈ ગયું છે. એ કાયરતાએ મને

અનેક રીતે પરેશાન કરી મૂક્યો છે. એને ખંખેરવાનો ઉપાય મને બતલાવશો ? નહીં બતાવો તો મારી કઈ દશા થશે ? મારા નાથ ! જેમ પિતા પોતાના પુત્રનો હિતસ્વી બની તેના ગુણદોષને જોયા વગર અપૂર્વ વાત્સલ્ય વરસાવે અને એના દરેક કાર્યમાં હિત જ રાખે, તેમ આપ પણ મને પુત્રવત્ માની મારા પર હિતવર્ધક વાત્સલ્ય વરસાવશો, તો હું પણ કૃતકૃત્ય બની જઈશ, મારામાં અપૂર્વ આત્મબળ પ્રગટશે અને કાયરતા આપોઆપ પલાયન થઈ જશે. આપ તો સાચા હિતચિંતક અને તારણહાર છો. મારી ઉપેક્ષા તો નહીં જ કરો ને ? પ્રભો ! મારા હૈયે વસો અને નિર્મળ વાત્સલ્ય વરસાવો.



## મણકો ચોથો... જ્ઞાન

સર્વજ્ઞ પ્રભો !

સંપૂર્ણ જ્ઞાન આપના આત્મપ્રદેશોમાં વ્યાપ્ત બન્યું છે. એ જ્ઞાનરૂપ દિવ્ય નયનથી આપ મને નિહાળી રહ્યા છો કે મારી અત્યારે કેવી કરુણાજનક સ્થિતિ છે ! અજ્ઞાનથી મારું ભેજું અવરાઈ ગયું છે ! બુદ્ધિ બુઠ્ઠી બની ગઈ છે ! એ અંધારે અટવાતો અટવાતો હું સંસારની બિહામણી ભૂમિ તરફ ખેંચાઈ ગયો છું. પ્રભો ! મારો કોઈ આરો–ઓવારો રહ્યો નથી.......એ અજ્ઞાનતાને વશ પડી અવિનયાદિ અનેક

કૃત્યો કરી હું બદનામ થયો છું, દુનિયાની નજરે હલકો પડી ગયો છું અને હવે એના આખરી અંજામરૂપ દુર્ગતિમાં ખેંચાઈ જવાનો ભય મને ખૂબ ખૂબ સતાવી રહ્યો છે !

મને આશ્વાસનરૂપ થોડી શી જ્ઞાનભિક્ષા આપો. તેનાથી હું જરૂર અજ્ઞાનને દૂર હડસેલી શકીશ. મને આપનો પ્રીતિ-ભાજન બનાવો, જ્ઞાનભોજન આપી સંતુષ્ટ કરો. પછી જુઓ કે હું આપના ભજનરસમાં કેટલો તરબોળ બનું છું! આપના જ્ઞાનનું એકમાત્ર કિરણ મારા અંતરને પ્રકાશિત કરવા માટે બસ છે. એ પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધારું વિલય પામી જશે અને હું સંયમની સોહામણી ભૂમિ પર મારું આસન જમાવી સર્વજ્ઞ થવાના પાઠો ભણી શકીશ.



## મણકો પાંચમો... સદ્‌ભાવ

સાધ્ય દેવ !

આપ એક વખત સાધક હતા, આજે આપ સૌના સાધ્ય બની ગયા, તેમાં પ્રતાપ કોનો? સાધુતાનો જ ને? આપ સાધુતાના સહારે સિદ્ધ બન્યા. એ સિદ્ધપણું પ્રાપ્ત કરવા આપે પ્રબળ પુરુષાર્થ આદર્યો હતો. કોટીગમ કષ્ટો સહન કરી આપ કષ્ટના સાધક બન્યા હતા. પ્રભો ! હું પણ

એ જ ઇષ્ટતાનો સાધક છુ, પણ મારો પુરુષાર્થ સાવ પાંગળો છે. ક્યાં આપ? ક્યાં હું? આપ મોક્ષનગરને આત્મબળથી સર કરનાર પ્રતાપી વીર! અને હું સંસારના ખાબોચિયામાં શાંતિ મેળવવા મથતો પામર જીવડો!

ભગવન્! હું મારા દિલની વાત જણાવું? મેં સાધુતાનો સ્વાંગ તો સજ્યો, પણ હૈયામાં દુનિયાનો કચરો જ ભરીને બેઠો છું. છતાં મને આપની સાધનાનો માર્ગ ગમ્યો છે, તેથી જ આપને વિનંતિ કરું છું કે મારામાં આપના જેવો સાધકભાવ પ્રગટાવો, આપના જેવું બળ આપો, જેથી મેં સ્વીકારેલી સાધુતા મને અમરફળ ચખાડે અને આપણી બંનેની વચ્ચે રહેલો સેવ્ય-સેવકભાવ સફળ બને. આપ મારા સેવ્ય છો, સાધ્ય છો. આપના **સદ્ભાવથી** જ હું મારા સેવક-પણાને અને સાધકપણાને સફળ કરી શકીશ.



## મણકો છઠ્ઠો... ક્ષમા

ક્ષમાશીલ ભગવન્!

આપે આપનું જીવન ક્ષમાધનથી ભરી દીધું. ક્ષમા-પ્રધાન જીવન જીવી ઝેરી જીવડાઓના ઝેરભરેલા ડંખ આપે સમતાથી સહ્યા. ક્ષમાના શીતલ નીર પીને આપ પરમ શીત-

હતા પામ્યા. આપની સાન્નિધ્યમાં વસનાર આત્માઓને **"વેરથી વેર શમે નહિ"** એ મહામંત્ર આપી ક્ષમાનાજ પાઠ ભણાવ્યા. આપે ક્રોધીઓના વચનબાણુ ધીરજથી સહ્યા, દુષ્ટોના મરણાંત ઉપસર્ગ પ્રસન્નતાથી સહ્યા, આપના હૈયામાં પ્રશાંત-ભાવ રમતો રહ્યો, વદન પર દિવ્ય હાસ્ય ફરકી રહ્યું અને આપનું અંતર કોઈ અનેરા આનંદમાં ઝુલતું રહ્યું !

જ્યારે મારું જીવન કષાયપ્રધાન છે. હૃદયમાં ક્રોધની જ્વાલાઓ ગમે ત્યારે સળગી ઉઠે છે, અને તે ઓલવી ઓલવાતી નથી. કોઈ કડવું વચન બોલ્યું કે કોઈએ અણછાજતું વર્તન કર્યું કે તરત ક્રોધનો અગ્નિ પ્રજ્વલવા લાગે છે.

ભગવન્ ! મારી સામે તો જુઓ ! હું કેટલો નિસ્તેજ અને નિરુત્સાહી બની બેઠો છું. **ક્ષમાના** અમૃતસિંચનથી મારું હૈયું પ્લાવિત બનાવો, સ્નેહાર્દ્ર બનાવો. એ ક્ષમારસના અમીકટોરા પી........પી........ને હું કોમળ દિલનો બનું.... સર્વનો શાંતિદાતા બનું !



## મણકો સાતમો... શાંતિ

શાંતિના હે અપૂર્વ સાગર !

આપનું દિલ હમેશાં સર્વ જીવો પ્રત્યે સમભાવ દાખવતું રહ્યું છે. આપના નયનમાંથી સદા અમીવૃષ્ટિ વરસતી રહી છે.

આપની વાણી સંસારતપ્ત આત્માઓનાં ત્રિવિધ દુઃખ શાંત કરવામાં પરમ ઔષધ સમાન છે. આપનું રૂપ તેજસ્વી છતાં નિર્વિકારી છે. સર્વથી અનોખું એવું આપનું દિવ્ય સ્વરૂપ મારા અંતરે વસી ગયું છે. પ્રતિ પ્રાતઃકાળે આપના સ્વરૂપમાં લીન થવાનો પ્રયત્ન કરું છું, મસ્ત બનવા મથું છું, પણ કોણ જાણે કેમ મારું મન સ્થિર રહી શકતું નથી. તે વાનરની જેમ આહીંથી તહીં કૂદ્યા જ કરે છે. આપની પ્રતિકૃતિનાં નિર્મળ નયનોમાં નયન મિલાવું છું, ત્યાં પણ તે આડું આવે છે અને બધો રંગ બગાડી નાખે છે.

શું કરું? મારું માનસિક ઘડતર બહુ ખોટું છે, એથી હું કોઈના પ્રત્યે પણ સમભાવ રાખી શકતો નથી. આ દુનિયામાં હું કોઈને પણ શાંતિ–સંતોષ આપી શક્યો નથી, તો મને શાંતિ–સંતોષ ક્યાંથી મળે? અને આપનાં દર્શન પણ મારા માટે શી રીતે શાંતિદાયક બને?

ભગવન! હું ચિર શાંતિનો ચાહક હોવા છતાં ઘડીભરની પણ શાંતિ પ્રાપ્ત કરી શક્યો નથી! જ્યારે આપ શાંતિના સાગરમાં જ ડૂબેલા છો. આપ આનંદના ધામ અને મારા મનના વિશ્રામ છો. મારા હૃદય–સિંહાસને એક વખત–ફક્ત એક વખત આવી બિરાજો, પછી મારા જેવો બડભાગી બીજો કોણ હોય? આપની અખંડ **શાંતિનો** વારસો મને મળવાનો જ મળવાનો!

❊

## મણકો આઠમો... સુનજર

ભાગ્યમણિ ભગવન્!

આપ સર્વ જીવો પ્રત્યે પ્રીતિભાવ રાખો છો, તો શું મારા પ્રત્યે આપને અણગમો હોઈ શકે? ના...ના...ક્દાપિ નહીં. છતાં હું આપની સુનજરથી વંચિત છું, એ સાચું છે. મેં શું આપને પરમાત્મા તરીકે માન્યા નથી? શું હું આપનાથી અપરિચિત છું? નહીં...નહીં...ભગવન્! મેં આપને મારા ભાગ્યમણિ માન્યા છે. શું હું આપની સુનજરને લાયક નથી? હું આપનો દાસ છું. મેં ચોર્યાસી લાખ જીવયોનિમાં ફરતાં ફરતાં અનેક ખરાબીઓ પસાર કરી. મહાસુશીબતે મનુષ્યજન્મ પામી આપના શાસનમાં સૈનિક તરીકે જોડાયો. હવે શું સ્વામીની ફરજ નથી કે પોતાના સેવકને ઊંચે ચડાવવો? જો શેઠ પોતાના વફાદાર નોકરની કદર ન કરે તો એ કેવા કહેવાય?

પ્રભો! હું આપનો અદનો અને નાનકડો પણ વફાદાર સૈનિક છું. આપના જેવા સમર્થ સ્વામીનું દાસત્વ પ્રાપ્ત થવા બદલ મેં મારી જાતને મહા ભાગ્યશાળી માની છે. શક્તિવંત સ્વામી પાસે કરાયેલી પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. મને સંસારના દુઃખથી મુક્ત થવા માટે શક્તિ આપો યા સહનશીલતા આપો. હું સુખશાંતિનો રસિયો હોવા છતાં કદી મેં એન દર્શન કર્યાં નથી. આપની કૃપાનજર—સૌમ્ય સુનજર

મારા તરફ થશે કે તરત જ મારાં બધાં પાપ પલાયન થઈ જશે....મારાં દિલનાં બધાં દર્દ દૂર ચાલ્યા જશે. હું આપની કૃપાથી પતિતપાવન બની જઈશ અને મારો ભાગ્યરૂપી સૂર્ય સોળે કળાએ ખીલી ઉઠશે.



## મણકો નવમો.... નમસ્કારભાવ

મનનીય વિભો !

માન, અભિમાન, સ્વમાન અને ગુમાન વગેરે અહંકારના આડતિયાઓને દેશવટો આપી આપ અતિનમ્ર બન્યા. આર્દ્રતાના મર્મ અને નમ્રતાના મહાન ભાવને હૃદયમાં સમજી જીવનમાં ઉતાર્યા. એના હાર્દ સમજી એ ગુણોને જીંદગીના તારેતાર સાથે ગુંથી દીધા! પરિણામે આપ સૌને નમનીય બન્યા.

સૌ પ્રભાતે ઉઠી અન્ય કોઈને નહિ પણ આપને નમસ્કાર કરે છે. છતાં આપ કદી કોઈનો તિરસ્કાર કરતા નથી અને સત્કાર પણ કરતા નથી. તો યે આપના ચરણમાં નમનાર દરેક વ્યક્તિઓ ઉર્ધ્વગામી જરૂર બને છે.

હું પણ આપને હરરોજ નમું છું. પણ........" નમન નમનમેં ફેર હૈ, બહોત નમત નાદાન." મને લાગે છે કે મારા નમસ્કાર પણ આવાજ હોવા જોઈએ. સાચેજ હું નાદાન છું.

માન અને અભિમાનને વશ પડયો છું. ખોટા ગુમાનમાં અંધ બન્યો છું. સહુજ માત્ર સ્વમાન ઘવાતાં હું રઘવાયો બની જાઉં છું. મેં અહંપદથી સદા મારું મસ્તક ઉન્નત રાખ્યું છે. "જાણું થોડું ને તાણું ઘણું" એવી મારી પ્રવૃત્તિ છે. "ઉપરથી મીઠો ને અંદરથી ધીઠો" બની જ્યાં ત્યાં મેં મારો સ્વાર્થ જ પોષ્યો છે. પ્રભાતના પહોરે હું આપનાં દર્શન........પૂજા..... ભક્તિ કરું તો મારી છાપ સારી પડે એવી બગવૃત્તિ જ સમાયેલી છે.

પ્રભો! રહી રહીને હવે મારી આંખ ખૂલે છે. સાચી ખોટી રીત–રસમો, હવે મને સમજાય છે. જો કે ઘણું મોડું થઈ ગયું છે, પણ આપ જેવા પૂજ્યો તરફ પૂજ્યભાવ પ્રગટે, સાચો **નમસ્કારભાવ** પ્રગટે અને અહંભાવ મીણની સાફક ઓગળી જાય એ માટે મારી હૃદયભૂમિને નમ્ર બનાવો, કોમળ બનાવો!



## મણકો દશમો.... ધર્મરંગ

નિર્મોહી પ્રભો!

આપ તો ખટપટને કપટથી પરાઙ્મુખ બની, સંયમ-સાધનામાં મગ્ન રહી, નિર્ભેળ ધર્મરંગથી દિલની દિવાલોને રંગી, સમક્તિના તરંગોમાં સ્નાન કરતાં કરતાં પરમોત્કૃષ્ટ એવા

તીર્થંકરપદને પ્રાપ્ત કરી સર્વોચ્ચ સિદ્ધિસ્થાને જઈ બિરાજ્યા. માયાનો સદંતર નાશ કર્યો હોવા છતાં દરેક ભવ્યાત્માને આપની માયા લાગે છે! નિર્મોહી બની ગયા હોવા છતાં સૌને આપની પ્રતિકૃતિ મોહ લગાડે છે, એ આશ્ચર્યની વાત છે! પ્રભો! મને પણ આપની દિવ્યતાનો પડઘો પાડતી આપની પ્રતિકૃતિના સૌંદર્યનો મોહ લાગ્યો છે! એ સુંદર છબીને જોતાં હૈયું આનંદવિભોર બની નાચી ઉઠે છે. પણ હજી અંતરમાં લાળની માફક ચીટકેલા કૂડકપટ ને કપાય ઘર કરી બેઠા છે. હૃદયમાં માયાની જટિલજાલ એવી પથરાઈ ગઈ છે કે જેના પરિણામે હું સાવ જડ બની ગયો છું.

મારી વિવેકબુદ્ધિ નષ્ટપ્રાય: બની ગઈ છે. વિનય, બહુમાન, સૌજન્ય વગેરે સદ્‌ગુણોને હજી મારા દિલમાં ચિરસ્થાયી સ્થાન મળ્યું નથી. માત્ર એટલું જ કે પૂર્વના કોઈ પુણ્ય જાગૃત હોતાં આપના પ્રત્યે કંઈક ઝાંખો.......ઝાંખો પ્રીતિભાવ જાગી રહ્યો છે. આપના પ્રત્યે મારું દિલ આકર્ષાયેલું રહે છે. તેથી જ હું આપને વિનંતિ કરું છું કે આપ મારા....તારક છો.....ઉદ્ધારક છો....અને પ્રોત્સાહક છો. મારા અંતરમાંથી ઉદ્‌ભ્રામક એવા માયાના રંગ ભૂંસાઈ જાય....કપટના કુરંગ ઘસાઈ જાય....અને મનોભૂમિ સ્વચ્છ બની જાય એવા પ્રેરણાનાં પીયૂષ છંટકાવો. **ધર્મરંગ** સચોટ, પાકો અને કોઈદિ ન ભૂંસાય એવો લાગે એવું કંઈક કરો. મને તો માત્ર આપનો જ ભરોસો છે. મારો વિશ્વાસ છે કે આપ મને જરૂર તારશો ....... મારું જીવન સુધારશો!

*

## મણકો અગિયારમો.... ત્યાગમાર્ગ

મુક્તિપુરીના મહારાણા !

આપે સંસારી સંપત્તિને વિપત્તિ માની તરછોડી દીધી, રાજ્યઋદ્ધિને ત્યાજ્ય માની ત્યજી દીધી. માતપિતાને આ ભવના જ સંબંધી માની તેમનો મોહ ન લગાડ્યો. મનને બ્હેલાવે.... દિલને ડોલાવે....ચિત્તને ચમકાવે એવા પ્રિય ભોગો સ્વાધીન હોવા છતાં તેમને રોગના ઘર માની છોડી દીધા. ખરેખર ! આપનું અંતઃકરણ કોઈ જુદા જ પ્રકારનું હોવું જોઈએ કે જેને સંસારના રંગરાગ કાંસ્ય પાત્ર ( કાંસાના વાસણ )ની જેમ જરા પણ સ્પર્શી શક્યા નહિ! ખરેખર! આપનું વ્યક્તિત્વ અજોડ હતું. આપે નિઃસ્પૃહી બની દુન્યવી રાજ્યને છોડ્યું તો મુક્તિનગરના મહારાણા બન્યા ! આ બધો પ્રતાપ આપે સ્વીકારેલા ત્યાગમાર્ગનો જ છે.

એ ત્યાગમાર્ગ મને ગમી ગયો છે, પરંતુ અનાદિકાળથી હું સંસારના રંગથી રંગાયેલો છું. જે પદાર્થને આપે ભંગાર માની છોડ્યા, તેનો જ મને રાગ છે. પણ દુન્યવી સંપત્તિનો રાગ છોડવા જેવો છે, એ હવે મને સમજાયું છે. પદાર્થના રાગમાં કે ઉપભોગમાં સુખ નથી, એનો મને હમણાં અનુભવ થયો છે, એથી જ હું આપને શરણે દોડી આવ્યો છું. આપ મહા ઉદાર છો, મારી ઉપેક્ષા તો નહિ જ કરો એની મને ખાતરી છે. પ્રભો ! આપના ત્યાગમાર્ગના પગથીએ ચડાવો ! હું લક્ષ્મનજીનો રસિયો છું.

*

મણકો બારમો....                    સ્થાન

પરમ તપસ્વી પ્રભો !

ઉગ્ર તપ કરીને આપે કર્મોને તપાવ્યાં.... જ્યારે હું એ કર્મોના તાપથીજ તવાઈ ગયો.... સેકાઈ ગયો....ભુંજાઈ ગયો. સંસારના તાપથી પરિતાપ પામતાં એવા મને ક્યાંય ચેન નથી. બેચેન દિલ કંઈક ઝંખી રહ્યું છે. પરમ તારક એવા આપને શરણે આવેલો છું. આપ શરણાગતના વિશ્રામ છો....મને આપના ચરણમાં રહેવાનું સ્થાન આપો. કષાયરૂપ અગ્નિ મારા હૈયામાં ભડ....ભડ....સળગે છે....તેથી તપ કરવાની શક્તિ ખવાઈ ગઈ છે. કર્મના ગાઢ આવરણની પાછળ અનંત શક્તિનો ધણી એવો આત્મા છૂપાઈ બેઠો છે, પણ તેની એ શક્તિ કર્મના ભારથી દટાઈ ગઈ છે. એથી મન અતિ નિર્બળ બની ગયું છે....શરીર નિસ્તેજ થતું રહ્યું છે....વાણીમાં વિષમતાનું વિષ ભળી ગયું છે....કંઈ સૂઝતું નથી. પ્રભો ! આપના ચરણમાં સ્થાન આપો. મને સુરક્ષિત સ્થાન મળશે તો હું જરૂર કંઈક કરી શકીશ. આપના ચરણમાં મને કાયમી સ્થાન મળશે તો જરૂર મારા નમાલા બની ગયેલા મનની નિર્બળતા ખંખેરવા શક્તિમાન બની શકીશ અને નશ્વર શરીરની નિસ્તેજતા તપોબળથી ખંખેરી શકીશ. વિશેષ શું ? આપની અમોઘ અને દિલસ્પર્શી ચરણસેવાથી કઠિન એવો તપ તપવા શક્તિશાળી બની આપની માફક કર્મોને તપાવવા સમર્થ થઈશ.

પ્રભો ! આપને મારી વારંવાર એક જ પ્રાર્થના છે કે આપનાં ચરણમાં **સ્થાન** આપો.

*

## મણકો તેરમો.... મનોજય

સુસંયમી પ્રભો !

આપ સહેલાઈથી મનોજયી બન્યા....પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો આપે ક્ષણમાત્રમાં છોડી દીધા. એ વિષયો આપને વિષ સમાન લાગ્યા....ખરેખર....શરમની વાત છે મારા માટે કે આપ જે મનને જીતી મનોજયી બન્યા....એ જ મનથી હું જીતાઈ ગયો ! જે વિષયોને વિષ સમાન માની આપે છોડી દીધા, એ જ વિષયોના રંગ-રાગમાં મારું મન રમ્યા કરે છે ! એ વિષયોને મેળવવા....ભોગવવા....અને કાયમ ટકાવવાની ભાંજગડમાં હું અમૂલ્ય એવું માનવજીવન વેડફી રહ્યો છું ! આપનો ત્યાગ....આપનો સંયમ....અને એ માટેનો આપનો ઉપદેશ મને રુચે છે ખરો, પણ જીવનમાં ઉતારવાનું બળ ક્યાં ? ખરે....મનની નિર્બળતા મને આગળ વધવા દેતી નથી. પ્રભો ! મારા....આ દુર્જય એવા મનને જીતી સંયમી અને નિયમી જીવન જીવી જાણું એવી શક્તિ આપશો ? મનોજય વગર જીવનની કોઈ શોભા નથી. **"મન જીત્યું તેણે સઘળું જીત્યું"** એ કહેવત યથાર્થ છે. મનોજય વગર નથી ચારિત્ર

સફળ કે નથી તપ–ત્યાગ સફળ ! આપ મનોજયથી તરી ગયા. હું મનને વશ થવાથી ડૂબી ગયો....! ભગવાન્ ! મન માંકડું દુન્યવી રંગરાગ પાછળ જે કૂદાકૂદ કરી રહ્યું છે, તેને સ્થિર કરવા, મને **મનોજય**ના પાઠ ભણાવો ! જેથી હું મનોજયી બની, આપના સ્વરૂપમાં લીન બની, સુખશાંતિનો ભોક્તા બનું.



## મણકો ચૌદમો.... સત્યનો માર્ગ

સત્યસ્વરૂપી સ્વામિન્ !

સત્ય એ જ આપનું જીવન છે, સત્ય એ જ આપનો આદર્શ છે, સત્ય એ જ આપનું કર્તવ્ય છે, સત્ય એ જ આપનો મહામંત્ર છે, સત્ય એ જ આપનો ઉપદેશ છે અને સત્ય એ જ આપનો રાહ છે. સત્યને માર્ગે ચાલવું અને આપને અનુસરવું એ બંને એક જ છે! આપ સત્યસ્વરૂપી છો. આપનું પરમાત્મસ્વરૂપ એ જ સત્ય સ્વરૂપ છે. પરમાત્મદશા પ્રાપ્ત કરવી એ જ સત્યનો આખરી પણ ભવ્ય અંતિમ છે.

જ્યારે કર્તવ્યમૂઢ બનેલો એવો હું અસત્યના પડદાની પાછળ સંતાઈ બહિરાત્મ દશાના ઝૂલે ઝૂલી રહ્યો છું ! અસત્યના ઓઘામાં અટવાયેલા એવા મને બીજું કંઈ જ સૂઝતું નથી....આથી અંતરાત્મ દશા તો સાવ ઢંકાઈ ગયેલી છે, પછી

પરમાત્મદશાના દરવાજે હું ક્યાંથી પહોંચી શકું? સત્યપથે ચાલવું એ કંઈ જેવી તેવી વાત નથી. સત્યનો રાહ પકડવો એ સહેલું નથી, છતાં ગુરુગમથી કે આપના આગમશ્રવણથી હું સત્યને માર્ગે ચડી ગયો, તો પણ તેને જીંદગીપર્યંત નિભાવવો મુશ્કેલ છે. આપની પરમ કૃપાથી સત્યનો રાગી તો હું બન્યો છું અને એના પગથીએ પણ પહોંચ્યો છું, પરંતુ "પડી ટેવ તે તો ટળે કેમ ટાળી?" એ પ્રમાણે અસત્યના સંસ્કાર એવા જામી ગયા છે કે એ ભૂંસ્યા ભૂંસાતા નથી. પ્રભો! **સત્યના માર્ગે** આગે કદમ ભરવાનું બળ આપો....જેથી મારી અસત્યની કાર્યવાહી બદલાઈ જાય અને એના સ્થાને સત્ય ભરપૂર સોહામણાં કાર્યો થાય.



## મણકો પંદરમો.... પવિત્રતા

પવિત્રમૂર્તિ પ્રભો!

પવિત્રતાનું પુનિત તત્ત્વ આપે સંપાદન કર્યું, પવિત્રતાની ટોચે આપ બિરાજમાન થયા. પવિત્રતાની પરાકાષ્ઠાએ શોભતું આપનું જીવન કોઈ અનેરી ધર્મસૌરભ ફેલાવી રહ્યું છે! જ્યારે મારું જીવન અપવિત્રતાની દુર્ગંધથી ભરેલું વાતાવરણ સરજી રહ્યું છે! કમનસીબી એ છે કે આપના

એ પૂનિત ઝરણાંમાં સ્નાન કરી પવિત્ર થવાની પ્રબળ ઈચ્છા-ભાવના હોવા છતાં રાગ, દ્વેષ અને મોહના પ્રગાઢ પડલ તળે એટલો દબાઈ ગયો છું કે તેની નજીક જ આવી શકતો નથી અને કદાચ આવું છું તો પ્રબલ વેગથી અપવિત્રતાની ખાઈમાં પાછો ધકેલાઈ જાઉં છું.

પાવનકારી પ્રભો! હું આપના પવિત્ર ચરણે શિર ઝુકાવું છું. આપનું પરોક્ષ છતાં પ્રેમલ વાત્સલ્ય મને **પવિત્રતાના** શિખરે ચડાવે એવા હું આપના આશીર્વાદ માગું છું, જેથી ગતિશીલ એવો મારો આત્મા પ્રગતિશીલ બની પરમાત્મદશાને પ્રગટ કરવા માટે અંતરાત્મદશાના પગથીએ ચડવા ભાગ્યશાળી બને અને છેવટે પંચમગતિનો અધિકારી બને. આપ પતિતપાવન છો. મારા જેવા પતિત આત્માને પવિત્ર બનાવવો, એ આપનું પરમ કર્તવ્ય છે. પવિત્રમૂર્તિ એવા આપના ચરણકમળની છાયા મળતાં મારા મંગલમય જીવનનું પવિત્ર પ્રભાત અવશ્ય ખીલશે, એવી મારી પરમ શ્રદ્ધા છે. પછી તો મારા સર્વ પ્રત્યનિકો નાશ પામી જશે, મારાં બધાં વિઘ્નો વિલય પામી જશે. માત્ર એક જ આપ મારા દિલમાં આવી વસો. મારાં તન અને મન બંને આપને અધીન છે. આપને મારા સર્વસ્વ માનું છું. આપના વિના મારે કોઈનો આધાર નથી.

*

## મણકો સોળમો.... વિરાગ

સમૃદ્ધિશાળી ભગવન્ !

આપની પાસે સોનું, રૂપું, હીરા-માણેક-મણિ-મોતી-રત્નો વગેરે કંઈ નથી. તેથી આપ અકિંચન છો. મારી પાસે પણ એમાંનું કંઈ નથી, હું પણ અકિંચન છું. આપણ બંને આ દૃષ્ટિએ સરખા છીએ. આપણી વચ્ચે તફાવત શો? પરંતુ આપની પાસે કાંઈ ન હોવા છતાં આપ આનંદતરંગમાં ઝીલો છો, જ્યારે મારી પાસે કંઈ નથી, એનો મને ખૂબ બળાપો છે. આપની પાસે કંઈ નથી, એના મૂળમાં વિરાગ છે; એ પદાર્થોનો ઇચ્છાપૂર્વકનો આપનો [illegible] ત્યાગ છે. જ્યારે મારી પાસે કંઈ નથી. એના મૂળમાં મારો ગાઢ મોહ રહેલો છે, રાગ રહેલો છે. આપનું અકિંચનપણું આપની મહત્તા બતાવે છે. મારું અકિંચનપણું મારી દીનતા અને [illegible] પ્રગટ કરે છે. તેથી આપના અકિંચનપણાથી હું પ્રભાવિત થયો છું. એની ઊંડાણમાં તપાસ કરતાં મને સમજાયું છે કે જ્યાં સુધી આપના જેવો વિરાગ નહિ આવે ત્યાં સુધી હું દુન્યવી સંપત્તિનો રાગ....મોહ છોડી શક્યો નથી. એ નશ્વર સંપત્તિ પ્રત્યે આપને નફરત જાગી, વૈરાગ્ય જાગ્યો. જ્યારે મને એના પ્રત્યે પ્રીતિ છે-રાગ છે. આપ વિરાગની મસ્તીમાં મસ્ત છો અને હું રાગના રમણામાં રચ્યો-પચ્યો છું. આપની અને મારી તુલના શી રીતે થઈ શકે?

પ્રભો! આપનું દિવ્ય-દર્શન અને અમૂલ્ય એવું શાસન પામી હવે એ રાગના રમખાણોનો અંત લાવવો છે. એ રાગની રમતો રમતાં હવે હું થાક્યો છું. આપનું અતુલ સુખ જોઈ મને એની ઝંખના જાગી છે. આપની પાસે મારી એટલીજ માગણી છે કે રાગની અને મોહની કાપણી કરવામાં મારા સહાયક બનો. મારામાં વિરાગ પ્રગટે, એ માટે આપની એક જ ચીનગારી બસ છે.



## મણકો સત્તરમો.... આત્માનંદ

આત્માનંદી પ્રભો!

આપનો આનંદ અવર્ણનીય છે. આપ પરમ તૃપ્ત છો, એનું કારણ એ જ છે કે આપે એકત્વપણું સ્વીકાર્યું છે. જ્યાં દ્વૈત છે, ત્યાં દુઃખ છે; અદ્વૈત છે, ત્યાં આનંદ છે. અદ્વૈત બની આપે એવા આત્માનંદને પ્રાપ્ત કરેલ છે કે જે આપના આગમથી મેં જાણ્યો છે. આપ જેવા આપ્ત પુરુષની વાણી એ જ આગમ. તેનું જ્ઞાન અમારા જેવા આત્માઓને ગુરુગમથી પ્રાપ્ત થવું શક્ય છે અને એ જ અમારો પુણ્યોદય છે.

પ્રભો! આ ભવમાં મને મારા ભાગ્યોદયે આપ જેવા આપ્તપુરુષને ઓળખાવનાર આગમશાસ્ત્રની વિશદ વાણી ગુરુ પાસેથી સાંભળવા મળી, તેથી મેં મારા જીવનને ધન્ય માન્યું

છે. મારા દિલ અને દિમાગ બંને તેના તરફ આકર્ષાયા છે, કેમકે તેમાં મને સાચા આત્મિક આનંદનો રણકો સંભળાયો છે. આપને મારી એટલી પ્રાર્થના છે કે મને ભવોભવમાં આપના આગમની વાણી જ સાંભળવા મળ્યા કરો. હાલ તો આપ અમારા માટે પરોક્ષ બની ગયા છો, પણ આપે પ્રરૂપેલું આગમજ્ઞાન અમારી આંખ સામે પ્રત્યક્ષ છે. એ જ આગમજ્ઞાનના આધારે અધ્યાત્મરસિક અનેક આત્માઓ આત્માનંદ મેળવી રહ્યા છે. એ જ આગમજ્ઞાન મારા જીવનનું પ્રાણપૂરક બની રહો અને પુદ્ગલનો ક્ષણિક આનંદ દૂર થઈ **આત્માનંદ**નાં અમીઝરણાં મારી હૃદયભૂમિમાં સ્ફુર્યા કરો, એ જ આપ જેવા આત્માનંદી આમ પુરુષ પાસે મારી અંતરની આરજૂ છે.

*

## મણકો અઢારમો.... યોગ્યતા

અનન્ય સંબંધી પ્રભો!

અમુક સમયે આપણે બંને સરખા જ હતા! સંભવ છે કે કદાચ મારું સ્થાન આપનાથી ઊંચું પણ હોય!!! પણ હવે તો ક્યાં આપ! અને ક્યાં હું!! ક્યાં મેરુ! અને ક્યાં સરસવ!! આપણા બંનેની યોગ્યતા સમાન હોવા છતાં આપ યોગ્યતાને વિકસાવી ઉન્નતિના શિખરે પહોંચ્યા અને હું હજી એ જ સંસારરૂપ અવનતિના ખાડામાં ગબડતો

જાઉં છું! ભાન ભૂલો બની મેં આપનો સંગાથ છોડી દીધો. આપે અપૂર્વ આત્મવીર્ય ફોરવી, સંસારનો અંત કરી, સિદ્ધ-શિલાને સ્વાધીન બનાવી કાયમને માટે તેમાં વાસ કર્યો. હું એકલો–અટુલો પડી ગયો, દુઃખી–દુઃખી થઈ ગયો.

ભગવન્! આપ શું આપણો પહેલાનો સંબંધ ભૂલી ગયા? મને આપની સાથે જ રાખ્યો હોત તો આજના જેવી મારી દશા ન હોત. પણ હું ભૂલું છું! જે અંતરદુશ્મનોને આત્મબળથી જીતી આપ અરિહંત બન્યા, એ જ દુશ્મનોથી હું ઘેરાઈ ગયો છું. એમને હંફાવવા માટે મેં મારી શક્તિનો જોઈએ તેવો ઉપયોગ કર્યો નહિ. એમાં આપનો શો વાંક? છતાં આપ ભગવાન છો, મારા જેવા નાનકડા ભક્તની હજારો ભૂલોને માફ કરવા સમર્થ છો. મારી ગાંડી-ઘેલી વાતો પર ધ્યાન ન આપશો. હજી પણ મારામાં યોગ્યતા લાગતી હોય તો મને આપની સમીપે બોલાવો અને આપણો જુનોપુરાણો સંબંધ સાર્થક કરી મારા અનન્ય સંબંધી બનો. અથવા તો કર્મશત્રુ સામે બરાબર લડી લઉં એવી મારામાં તાકાત આપો કે જેથી હું સ્વયમેવ આપની પાસે પહોંચવાની **યોગ્યતા** પ્રાપ્ત કરી શકું.

*

## મણકો ઓગણીસમો... પ્રકાશ

નિત્યનામી પરમાત્મન્!

આપનું નામ નિત્ય છે, શાશ્વત છે. કદી પણ તેનો લય નથી. માત્ર આપના નામનું સ્મરણ જ સુખશાંતિને આપનાર છે. એવું મેં જાણ્યું હોવા છતાં આપના નામ-સ્મરણમાં એક ચિત્ત થઈ શકતો નથી, કેમ કે મારા ચિત્તમાં પાર્થિવ પદાર્થોનો રાગ એટલો બધો ઘૂસી ગયો છે કે એની અંદર અન્ય કોઈ વસ્તુને સ્થાન જ મળતું નથી. આપે સંસારની સાહેબીને અનિત્ય જાણી લાત મારી દીધી, જ્યારે મને એની જ વાત ગમે છે! હું (આત્મા) જ્ઞાનસ્વરૂપે નિત્ય હોવા છતાં રાગના લોભામણા અને લલચામણા રંગથી અનિત્ય પદાર્થોનો સંગી બન્યો છું. એની પાછળ આંધળી દોટ મૂકી છે. મને એના સિવાય બીજું કંઈ સુખપ્રદ લાગતું નથી. પણ એ રાગ ઊંચે ચડાવીને નીચે પાડે છે. ત્યારે હું દુઃખી દુઃખી થઈ જાઉં છું. પ્રભો! મારી તો વાત જ શું કરું? એની પછડાટો ખાઈને પણ હું એની પાછળ પડ્યો છું! રાગ-અનુરાગ વચ્ચે ઝોલા ખાતો હું વિરાગના પડછાયે આવતો નથી! અજ્ઞાનના અંધારે અટવાતા એવા મારા હૈયામાં જો આપના જ્ઞાનની સર્ચલાઈટનો પ્રકાશ પડે તો જરૂર અજવાળું પથરાય. હું એ જ આશાએ આપની સામે ઉપસ્થિત થયો છું. મને આપના ગમગમતા નામસ્મરણની લગની લાગે અને મારા હૃદયમંદિરમાંથી સંસારના રંગો

રાગના અંધારા વિલય પામે, જ્ઞાનના અજવાળાથી ઝળહળતું બને, એ જ મારી અરજ છે. હું ક્યાંય શાંતિ ન પામ્યો, તેથી ગરજનો માર્યો આપની સમીપે હાજર થયો છું. મને આપના સિવાય કોઈ સહાયક નથી. આપ જ પ્રકાશદાતા છો. વિકાસકર્તા છો અને ભવભયહર્તા છો. મને **પ્રકાશ** આપો, **પ્રકાશ** આપો.



## મણકો વીસમો.... રક્ષણ

શરણ્ય પરમાત્મન્,

આ સંસારમાં અનેક સંબંધીઓ અને સ્નેહીઓ વચ્ચે રહેલો હોવા છતાં મને કોઈએ સહારો આપ્યો નથી. કોઈ મારા દિલની વાત સમજી શકતું નથી. હું સમજાવી પણ શકતો નથી! વનમાં રઝળતું હરણિયાનું બચ્ચું જેમ જ્યાં ત્યાં અથડાય, તેમ હું પણ સંસારરૂપી વનમાં જ્યાં ત્યાં ભટકાયા કરું છું, અથડાયા કરું છું. મારા પ્રત્યે સહૃદયી ભાવ તો દૂર રહો, પણ સામાન્ય પ્રેમભાવ પણ કોઈ તરફથી અનુભવી શકાતો નથી! મારી આવી કઢંગી સ્થિતિ છે! આપનો વાત્સલ્યભાવ નિહાળી રક્ષણ મેળવવાની ઝંખનાએ હું આપની સમીપે આવ્યો છું. આપના વિના મને આશરો આપનાર આ સંસારમાં કોઈ દેખાતું નથી. સંસારના

સંબંધીઓ તો બધા સ્વાર્થી છે. સૌ પોતપોતાના સ્વાર્થના ચાહક છે. એમની વચ્ચે રહેતાં મને ક્યાંય પણ શાંતિનો આસ્વાદ લેશ માત્ર પણ માણવા મળ્યો નથી. પણ ચારે બાજુથી અશાંતિના દાવાનળથી જ દાઝતો રહ્યો છું. જ્યાં ગયો ત્યાંથી દુઃખ.... દુઃખની જ સરગમ સાંભળવા મળી છે.

પ્રભો! મારા શરણભૂત બનો! આપના સિવાય મને કોઈ શરણરૂપ દેખાતું નથી. આપના ધર્મ સિવાય કોઈ મારું રક્ષણ કરનાર નથી. આપનું નિઃસ્વાર્થી હૃદય નિરંતર સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યના ધોધ વહાવ્યા જ કરે છે. આપના અનુપમ એવા વાત્સલ્યનું વહેણ મને પણ ભીંજવી ગયું છે. એથી જ આપના પ્રત્યે મને ભક્તિભાવ અને અપૂર્વ સ્નેહ જાગૃત થયો છે. મારા પર દયાભાવ રાખો, સ્વાર્થી સંબંધો છોડવાની તાકાત આપો. શક્તિહીન અને અશરણ એવો હું આપના ચરણે સમાવા માગું છું. પ્રભો! આપના શરણે રાખી મારું રક્ષણ કરો.... રક્ષણ કરો.

*

## મણકો એકવીસમો.... દયાર્દ્રભાવ

ભક્તિરસિક ભગવન્,

અપૂર્વ અક્ષય એવા મોક્ષસુખમાં લીન બની આપ એકલા જ એ સુખની મજા માણો છો. એનો અનેરો આસ્વાદ

લ્યો છો, તે શું આપને યોગ્ય લાગે છે? લોક કહે છે કે આપ તો દયાના અવતાર છો, કૃપાના સાગર છો તો એ દયા ...એ ગયા.... ક્યાં ચાલી ગઈ? મને એ પરમ સુખનો ભાગીદાર કેમ ન બનાવો? આપ જ સાચા સુખના દાયક છો. સંસારમાં તો બહુયે વિચિત્રતાઓ નજરે ચડે છે. ઘડીએ ઘડીએ અને પળેપળે એના ભાવો બદલાતા હોય છે. એક પ્રત્યે પહેલી ઘડીએ પ્રીતિ જાગે.... બીજી ઘડીએ અપ્રીતિ....! એક સમયે રાગ.... બીજે સમયે દ્વેષ....! એક વસ્તુ એક સમયે સુખદાયક, ક્ષણ પછી દુઃખદાયક! આપને સંસારના આવા રંગતરંગો રુચ્યા નહિ, તેથી જ આપે એ સંસારને ધક્કો માર્યો! અને તેની માયાથી પર રહી મુક્તિપદની સાધના કરી. પણ હું આપના જેવો બળવાન નથી કે જે સંસારની માયા શીઘ્ર છોડી શકું....! સંસારની માયાના બંધન મજબૂત છે, જ્યારે મારું મન સાવ ઢીલું છે અને શરીર સાવ નમાલું છે. તેથી આપનો સહારો લેવા આવ્યો છું. આપ મારા પ્રત્યે દયાર્દ્રભાવ દર્શાવી મારા પર કરુણા વરસાવો. મોક્ષસંપત્તિના દર્શન કરાવી મને આપના સુખનો ભાગીદાર બનાવો. મોટાઓ તો હંમેશાં આપવા જ ચાહે છે અને નાનાઓ લેવા! આપનો દયાર્દ્રભાવ મારા હૈયાને ભીંજવી મને સાચા સુખતરંગોમાં તરબોળ બનાવશે. આપ મારા સાચા સ્નેહી અને પરમ હિતસ્વી બની મને સાચા માર્ગે ચડાવો. આપના દયાર્દ્રભાવની બલિહારી છે!

*

# મણકો બાવીશમો... આત્મલીનતા

પરમાત્મન્,

આ જગતની અંદર હું એકલો જ અવતર્યો છું! મારું કોઈ નથી! એવા યથાર્થ બોધક વાક્યોનું રહસ્ય આપ સમજ્યા. એનું ચિંતવન કરતાં આપના અંતરમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને આપે સ્વસ્વરૂપમાં લીન બની પરમતૃપ્તિ અનુભવી.

ભગવન્! જે શરીરને લઈને જન્મ્યો હતો, તે શરીર પણ છોડીને જ જવાનો! હાથે કરેલા પાપ–પુણ્ય સિવાય અન્ય કોઈ તેનો સંગાથી નથી. ભવોભવના સંબંધીઓ જુદા! કોણ કોના હાથ ઝાલે? આવું હોવા છતાં પણ મને જે જે સંબંધીઓ મળતા ગયા, તેમના પ્રત્યે મમતા બંધાતી ગઈ. વળી ગમતાઓ પ્રત્યે મમતા અને અણગમતા પ્રત્યે નફરત એ બે વસ્તુએ તો મારો દાટ વાળી નાખ્યો, સંસારની રખડપટ્ટી ખૂબજ વધારી દીધી, અને હું બેહાલ બન્યો.

હવે મેં આપને જ મારા ભવોભવના સંગાથી તરીકે સ્વીકાર્યા છે. આપના સંગે રહી મારે **આત્મલીનતાનો** અનુભવ કરવો છે. અને એકત્વનો અપૂર્વ અનુભવ કરી ભવની પરંપરા તોડવી છે.... પ્રભો! મારા ભાન ભૂલેલા મનને આત્મમાર્ગી-પરમાત્મમાર્ગી બનાવવા માટે આપ કંઈક સહાય કરો.... સહાય કરો!

## મણકો ત્રેવીશમો....                    છૂટકારો

જગદ્વંદ્ય પ્રભો !

સંસારના ભાવો ક્ષણિક છે, ઘડીઘડી એના રંગો પલટાયા કરે છે, એવા અસ્થિર ભાવોમાં હું સુખની કલ્પના કરી તેને પ્રાપ્ત કરવા દોડી રહ્યો છું....! કસ્તુરીઓ મૃગ જેમ સુગંધ પોતાની પાસે હોવા છતાં તેને મેળવવા જંગલમાં ચારેબાજુ દોડાદોડ કરે છે, તેમ હું પણ સંસારનાં ક્ષણિક સુખો પાછળ જ્યાં ત્યાં ફાંફાં માર્યા જ કરું છું, પણ સુખ તો મારા અંતરમાંજ છૂપાયેલું છે, એ સમજી શક્યો નથી. સંસારનાં કહેવાતાં સુખોમાં ક્ષણભર મજા આવે છે, પણ એ મજામાં સજા પણ સાથે જ રહેલી છે, એ હું ભૂલી જાઉં છું. અને વિચિત્રતા તો એ છે કે મનને માનીતું સુખ મળી જાય તો તરત તેના જેવા બીજા ઇચ્છિત સુખની તમન્ના જાગે છે. પછી તો ત્રીજી....ચોથી....પાંચમી એમ અનેક જાતના સુખની ઇચ્છાઓનો રાફડો ફાટે છે! આમાં પ્રાપ્ત સુખ પણ માણી શકાતું નથી. અને મનોરથોની પરંપરામાં જ આયુષ્ય પૂર્ણ થવાની તૈયારી આવી જાય છે. છતાં હું ચેતતો નથી! મને કોઈ કોઈ વાર એવો વિચાર આવી જાય છે ખરો કે 'અરે....રે મેં સંસારની માયામાં પાણી વલોવ્યું. હું પામીને હારી ગયો....' પણ વિશેષ કંઈ કરી શકતો નથી.

ભગવન્! સંસારી માયાના તાણાવાણામાં હું ગુંથાઈ ગયો છું, તેમાંથી છૂટકારો મેળવું એવો કંઈ ઉપાય બતાવો. આપ પરમતત્ત્વમાં સ્થિર બની ગયા છો, તો મને પણ આ અસ્થિરતાના આરામાં ચક્કર ખાતો અટકાવો. ખરેખર ! અસ્થિરતાની ભીંસમાં હું ખૂબ ભીંસાયો છું. એમાંથી કોઈ પણ રીતે છૂટકારો મેળવી મારે તો આપનેજ મળવું છે.



## મણકો ચોવીશમો.... પ્રાર્થના

દિવ્યમૂર્તિ વિભો !

મને માનવશરીર મળ્યું. મારે એમાંથી માનવતાની સુવાસ પ્રગટાવવી જોઈએ, પણ મેં તો એમાંથી ઈર્ષ્યા અને અહંભાવની અશુચિભરી દુર્ગંધ જ ફેલાવી. મને માનવદેહરૂપી સુંદર કુંજ મળી, પણ મેં એમાં પવિત્રતાનો પુંજ ભર્યો નહિ. આ જીવન સુધારવાનું, સુંદર બનાવવાનું ટાણું મળ્યું, પણ મેં તો અનેક જાતના દુર્ગુણો ભરીભરીને તેને દુર્ગંધમય બનાવી દીધું, જ્યાં ત્યાં આથડી....આથડીને આખું ખાખરું બનાવી દીધું. જ્યારે શક્તિ હતી, ત્યારે સમજણ ન હતી. હવે સમજણ આવી, ત્યારે શક્તિ ખોઈ બેઠો છું. ઘણો જ નિર્બળ બની ગયો છું. શું કરું....! ખૂબ વિચારણા પછી મને એમ લાગ્યું છે કે આપના નામનું પવિત્ર સ્મરણ કરું.

કરું, દિવ્યમૂર્તિ એવા આપનું ધ્યાન ધર્યા કરું તો જ મારો નિસ્તાર છે.... પણ તે માટે હૃદય પવિત્ર જોઈએ. ત્યારે મારા હૃદયમાં તો અપવિત્રતાના પડના પડ જામ્યા છે. એણે મારા જીવનને પોતાનું ઘર માન્યું છે. તેથી જ હું આપને એક પ્રાર્થના કરું છું કે આપની પવિત્રતાનો પડછાયો મારા જીવન પર પડે....આપની પવિત્ર વાણીનો પડઘો મારી મનોભૂમિ પર પડે અને આપની દિવ્યમૂર્તિ મારા દિલમાં સદાને માટે અંકિત થઇ જાય એવું કરો.

પ્રભો ! મારી પ્રાર્થના સ્વીકારો.... મને પવિત્ર બનાવો. ઇર્ષ્યા–અદેખાઇ વગેરે અવગુણોનું અપહરણ કરો. મારી પ્રાર્થનાને સફળ બનાવવી એ કંઈ આપના માટે બહુ મોટી વાત નથી. હું પ્રાર્થક છું. આપ પ્રાર્થ્ય છો. અને મારી **પ્રાર્થના** પણ તદ્દન નજીવી છે.



## મણકો પચીસમો ... આત્મલક્ષ્મી

દયાનિધિ !

આપ દુન્યવી આસક્તિને છોડી, મન–વચન–કાયાના યોગોને ભક્તિમાર્ગે જોડી, આઠ કર્મોની એકસો અઠ્ઠાવન પ્રકૃતિઓને તોડી આત્મલક્ષ્મીને વર્યા અને તેથી આપના અનાદિ સંસારનો અંત આવી ગયો. જ્યારે હું આસવના દરવાજા

ચારે બાજુથી ખુલ્લા મૂકી આત્મારૂપી કૂવામાં કર્મરૂપ પાણી વધારી રહ્યો છું અને સંસારને વિસ્તારી રહ્યો છું. મેં આપના આગમોમાંથી સાંભળ્યું છે કે કર્મબંધન જેમ જેમ વધતું જાય, તેમ તેમ સંસાર વધતો જાય. કર્મબંધન જેમ જેમ ઘટતું જાય, તેમ તેમ સંસાર ઘટતો જાય. જો કર્મનો ક્ષય થાય. અંત આવે તો સંસારનો પણ અંત આવે. સંસારની સ્થિતિ કર્મો પર નિર્ભર છે.' અને અનેક સ્વરૂપે મેં—કર્મોના તમાશા જોયા છે. તે મને ખૂબ અનિષ્ટ અને અકારા લાગ્યા છે. પણ સંસારરૂપ કૂવો ઘણો ઊંડો ને ગાઢ છે. એ કૂવાના ખારાં પાણી પી....પી....ને મારી વૃત્તિ અને પ્રવૃત્તિ અવળી વેતરાણી છે. જેથી કર્મો છોડવાને સ્થાને પણ મારાથી ચીકણાં કર્મો બંધાઈ જાય છે. મારી તરસ છીપવાને બદલે વધતી જ રહી છે. આપની માફક હું આત્મલક્ષ્મીનો ભાગીદાર શી રીતે બની શકું !

ઓ દયાનિધિ ! દયા દરસાવો, કરુણા વરસાવો અને મારી પ્રકૃતિ સોહામણી બને એવો કોઈ માર્ગ બતાવો. હું આપની દયાનો પ્યાસી છું. આપની દયાનું માત્ર એક બિંદુ આત્મલક્ષ્મીનું દ્વાર ઉઘાડવામાં સમર્થ છે. મને **આત્મલક્ષ્મીનો** સ્વામી બનાવો. એનો ભોક્તા બનાવો. હવે સંસારરૂપ કૂવામાં એક પણ ક્ષણ પસાર કરવી નથી.

નયસ્વરૂપી જ્ઞાન પ્રાપ્ત કરું તથા તત્ત્વનો જ્ઞાતા બની લોકાલોક સ્વરૂપનો દ્રષ્ટા બનું. અનુક્રમે કોઈ સુભગપળે ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી આપના જેવો કેવલજ્ઞાની બનું, સર્વ સદસદ્ ભાવોનો જાણકાર બનું અને પરમ શાંતિ, પરમ સુખ, તથા પરમ ઐશ્વર્યનો ભોક્તા બનું. પ્રભો! મારી વિનંતિ સ્વીકારો...અને સર્વ કર્મની નિર્જરા કરવાનું બળ આપો.



## મણકો અઠ્ઠાવીશમો....                ઉન્મત્ત દશા

તત્ત્વજ્ઞ પ્રભો !

આ જગતના ક્ષણિક–વિનશ્વર ભાવોને જોઈ આપનો વૈરાગ્ય વૃદ્ધિ પામ્યો, ક્રમે ક્રમે ઉચ્ચ કોટિનો બન્યો. તેથી આપનું જીવન પણ સર્વોત્કૃષ્ટ બન્યું. વળી આપે મુક્તિનાં સુખ પ્રાપ્ત કરી સર્વોન્નત દશા સાધી લીધી. દેવ અને મનુષ્ય સંબંધી દુન્યવી સુખો આપને લલચાવી શક્યા નહિ....સુખી દેખાતા આત્માઓના સુખ આપને આકર્ષી શક્યા નહિ. પણ એ આત્માઓ પ્રત્યે આપને ભાવકરુણા તો જરૂર ઉપજી. તત્ત્વજ્ઞ એવા આપનો હૃદયભાવ અલૌકિક હતો. પ્રભો ! મારી વાત શું કરું ? લોકસ્વરૂપ નજર સામે દેખાય છે, ક્ષણ-વિનાશી ભાવ સામે તરવરે છે, છતાં એનો રસ ઓછો થતો નથી. આ લોકમાં તો એક વખત સુખી, તો એક વખત

દુઃખી; એક વખત નિરોગી, તો એક વખત રોગી; એક વખત બંગલામાં મહાલવા મળે, તો બીજી વખત રસ્તા પર સૂવું પડે; આ બધી પુણ્ય–પાપની લીલામાંજ મારો અનંતો સમય ચાલ્યો ગયો. પુણ્ય પાંસરાં હોય ત્યારે સુખની પથારીમાં આળોટું છું. તે વખતે ઉન્મત્ત બનીને ભાન ભૂલી જાઉં છું, પણ જ્યારે પાપનો ઉદય જાગે છે, ત્યારે હાય....વોય....કરી ભૂસકાણ મચાવું છું. ભગવન્ ! ક્યાં આપની ઉન્નત દશા ! અને ક્યાં મારી **ઉન્મત્ત દશા** ! આ દશામાંથી મુક્ત થવાનો રાહ મને શું નહિ બતાવો ?



## મણકો ઓગણત્રીશમો.... ભવનો ભય

ભવમુક્ત ભગવન્ !

આપે ધર્મના રાગી બની વીતરાગી દશા પ્રાપ્ત કરી અને મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરી ક્ષાયિક સમકિત પ્રાપ્ત કર્યું; તથા દર્શનાવરણીય અને જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષય વડે આપ કદી નાશ ન પામે એવું કેવળદર્શન અને કેવળજ્ઞાન પામ્યા. જ્યારે હું તો સંસારનો રાગી હોઈ રખડી પડ્યો ! સમક્તિની સુખડી ભવની ભૂખ મટાડે છે, પણ.... મારા જેવાને એ ઉત્તમ ભોજન ક્યાંથી પ્રાપ્ત થાય ? દ્રવ્યચારિત્ર તો ઉદયમાં આવી ગયું, પણ સમકિત વગર એ ચારિત્ર સફળ

આપની ભક્તિસભર સ્તુતિ કરી, સહસ્ર જીભે આપનાં ગુણ-ગાન ગાયાં, જીવનભર આપનું દાસપણું સ્વીકારી આપના સાચા સેવક બન્યા, તો યે એના પ્રત્યે આપે રાગ ન બતાવ્યો, પીડાના સમયે ઉદાસ ન બન્યા, સેવાના સમયે ઉલ્લાસ ન બતાવ્યો. બંને સ્થિતિને એક સરખી માની. ક્યાં સંગમની ક્રૂરતા! ક્યાં ઈન્દ્રનો ભક્તિભાવ! એ બંને વચ્ચે સમાન વૃત્તિ રાખવી, એ જેવું તેવું કામ નથી. આપના જેવી મધ્યસ્થ વૃત્તિ તો વિરલા જ દાખવી શકે. ઉપસર્ગો કે અપમાન સહેવા કદાચ સહેલા બને, પણ શ્લાઘા પચાવવી મહા કઠિન છે.

પ્રભો! મારી રીત તો આપનાથી સાવ અનોખી જ છે. જરા જેટલી શ્લાઘા મારા કાને પડે. ત્યાં હરખાઈ ઉઠું છું! અને કોઈ નાનો શો સારો અપરાધ કરે, થોડું અપમાન કરે, એકાદો અપશબ્દ સંભળાવે ત્યાં એકદમ ધુઆંપુઆં ઉઠું છું! મને શ્લાઘા સાંભળવી ખૂબ રુચે છે અને નિંદા સાંભળવી ખૂબ ખૂંચે છે! જો, આપના અનુભવથી મને આપના જેવી મધ્યસ્થ વૃત્તિ—આપના જેવા સમાન ભાવ—આપના જેવી હૃદયની વિશાળતા પ્રાપ્ત થાય, તો કેટલી સારી અવસ્થા ન થાય. મારામાં **હૃદયની વિશાળતા** ઝળકે અને જીવન ચાંદની શું ચમકે, એવી આપને પ્રાર્થના કરું છું.

*

## મણકો પાંત્રીશમો....                    સમકિત દીવેલ

ત્રિભુવન સ્વામી !

ચોર્યાશી લાખ જીવયોનિમાં આથડી મહા મુશીબતે હું માનવ તરીકે અવતર્યો. પણ ભવાંતરમાં મેં પાપરૂપી મહેલનો પાયો એવો મજબૂત નાખ્યો છે કે મને કયાંય પણ કળ વળતી નથી. શું કરવા જેવું છે અને શું નથી કરવા જેવું ? એની વિવેકબુદ્ધિ સાવ નષ્ટ થઈ ગઈ છે, તેથી એની વિચારણા કરવામાં પણ મગજ ભ્રમિત થઈ ગયું છે. મોંઘેરું માનવજીવન તો મળ્યું, પણ એને સાચવી શકીશ કે કેમ, એમાં શંકા છે! કેમકે ધર્મભાવના જેવી જોઈએ તેવી વિકસિત નથી. પ્રાપ્ત થયેલું સુખ પણ શાંતિપૂર્વક ભોગવી શકતો નથી. હાય... વોય....ની વમળમાં જીવન વેડફાઈ રહ્યું છે. તેમાં આત્માનું કલ્યાણ તો થાય જ ક્યાંથી ?

આપ તો અપૂર્વ વીરતા દાખવી, ત્રણેય ભુવન પર વિજય મેળવી, ત્રિભુવનસ્વામી બન્યા. જીવનની આબાદી સમજનારા એવા આત્માઓ આપની જ આજ્ઞા શિરોધાર્ય કરી આપનાં પાવન પગલે ચાલવા હંમેશાં પ્રયત્નશીલ રહે છે. અને આખરે તેઓ આપની સદૃશ પરમાત્મા બની જાય છે. જ્યારે હું તો આપની આજ્ઞાને છડેચોક અવગણી રહ્યો છું. મારી બરબાદી ન થાય તો બીજું શું થાય! અણમોલું એવું આપનું શાસન પામીને પણ જો હું ન સુધરું તો બીજે ક્યાં જઈને સુધરીશ ?

પરિચય કરાવ્યો, આપનો પવિત્ર સંદેશો સંભળાવ્યો, આપના સ્વરૂપનું દર્શન કરાવ્યું, છતાં આપના વીતરાગી પંથે ચડવાને બદલે રાગનાજ માર્ગે ખેંચાતો જાઉં છું. આંખે રાગદ્વેષના ચશ્મા ચડાવી દીધા છે, તેથી મારું પોતાનું સ્વરૂપ અંધારામાં અટવાઈ ગયું છે. સ્વસ્વરૂપને શોધવાની ઝંખના હોવા છતાં હું આંતરિક મળથી એવો મલિન બની ગયો છું કે શુદ્ધ થવાનો કોઈ આરોવારો નથી. અરે પ્રભો! મારું શું થશે! સ્વસ્વરૂપે હું તેજસ્વી હોવા છતાં હાલ તો સાવ નિસ્તેજ બની બેઠો છું.

આત્મસ્વરૂપે આપણે એક જ છીએ, છતાં આપ તો સૂક્ષ્મ અહિંસાપાલનથી પરમાત્મસ્વરૂપને સાધી ગયા, જ્યારે મેં તો મારું પોતાનું સ્વરૂપ પણ અનુભવ્યું નથી. કરુણા-સમુદ્ર! મારા પર કરુણા વરસાવો. મને વિવેકચક્ષુ આપી સ્વ-સ્વરૂપ નીરખવા ભાગ્યશાળી બનાવો. કર્મવિપાકને હઠાવવા માટે સંપૂર્ણ અહિંસાપાલન કરવા શક્તિશાળી બનાવો. **સ્વસ્વરૂપને** ઝીલવા અંતરની અભિલાષા પૂરી કરવા 'સુતેજ' પ્રગટાવો.

*

## મણકો આડત્રીશમો... નિસ્તાર

જિતેન્દ્રિય પ્રભો!

વેગમાં અશ્વગતિએ ચાલતી પાંચે ઇન્દ્રિયોને જીતી આપ જિતેન્દ્રિય બન્યા, દેહથી બ્રહ્મસ્વરૂપી બન્યા, જીહાંથી ભવ્યાત્મા-

એને ધર્મદાતા બન્યા. નાસિકાથી સંસારની દુર્ગંધ છોડી સંયમસૌરભના રસીયા બની મોક્ષનગરના શાશ્વત સુખો રૂપી પુષ્પપરિમલમાં લીન બન્યા. નેત્રથી વિકારી અને વિપરીત દૃષ્ટિ છોડી અવિકારી અને અમૃતવર્ષી બન્યા. અને શ્રોતથી મારા જેવા એક નહિ, પણ અનેક એવા દુઃખી આત્માઓનાં દુઃખ સાંભળી સમુદ્રસમ ગંભીર બન્યા. પાંચે ઇન્દ્રિયોનો સદુપયોગ કરી, સંયમિત બની, ચારિત્ર ધરી, સંયમિત અને નિયમિત બની, ચારિત્રભાવમાં એકાકાર બની ગયા. જે મારનાર હતી તેને તારનાર બનાવી. જ્યારે હું એ જ ઇન્દ્રિયોનો ગુલામ બની ગયો છું. જે માગે, તે ગમે તે પાપ કરીને પણ આપ્યા જ કરું છું. જેમ જેમ એ ઇન્દ્રિયોરૂપી અશ્વોને મનગમતું આપ્યા કરું છું, તેમ તેમ એ અશ્વો વક્ર જ બનતા જાય છે અને તેમ છતાં હું તેમને પંપાળ્યા જ કરું છું. જીભલડીને ગમતા સ્વાદ આપવામાં હું પાછું વાળીને જોતો નથી. એના પરિણામનો પણ વિચાર કરતો નથી. નાકને સંસારનાં અવનવા પુષ્પોની સુગંધ આપ્યા જ કરું છું, આંખલડીને અવનવા રંગ-રાગમાં ઝુલાવ્યા જ કરું છું અને કાનને સંગીતના અવનવા સૂર સાંભળવા દઉં છું. જે માગે તે આપીને, જેમ જેમ એ વક્ર અશ્વોને જીતવા પ્રયત્ન કરું છું, તેમ તેમ તે મને વધારે ને વધારે પજવે છે. હે નાથ! મારો નિસ્તાર કઈ રીતે થશે?

*

## મણકો ઓગણચાલીશમો.... ગુણવત્તા

ગુણનિધિ ભગવન્!

મારામાં મમતા ભરી છે અને આપનામાં સમતા! હું મોહી, આપ નિર્મોહી! હું રાગી, આપ વીતરાગી! હું અહંભાવી, આપ સરલ સ્વભાવી! હું ક્ષણે ક્ષણે રુષ્ટ થાઉં છું, આપ સર્વ ક્ષણે તૃષ્ટ–સદા પ્રસન્ન રહો છો! આપ ગુણભર્યા! હું અવગુણભર્યો! આપે હરેક ગુણોને સદ્‌ગુણ બનાવી અપનાવ્યા, જ્યારે મેં સર્વગુણોને અવગણી નાખ્યા! ક્યાં આપ! ક્યાં હું! આપની અને મારી વચ્ચે જુદાઇ પૂર્વ–પશ્ચિમ જેટલી! મેં કાળાં કાર્યો કરી આત્માને લોઢા સરખો બનાવ્યો. હું લોહું! આપ પારસ! હું કાળમીંઢ પથ્થર! આપ ઉજ્જ્વલ આરસ! ભગવન્! ભલે હું ગમે તેવો છું, તો ય આપનો જ છું. જેમ પારસમણિસંગે લોહું સુવર્ણ બને છે, તેમ હું પણ આપ સમા પારસમણિના સંગે મારા લોખંડસમા આત્માને અવશ્ય સોનાસમો ઉજ્જ્વલ બનાવીશ. આપ મને આપના જેવો ગુણવાન નહિ બનાવો તો કોના આશરે જઇશ? આપનો આશરો મળશે તો જ હું આપ સમી **ગુણવત્તા** પ્રાપ્ત કરી શકીશ. કહેવત છે કે "**મોટાના ગુણથી ગુણ આવે.**" આપની ચરણરજ મળશે, તો પણ હું મારા આત્માને ભાગ્યશાળી માનીશ. આપના અંતરમાં ગણ્યા ગણાય નહિ, એટલા ગુણો ભરેલા છે. તેમાંથી એકાદ

શકે. પ્રભો! હું આપના ચરણોમાં પડી, લળી લળી લૂંછણા લઈ, માત્ર એક જ વિનંતિ કરું છું કે આપ મારા અવગુણ સામે ન જોશો. મારા અવગુણો જોઈ લોકો ભલે મારી હાંસી ઉડાવે, પણ આપ તો મને આપનો બનાવો જ બનાવો. આપના પ્રતાપે હું અજર–અમર બની અક્ષય–અનંત સુખ મેળવી શકીશ. આપના જેવા **અનન્ય ઉપકાર** કરનાર પરમાત્મા મને મળી ગયા, હવે મારે બીજાની શી જરૂર!

※

## મણકો એકતાલીશમો.... મનની પ્રફુલ્લતા

વંદનીય વિભો!

સજ્જનો આપને વંદન કરે છે, નમ્રભાવે સ્તુતિ કરે છે; અને દુર્જનો આપની નિંદા કરે છે, તો પણ આપને જરાય તોષ કે રોષ ઉત્પન્ન થતા નથી! મહા આશ્ચર્યની વાત છે! આપે મનને કેવી જાતની કેળવણી આપી હશે! તે મહા આનંદના પ્રસંગે તુષ્ટ થતું નથી, ભયંકર રોષના પ્રસંગે રુષ્ટ થતું નથી. હું તો આપના મનની સ્તુતિ કરતો વિચાર કરું છું કે આપના જેવું મન હું ક્યારે સાધી શકીશ! મારા મનની પારાયણ તો બહુ મોટી છે. એમાં જો આપના વચનરૂપી રામબાણ વાગી જાય તો મારું કામ જરૂર પાકી જાય. આપનાં વચન જીવનસુધારક છે, જીવનનું નવું નિર્માણ કરનાર છે.

અને કાયા! આપની કાયાને તો હું કોટીકોટી વંદન કરું તોય ઓછા છે. તપમાં, જપમાં, ધ્યાનમાં તેણે કેટલી સહાય કરી છે? તેણે અનેકવિધ કષ્ટો સહન કરીને આપનો માર્ગ સરલ કરી આપ્યો છે. એ કાયા દ્વારા આપે અમરપદ સાધી લીધું. એથીજ આપ વિશ્વવંદ્ય બન્યા. આપના મન, વચન અને કાયા એક એકથી ચડિયાતા છે.

ભગવન્! હું આપને નતમસ્તકે પ્રાર્થના કરું છું કે આપની માફક હું પણ કાયાની પવિત્રતા સાધી, વચનની નિર્મળતા પ્રાપ્ત કરી, મનની **પ્રફુલ્લતા** મેળવું; અને નિજાનંદમાં મસ્ત બનું. મન, વચન અને કાયાની મારી ત્રિપુટી સંસારના ત્રિવિધ તાપથી અકળાઇ ઉઠી છે. તેના પર કૃપારૂપી શીતલ નીર છાંટી પ્રફુલ્લતા બક્ષો, શાંતિ બક્ષો.



## મણકો બેંતાલીશમો.... અકૃત્રિમતા

સહજાનંદી ભગવન્!

સહજ આનંદ એટલે સ્વભાવિક આનંદ. એ સ્વાભાવિક આનંદ પ્રાપ્ત કરવા માટે આપે સાધના આદરી અને સહજાનંદી બન્યા. આપનો આનંદ ચિરંજીવી અને ચિરસ્થાયી બન્યો.... અક્ષય બન્યો....પરિપૂર્ણ બન્યો....અકૃત્રિમ બન્યો. જેમ આપ

આનંદપ્રિય છો, તેમ હું પણ આનંદપ્રિય છું ! પણ આપના આનંદ અને મારા આનંદ વચ્ચે આકાશ–પાતાળ જેટલું અંતર છે. એના સાધનોમાં પણ સહુદંતર છે. આપના આનંદપ્રાપક સાધનો અકૃત્રિમ હતાં, એટલે આપનો આનંદ અકૃત્રિમ બન્યો, જ્યારે મારા આનંદપ્રાપક સાધનો કૃત્રિમ છે, ક્ષણજીવી છે, એટલે મારો આનંદ પણ કૃત્રિમ અને ક્ષણજીવી છે. આપની અને મારી ઇચ્છામાં કોઈ તફાવત નથી. આપ પણ આનંદ પ્રિય ! અને હું પણ આનંદપ્રિય ! પરંતુ પુરુષાર્થ અને પરિણામમાં કેટલો બધો તફાવત છે ? આમ છતાં એટલું નક્કી કે મારે પણ આપના જેવા સહજાનંદી બનવું છે. હું કૃત્રિમ માર્ગે ખૂબ આથડયો, પણ હવે મને થોડી શી એવી શક્તિ આપો કે હું કૃત્રિમતા દૂર કરી, **અકૃત્રિમતા** ધારણ કરી સ્વાભાવિક આનંદ માણી શકું અને છેવટે આપના જેવો જ સહજાનંદી બની શકું.

*

## મણકો તેંતાલીશમો... સમતા-રસાયણ

પ્રશાંત ભગવન્ !

હું બહુ પાપી છું. મારા પાપની કોઈ સીમા નથી. મેં જીવન ધરી ઘણાં પાપો કર્યાં છે. વચન અને કાયા કરતાં મનનાં પાપો ઘણાં મોટાં છે. તેની મલિનતા ધોઈ

ધોવાતી નથી. એ સમયે મને કોઈ સદ્બુદ્ધિ આપે તો પણ મારા દિલમાં રુચતી નથી. સાચો અને હિતકારક ઉપદેશ પણ હૈયામાં જચતો નથી. કોઈ હિતસ્વી મને હિતવચનો કહે તો પણ કડવાં ઝેર લાગે છે. ગુરુજનની શીખામણ પણ ગણુ-કારતો નથી. અંતરમાં ક્રોધ તો એટલો બધો ભર્યો છે કે જરામાત્ર નિમિત્ત મળતાં આગની જેમ ભભૂકી ઉઠે છે. એ ક્રોધની આગમાં હુ મારું માનભાન ખોઈ બેઠો છું. કુટિલ ક્રોધનાં કડવાં ફળો આ ભવમાં જ પ્રત્યક્ષ અનુભવું છું. પરભવમાં મારી શી દશા થશે? માનસિક પાપોનો ભાર એટલો બધો વધી ગયો છે કે મને પલભરની શાંતિ મળતી નથી.

પ્રભો! આપ તો સમતા-રસાયણનું સેવન કરી પરમ પવિત્ર બન્યા. પરમ શાંત અને સ્થિર બન્યા. મને પણ એજ સમતા-રસાયણનું સેવન કરાવો. એનો એક કટોરો પીવરાવશો તો પણ હું ઠરીને ઠામ બેસીશ. ક્રોધરૂપી રાક્ષસને કાઢવા માટે એ સિવાય અન્ય કોઈ ઉપાય નથી. આપની કૃપાથી જો મને એ **સમતા-રસાયણ** મળી જાય તો હું બીજાને પણ ઠારનારો બનીશ. ભડકે બળતાં ક્રોધરૂપી અગ્નિથી મને બચાવો. મારાં માનસિક પાપો દૂર થાય અને સમતાનો સંચાર થાય. એ જ હું ઇચ્છું છું.

*

## મણકો ચુમાલીશમો... ચીનગારી

દિલહર દેવ!

એક જ એવી ચીનગારી મારા દિલમાં મૂકો કે જેથી મારી બધી વાસનાઓ બળીને ખાખ થઈ જાય અને મારું દિલ ઉપાસનામય બની જાય. પ્રભો! હું માનવજીવન તો પામ્યો, પણ માનવતાથી બહુ દૂર છું! મનન કરવા માનવ બન્યો, ચિંતન કરવા ચેતનતા મળી, પરિશીલન કરવા પ્રાણનો સમૂહ પ્રાપ્ત થયો, તોય આત્મસ્વરૂપ સમજવા પ્રયત્ન કરતો નથી. ભગવન્! હું આમને આમ શું માનવજીવન ખોઈ નાખીશ? આપ તો માનવમાંથી મહામાનવ બન્યા અને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી પરમાત્મા બન્યા. કેવી અજબ કોટિની આપની સાધના! કેવી ઉચ્ચ કોટિની આપની આરાધના! જ્યારે હું તો નીચે ને નીચે જ ગબડતો જાઉં છું, વાસનાના પુરમાં તણાતો જાઉં છું. ક્યાં જઈને પટકાઈશ, એ ખબર પડતી નથી. મારી સ્થિતિ કેવી કરુણાજનક છે? એ કરુણાજનક સ્થિતિ પ્રત્યે આપને કરુણા ઉપજે છે ખરી? મારા પ્રત્યે આપને કરુણા જાગતી હશે તો હું મારી જાતને ધન્ય માનીશ. આપની કૃપાને પાત્ર બનવાની મારામાં લાયકાત આવી જાય તો મારે બીજું જોઈએ પણ શું? જો આપની કૃપાથી મારા દિલમાં ચેતનમય **ચીનગારી** ચંપાઈ જશે તો હું સાધનાની સીડીનાં પગથિયાં સડસડાટ ચડી

ઉપાસનાદ્વારે પહોંચી જઈશ. પછી તો વાસનાઓ બળીને ખાખ થઈ જશે અને હું આપની માફક મહામાનવ, રે! પરમાત્મા પણ બની શકીશ.

*

## મણકો પીસ્તાલીશમો.... મનમોહન

મનમોહન સ્વામી!

મારું મન જડ છે, વક્ર છે, અવળચંડાઈથી ભરેલું છે. જે કરવા જેવું છે, તે કરતું નથી; અને ન કરવા જેવું પહેલું કરે છે. નજર સામે નુકશાન દેખાવા છતાં વિષયોની આધીનતાને તથા કષાયોની પરાધીનતાને છોડવા તે તત્પર થતું નથી. એને પરમાત્માની ભક્તિધૂનમાં જરાય રસ આવતો નથી. ગુરુવાણીરૂપી વીણાના સૂર તેને બેસૂરા લાગે છે. તેમ જ ક્ષમા, નમ્રતા, આર્જવતા, સરલતા, નિર્લોભતા અમૃત સમાન હોવા છતાં તેને વિષ સમાન લાગે છે. પ્રભો! મારા મનની અવળચંડાઈ જોઈ? એની આવી અવળચંડાઈના પ્રતાપે જ હું આથડી રહ્યો છું. તથા પગલે પગલે સંકલ્પ-વિકલ્પો કરવાને લીધે હું વિષાદમય જીવન પસાર કરી રહ્યો છું. મારા મનની આ વિવશતાથી ભવાંતરમાં પણ માત્ર દુઃખની જ પરંપરા સરજાવાનો સંભવ છે. પરંતુ આપ મારા **મનમોહન** બનશો તો મારું મન જરૂર સીધું ચાલશે અને આપના તરફ અનેરું

આકર્ષણ જાગતાંજ એ આપની ભક્તિ અને ધૂન પાછળ ઘેલું બનશે. વળી ગુરુવાણીરૂપી વીણાના ગુંજનથી હમેશાં જાગ્રત રહેશે અને વિષયોની આધીનતા તથા કષાયોની પરાધીનતાથી મુક્ત બની જશે. પછી તો હું દ્રવ્યથી પવિત્ર બની, ભાવથી વિશેષ પવિત્ર બની, આત્મિક આરોગ્યતા પ્રાપ્ત કરી આપના જેવી જ જીવન્મુક્તદશા પ્રાપ્ત કરીશ.

*

## મણકો છેંતાલીશમો... રખવાળાં

પારંગત પ્રભો !

આપ તો પ્રેમના પારાવાર છો, ભવ્યાત્માઓનાં હૈયાના હાર છો, દિલના દરિયા છો, સુખના સાગર છો અને સંસારી જીવોની દીર્ઘ દુઃખશ્રૃંખલાને તોડી નાખવામાં સમર્થ છો.

પ્રભો ! મારા જીવનક્ષેત્રના રખેવાળ બનશો ? જો આપ મારા જીવનક્ષેત્રમાં દૃષ્ટિ ફેરવશો તો પણ નુકસાન કરનારા વિષય–કષાયરૂપ પંખીઓ અને ઈર્ષ્યા–અદેખાઈરૂપ ક્ષુદ્ર જંતુઓ પલાયન થઈ જશે, વિનષ્ટ થઈ જશે અને મારા જીવનક્ષેત્રની શુદ્ધિ થશે. આપ તો પારંગત છો. આપના પ્રેમનું એક બિંદુ પણ મારા જીવનને પવિત્ર બનાવશે. આપના

દિલરૂપી દરિયામાં મને ડૂબકી ખાવા દેશો તો મારા જીવન-ક્ષેત્રના તમામ મળો ધોવાઈ જશે અને આપનાં સ્નેહમય નયનોમાંથી સ્નેહનાં અમી વરસાવશો તો મારા જીવનક્ષેત્રમાં અનેક મીઠાં મધુરાં ફળો પાકશે.

આપના હીલોળા મારતાં સુખસાગરમાંથી મને એક પણ બિંદુ મળશે તોય મારા સમગ્ર દુઃખનો અંત આવશે. પ્રભો ! આપ જરૂર મારા જીવનક્ષેત્રના રખેવાળ બનો. આપ જેવાનાં અત્યુત્તમ રખવાળાં મેળવી હું કંચનસમો નિર્મળ બની મુક્તિનગરનો પ્રવાસી બની શકીશ.

પ્રભો ! આપ જેના રખેવાળ બનશો, તેનો વાળ પણ વાંકો કરવાની કોઈનામાં તાકાત નથી. આપનાં જ **રખવાળાં** અલૌકિક લાભદાયી છે. પારંગત પ્રભો ! પાર ઉતારો.

*

## મણકો સુડતાલીશમો... પરમ તૃપ્તિ

મોહજીત પ્રભો !

કોઈથી પણ ન જીતાય એવા મોહને જીતી આપ મોહજીત બન્યા છો, નિર્મોહી બન્યા છો. કોઈના પ્રત્યે આપને લેશમાત્ર પણ મોહ રહ્યો નથી. બીજું તો ઠીક, પણ સદાના સાથીદાર સમા શરીર પ્રત્યે પણ આપે મોહ રાખ્યો નથી, મમત્વની લાગણી બતાવી નથી. ક્ષુધાવેદનીય કર્મ પણ આપને પરાજીત કરી

શક્યું નથી ! સ્વાદપ્રિય જીભલડીને તો આપે એવી ફટકારી કે બિચારી લબકારા મારતી જ અટકી ગઈ. શરીરને નિઃસ્વાદ પોષણ આપી, કર્મશૂરવીર બની, આપ અખંડ સુખના ભોક્તા બન્યા. "દેહદુઃખં મહાફલં" એ વાક્યને આપે ચરિતાર્થ બનાવ્યું. પરમ તૃપ્તિને પ્રાપ્ત કરી તૃપ્ત બન્યા. જ્યારે હું મોહથી પરાજીત બનેલો સ્થાને સ્થાને ઠેબા ખાતો જ ફરું છું. મને ખાવાની ખૂબ જ લાલચ છે. દરરોજ મનગમતા સ્વાદિષ્ટ પદાર્થો આરોગતા થાકતો જ નથી. આખો દિવસ જે મળે તે ખા....ખા....કરતાં પાપનો પણ જરાય ભય રાખતો નથી. આ ખાઉં ને તે ખાઉં ! જુદા જુદા રસનો સ્વાદિલો બની આસ્વાદ માણ્યા જ કરું છું. તૃપ્તિ–સંતોષ મેળવવા ખૂબ ખાધું....ખૂબ પીધું....તોય જરાય સંતોષ મળ્યો નથી. શરીરનો એટલો બધો મોહ છે કે એની ટાપટીપમાં અને સારસંભાળ માંથી જ ઊંચો આવતો નથી. આમ છતાં સુખનો અંશ સાંપડ્યો નથી. ભગવન્ ! મને મોહજીત બનવાની કુંચી બતાવો, જેથી સંતોષઝરણાને ઝીલી **પરમ તૃપ્તિ** પ્રાપ્ત કરું.

*

## મણકો અડતાલીશમો... આકર્ષણ

તેજસ્વી પ્રભો !

આપે તૃષ્ણાનો ખાડો ત્યાગથી પૂરી દીધો ! આપના જીવનમાંથી તૃષ્ણા વિલય પામી ગઈ, અને આત્મતેજ પ્રગટ્યું !

એ તેજ પ્રગટાવવા આપે આદરેલા મહાન પુરુષાર્થની કહાણી મારા જેવો ચર્મજીભી જીવડો શી રીતે કથી શકે? આપના તેજોમય જ્ઞાનનો....તેજોમય દર્શનનો અને તેજોમય ચારિત્રનો અદ્ભુત ત્રિરંગી દીવડો ઝગમગ ઝળકી ચોમેર પ્રકાશ પાથરી રહ્યો છે. એના તેજપુંજથી આકર્ષાઈ અનંત આત્માઓ આપના તેજપુંજમાં સમાઈ જવા સુભાગી બન્યા છે. જેને જેને આપના તેજપુંજનું આકર્ષણ જાગે છે, તે તે અવશ્ય આપના એ તેજપુંજમાં લીન બની જાય છે. ભગવન્! મને આપના એ ત્રિરંગી દીવડાનો તેજપુંજ આકર્ષી રહ્યો છે. પણ અનેકરંગી સંસારરૂપ ટમટમિયું અનાદિ કાળથી મારા દિલ પર આકર્ષણ જમાવી બેઠેલું હોવાથી મારું દિલ આપના એ તેજસ્વી ત્રિરંગી દીવડા પ્રત્યે મીટ માંડવા પણ સમર્થ થઈ શકતું નથી.

પ્રભો! એ સંસારરૂપ ટમટમિયાની પાછળ પતંગિયાની માફક ઘેલો બની, અનેક વખત જાતનો ભોગ આપી, ફરી જન્મ ધારણ કરી, દુઃખજન્ય દશાને પ્રાપ્ત થયો છું. હવે તો જન્મ-મરણનો ખૂબ થાક લાગ્યો છે. એ થાક ઉતારવા આપના ત્રિરંગી દીવડાની સમીપે આવી શકું અને તેમાં લીન બની જાઉં, એવી શક્તિ આપો. આપને વિશેષ શું કહું પ્રભો?

*

## મણકો ઓગણપચાસમો.... ભદ્રતા

દિલઠારક પ્રભો !

કષાયરૂપ અગ્નિને સમતારૂપ પાણી છાંટી આપ પરમશીતલ બન્યા. આપની ભાવના વિશાળ હતી કે હું પોતે ઠરૂં અને બીજાને પણ ઠારૂં ! હું શીતલ બની બીજાને પણ શીતલતા આપું ! એ ભાવના આપે સિદ્ધ કરી બતાવી. અનેકોને ઠારનાર અને તારનાર બન્યા. આપના જેવી ભદ્રતા–કલ્યાણકામના મેં બીજે ક્યાંય પણ જોઈ નથી. આપે એવો ઉપદેશ આપ્યો છે કે દિલને દર્પણ સમાન સ્વચ્છ રાખવું, પણ ભગવન્ મારું દિલ કેવું છે એ આપે જોયું ? મારી વૃત્તિ કેવી છે એની તપાસ કરી ? મારા દિલમાં ક્યાંય ભદ્રતાનું નામનિશાન છે ખરું ? માત્ર ક્ષુદ્રતાજ ભરી પડી છે. ક્યાંથી મારો ઉદ્ધાર થાય ? આપ પોતે ઠર્યા અને બીજાને પણ ઠારનારા બન્યા. જ્યારે હું પોતે બળું છું અને બીજાને બાળું છું ! મારું હૈયું કલુષિત છે, તેથી બીજા બધાને પણ દોષભર્યા માનું છું. " **દૃષ્ટિ તેવી સૃષ્ટિ** " તે આનું નામ ! મારું અંતઃકરણ બળી બળીને બૂઠા થઇ ગયેલા બાવળીયા સરખું છે. એને ઘસી ઘસીને દર્પણ જેવું બનાવવા માટે મને ભદ્રતારૂપ કિસિયો આપો. દિલને દર્પણ જેવું બનાવી એમાં મારે આપનું પ્રતિબિંબ પાડવું છે અને આપના જેવા ભદ્રપુરુષ બનવું છે. ભદ્રતા સિવાય હું આપની પાસે કંઈ પણ માગતો નથી. **ભદ્રતા** આપો, પ્રભો ! **ભદ્રતા** આપો.

*

મણકો પચાશમો....                    દર્શન

મહાત્મન્!

આપની મહાનતા અપૂર્વ છે. તેથી જ મહાત્મા બની આ જગતના દરેક આત્માઓને મહાન્ બનાવવાની અભિલાષા ધરાવો છો.

સંસારતાપથી ભડકે બળતા ભવ્ય પ્રાણીઓ સંસારતાપથી ખૂબ અકળાયાં, ત્યારે શાંતિ મેળવવા આપના શરણે દોડી આવ્યાં. આપે પણ તેઓના પ્રત્યે સહાનુભૂતિ બતાવી, તે દરેકને હૈયામાં સમાવી લીધા. તેઓ આપના શમરસભર્યા મુખદર્શનથી પ્રશાંત બન્યા. તેમણે મનનાં પાપ ધોઈ નાખ્યાં, તનના તાપ દૂર કરી નાખ્યા અને વચનથી પોતાની બધી કાયરતા ખંખેરી નાખી. સંસારના ત્રિવિધ તાપથી તપ્ત બનેલા એ આત્માઓએ આપના પ્રત્યક્ષ દર્શનનું અમીપાન કરી પરમશાંતિ પ્રાપ્ત કરી. તે સમયે શું હું આપના દષ્ટિપથમાં આવ્યો નહિ? હાજર હોત તો ચોક્કસ તરી જાત. પણ **"અકર્મીનો પડિયો કાણો!"** ખરેખર! હું અકર્મી જ છું. મારો પુણ્યરૂપી પડિયો કાણો નીકળ્યો. એમાં આપનો શો દોષ? આપના તેજોમય દર્શનથી વંચિત રહ્યો! માટે જ હું અભાગી છું! ભાગ્યયોગે કદાચ આપના પ્રત્યક્ષ દર્શન ભવાંતરમાં કર્યાં હશે તો પણ કોરડિયા મગની માફક પકવ્યા વગર રહી ગયો! આપના સ્નેહદર્શનથી વંચિત રહી ગયો!

મરી પરવારી છે. માત્ર બાહ્યાનંદમાં રાચીમાચી રહું છું. પુદ્ગલાનંદી બની જ્યાં ત્યાં સુખ માટે ફાંફાં માર્યા કરું છું. બાહ્ય શાંતિ અને આનંદ માટે હું મારો અમૂલ્ય માનવજન્મ વેડફી રહ્યો છું. મનની કલ્પેલી શાંતિ મેળવવા ગમે તેવાં પાપકર્મો આચરતાં પણ અચકાતો નથી ! પૂર્વ સંચિત પુણ્યની પેટીનું તો તળિયું દેખાવા આવ્યું છે. શું કરું ?

આપના પ્રભાવથી પ્રભાવિત બની આપની પાસે આવ્યો છું. કોઈ રીતે આપના નામનો કે કામનો પ્રભાવ મારા જીવન પર પડે તો મારો બેડો પાર થઈ જાય. આપના જેવા પ્રભાવ-શાળી પ્રભુજીને પામીને પણ શું હું જીવનની બાજી હારી જઈશ? નહિ....નહિ....નહિ....કદાપિ નહિ....! આપના પ્રભાવે ચોક્કસ પવિત્ર બનીશ, કૃતકૃત્ય થઈશ.



## મણકો છપ્પનમો.... આરઝુ

ઓ પતિતપાવન !

હું પતિત છું, દ્રવ્ય અને ભાવ બંનેથી પતિત છું. મારા જેવા અનેક પતિત આત્માઓને આપે પાવન બનાવી તાર્યા છે. મારે પણ પાવન બનવું છે, કેમ કે દુનિયામાં પતિતની કોઈ કિંમત નથી. માટે જ આપના સંગે રહેવા આવ્યો છું, આપના પંથનો પથિક બન્યો છું. હવે મને કોઈનો

પણ ભય નથી. પરંતુ મારા જીવનમાં સુખશીલિયાપણું એટલું બધું વ્યાપી ગયું છે કે આધ્યાત્મિક પ્રવૃત્તિ કંઈ પણ કરવી ગમતી નથી. આપની દૃષ્ટિએ તો હું સાવ મગતરા સરખોજ છું! ત્યાગમાર્ગની ભૂમિકાએ મેં માંડ....માંડ....પા....પા.... પગલી માંડી, પણ હૃદયભૂમિમાં "અહં અને મમનો" ભાલો જ ભોંકાયા કરે છે. અહં ઘવાતા ક્રોધ ઉત્પન્ન થાય છે અને હું અંધ બની જાઉં છું. પછી માર્ગ સૂઝતો નથી. મનની અધસતાએ મને સુખશીલિયો બનાવી દીધો છે, એટલે કઠોર સાધનાપથ પર પગલાં માંડી શકતો નથી. આ બે કારણોથી હું સાવ પતિત બની ગયો છું. પ્રભો! મારી મનોભૂમિમાં ત્યાગના રંગ જમાવો. જો ત્યાગની રંગત જામશે, તો અહં અને મમની સંગત છૂટી જશે અને મારો માર્ગ નિષ્કંટક બનશે.

ઓ પતિતપાવન પ્રભો! મારી આટલી આરઝુ ધ્યાનમાં લ્યો. ત્યાગના પંથે પા....પા....પગલી ભરતા એવા મને જોરદાર ટેકો આપી સિદ્ધિના સોપાને ચડાવો. હું આધ્યાત્મિક જીવન જીવી દ્રવ્ય અને ભાવથી પાવન બનું એવી પ્રેરણા કરો. મને દુઃખી દેખી શું આપને દયા નથી આવતી? હવે તો મારો નિશ્ચય અફર છે. હું આપના જ સંગે રહેવાનો છું. કદી તરછોડશો તો પણ હું આપનો સંગ છોડનાર નથી. ભવાંતરમાં પણ મને આપની પાસે જ રાખજો. મારી આરઝુ ધ્યાનમાં લઈ મને આટલી સહાય જરૂર આપજો.

❊

તારણહાર દેવ !

હું જે વખતે પુણ્યની પથારીમાં પોઢયો હતો, તે વખતે મને એમજ લાગતું કે સર્વત્ર સુખજ છે, પણ એ પુણ્યની પથારી નીચે ભયંકર સાપ જેવું પાપ સંતાઈને બેઠું છે, એની ખબર તો ત્યારે જ પડી કે જ્યારે પુણ્યની પથારી ઘસાઈને ફાટવા આવી ! પ્રભો ! દેવના ભવમાં મેં અનર્ગલ સુખ સાણ્યું, પણ પુણ્યખજાનો ખલાસ થતાં બીજી ગતિઓમાં અથડાવાનો વખત આવ્યો અને ભયંકર સાપ જેવું પાપ સામે આવીને ઊભું રહ્યું, ત્યારે હાયકારો નીકળી ગયો. માનવભવમાં જ્યારે ગુરુજનોએ પુણ્યનો મહિમા સમજાવ્યો, ત્યારે હું મારી આંખે ઊંધા ચશ્મા ચડાવીને બેઠો હતો ! આથી હું ઊંધે પાટે ચડી ગયો. જે કરવાનું હતું, તે ન કર્યું અને જે ન કરવાનું હતું, તે પ્રેમથી કર્યું ! પાપો નોતા કરવાનાં, તેને આદરથી કર્યાં. પુણ્ય કરવાનાં હતાં, તેનો અનાદર કર્યો ! પણ પાપનાં ફળરૂપે દુઃખ ભોગવવાનાં આવ્યાં, ત્યારે માથું કૂટવા બેઠો ! આ વાત કોને કહું ? "હાથનાં કર્યાં હૈયે વાગ્યાં." મારી ભૂલનો ભોગ હું જ થયો.

હે તારણહાર ! હવે ભૂલ સમજાણી છે, તેથી સજાગ રહેવા પ્રયત્ન કરીશ. પાપનાં કાર્યો છોડી પુણ્યનાં કાર્યો કરવા છે, ધર્મમાર્ગે વિચરી મારા આત્માની શુદ્ધિ કરવી છે, અને

પૂર્વસ્નેહ પણ શું યાદ નથી આવતો? મુક્તિરાણી તો આપ જેવા સ્વામીને પ્રાપ્ત કરી જાણે કૃતકૃત્ય બની ગઈ હોય, એમ બીજાની ઈચ્છા જ કરતી નથી. પણ એમાં મારું શું વળ્યું? મારા માટે તો એની એજ ભ્રાંતિ ને ભ્રમણા રહ્યા! મરણ પહેલાં જો મને આપનો ધર્મસ્નેહ મળી જાય, આપના ચરણનું શરણ મળી જાય અને આપના નામનું સ્મરણ પ્રાપ્ત થઈ જાય તો જ મારું કામ પાકે. તેથી પ્રભો! ધર્મસ્નેહનું સિંચન કરી મૃતપ્રાયઃ બની ગયેલી મારી જીવન-શક્તિને સંજીવન કરો. હું આપના પ્રેમનો પ્યાસી છું, પણ કર્મરાજાના મારથી લગભગ બેભાન બની ગયો છું, સાવ દબાઈ ગયો છું. મારું ભેજું અશાંત વાતાવરણથી અવરાઈ ગયું છે. મુક્તિરાણીના હાથની મીઠી સુખડીનો સ્વાદ માણવાની મારી અભિલાષા પૂરી કરવી એ આપના હાથની વાત છે. શુષ્ક બની ગયેલા મારા તન–મનને **ધર્મસિંચનથી** વિકસિત બનાવો.

*

## મણકો એકસઠમો.... સદાચાર

વિશ્વપતિ!

આપના જીવનમાં સદાચારના સાથિયા પૂરાયા, તેથી એ જીવન અત્યંત સોહામણું બની ગયું અને ત્રણેય લોકનું

આકર્ષણ કરવા લાગ્યું! સુરો, અસુરો તથા મનુષ્યો આપને ફરી ફરી વંદવા લાગ્યા, આપના પાયને પુન: પુન: પૂજવા લાગ્યા. આપના જેવી સદાચારની સુંદરમૂર્તિ આ જગતમાં અન્યત્ર ક્યાં મળે? "સવી જીવ કરું શાસનરસી" એવી ઉદાત્ત અને ઉચ્ચત્તમ ભાવનાને ભાવતાં ભાવતાં આપ આપનું જીવન સુધારી ગયા, કલ્યાણ સાધી ગયા. વિચાર, વાણી અને વર્તનમાં કોઈ જાતનો ભેદ ન હતો. જેવી ભાવના હતી, તેવો જ બોધ આપી સૌના તારણહાર બન્યા. આપની જીવનશુદ્ધિ પણ સંપૂર્ણ હતી. આપ સદાચાર અને વિકસિત ભાવનાના સુમેળથી ભવજલ તર્યાં. અને મેં દુરાચારથી અને કલુષિત ભાવથી ભવને વધાર્યાં કર્યાં! ભવમંડપમાં રાસડા રમતાં રમતાં ખાસડાં ખાવાનો જ વખત આવ્યો. ગયો હતો આનંદ લેવા, પણ આક્રંદ લઈને આવ્યો! ભગવન્! મારા દિલમાં આપના જેવી સોહામણી ભાવના જાગ્રત કરવાનો સુંદર કિમિયો બતાવો. કલુષિત ભાવથી મેં ખૂબ કદર્થના સહી. હવે તો મારી એક જ ઈચ્છા છે કે જલ્દી મારું ભવ-ભ્રમણ ટળે. જીવનમાં **સદાચાર** આવશે તો જ મારા વિચાર, વાણી અને વર્તન સુધરશે તથા મારો બેડો પાર થશે.

❊

ગરીબનિવાજ!

આપની પાસે ગુણરત્નોનો અખૂટ ખજાનો ભર્યો છે, તેથી જ આપ રાજરાજેશ્વરના સ્થાનને શોભાવો છો. ત્રણે જગતની ઠકુરાઈ આપના ચરણમાં આળોટે છે, પણ તે અતિ તુચ્છ છે. આપ અંતર અને બાહ્ય સંપત્તિથી તવંગર છો, છતાં આપનામાં અભિમાનનો લેશ નથી. મારી પાસે થોડીક બાહ્ય સંપત્તિ છે, પણ અંતરની સંપત્તિથી હું સાવ રહિત છું. મારી પાસે ગુણરૂપી રત્ન એકપણ નથી, છતાં અભિમાનનો પારો આસમાને પ્હોંચી જાય છે! આપની પાસે ગુણરત્નોનો જે મહાન ભંડાર છે, તેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્નો અનોખા તેજથી ચમકી રહ્યા છે.

પ્રભો! આપ ગરીબનિવાજના બિરૂદને સાર્થક કરો. મને થોડાં શાં ગુણરૂપી રત્નો આપી શ્રીમંત બનાવો. સૂર્ય પાસે ખજુઓ થોડો પ્રકાશ માગે તો એમાં કંઈ સૂર્યને ખોટ પડતી નથી. એ તો પ્રકાશ પાથરતો જ ફરે છે, તેમ આપ મને થોડાં ગુણરત્નો આપી નવાજશો તો ક્યાં ઓછાશ પડવાની છે? આપનો ખજાનો અખૂટ જ રહેવાનો છે. કર્મોનું કાસળ કાઢવા માટે મારે એ રત્નોની ખાસ જરૂર છે. તેથી જ ગરીબનિવાજ એવા આપની પાસે ભિક્ષા માગવા આવ્યો છું. આ ભિક્ષુકની માગણી પૂરી કરો.

*

## સંસ્કૃતિ

## મણકો ત્રેશઠમો..

અંતરના નાથ!

ભવાંતરમાં એકઠાં કરેલા કર્મરૂપી લાકડાંને [illegible] પાસે એટલો બધો ભર્યો પડ્યો છે કે એ [illegible] થતો જ નથી. આઠ કર્મોની એકઠાં [illegible] રહી છે. એટલું જ નહિ પણ એમાં [illegible] જ થતો રહે છે અને એ પ્રકૃતિઓ [illegible] જાય છે. ઘટ-ઘટનું જાણનારા. [illegible] તો નજર નાંખો આપની એવા આપ જરા મારા અંતર તરફ [illegible] દૃષ્ટિ પડતાં જ એમાં આપની શુભ પ્રકૃતિના [illegible] પ્રવેશ કરશે અને મારા અંતરમાં [illegible] સંસ્કૃતિ વગર વિકૃતિ ટળવાની નથી અને પ્રકૃતિ [illegible] નથી. એ નિશ્ચિત છે. મારા જેવા નિર્બળ અને [illegible] મન-વાળા આત્માઓને આપ જેવા પરમાત્માના [illegible] વગર છૂટકો જ નથી! મારા અંતરના [illegible] આધ્યાત્મિક ખોરાક ખૂટ્યો છે. તેથી જ [illegible] જ્યાં ત્યાં રખડું છું અને [illegible] આપને મારા અંતરના નાથ [illegible] મારા ઇન્દ્રિયોરૂપી ભાજનમાં સંસ્કૃતિના [illegible] મારે એ મિષ્ટ ભોજન જમો. વિકાર દૂર કરો. [illegible] પિંડને ઓગાળી નાખવા છે. વળી જ્ઞાનરૂપી અગ્નિમાં કર્મરૂપી [illegible]

લાકડાં બાળીને ખાખ કરવા છે. એની રાખ ઉડાડી જીવનની સાખ સુધારવી છે અને શ્રેયઃસુખના અધિકારી થવું છે.

*

## મણકો ચોસઠમો.... કરુણાસ્રોત

કરુણાસિન્ધો !

હું દરરોજ પ્રભાતના પહોરે, આપના પ્રેમનો ભીખારી બની, જ્યાં આપની મનોહર મૂર્તિ પ્રકૃષ્ટ પ્રેમનો પડઘો પાડી રહી છે, ત્યાં દોડતો આવું છું. આપના પ્રેમધર્મનો સંદેશ ઝીલવો છે, પણ સંસારરૂપી ખાબોચિયાના ગંદાં પાણી મારા હૈયામાં છલોછલ છલકાય છે. એમાં રાગની ચીકાશ ઘણી છે. સાથે દ્વેષની કાળાશ પણ જબરી છે. એની શુદ્ધિ—સ્વચ્છતા કરવા માટે પ્રબળ ઈચ્છા હોવા છતાં અને થાય તેટલા પ્રયત્નો આદરવા છતાં સફળ થતો નથી. પવિત્ર બનવાની ખૂબ ઈંતેજારી હોવા છતાં હું આપના સ્નેહસાગરમાં સ્નાન કરીને નિર્મળ બની શકતો નથી. આપની પ્રેમમૂર્તિસમી પ્રતિકૃતિમાં તન્મય બની શકતો નથી. ભગવન્ ! આપ કરુણાસિન્ધુ છો. કરુણાનો સાગર આપના હૈયામાં છલકાય છે, એથી જ હું આપની મદદ માગવા આવ્યો છું. માત્ર એક નાનો શો કરુણાસ્રોત મારા અંતર તરફ વહાવો ! જેથી રાગની ચીકાશ ખસવા માંડે, દ્વેષની કાળાશ દૂર થાય અને મારું

અસ્વચ્છ હૈયું સ્વચ્છ બની જાય. પરિણામે હું દર્પણના પ્રતિબિંબની જેમ આપની પ્રતિકૃતિના સ્વરૂપમાં લીન બની જાઉં, એકાકાર બની જાઉં, અજપા જાપ જપી પાવન બની જાઉં અને ભવવાસ ટાળી મોક્ષનગરનો પ્રવાસી બની જાઉં. ભગવન્! **કરુણાસ્રોત** વહાવો, પ્રેમભિક્ષા આપો. આપના પ્રેમનો પાત્ર છું; આપની પ્રીતિનો રસિયો છું, આપની કરુણાનો કામી છું.



## મણકો પાંસઠમો... ફલશ્રુતિ

દેવાધિદેવ !

દેવોના સ્વામી એવા દેવેન્દ્રોના પણ આપ સ્વામી છો. એ ઇન્દ્રો મહાશક્તિશાળી હોવા છતાં પણ આપનું દાસપણું સ્વીકારે છે! તેથી જ આપ પરમ તારક દેવાધિદેવ કહેવાઓ છો. અને હું તો આપના દાસનો પણ દાસ છું. તેથી આપની પૂજા વિશેષ પ્રકારે કરવાની નેમ ધરાવું છું. મારી એવી ભાવના છે કે હું આપનો સાચો પૂજારી બનું. મારા પર દુન્યવી ગમે તેટલી વિપત્તિઓ આવે તો પણ હું ધર્મમાર્ગથી ચલિત ન થાઉં અને અડોલ રહું; એ આફતોને સહેલાઈથી સહન કરી શકું એવી શક્તિ આપજો. એ વિપત્તિઓથી મારું રક્ષણ કરો, એવી મારી માગણી નથી, પણ એ વિપત્તિઓને, શારીરિક કે માનસિક વેદનાઓને

આશ્વાસન રૂપ બન્યો હોત તો આજે મને આપની પાસે પોકાર પાડવાનો સમય આવ્યો ન હોત!

ઓ ધર્મપિતા! હું આપને વિજ્ઞપ્તિ કરું છું કે મારી કાયા હવે કદી પણ જાણેઅજાણે અકાર્ય કરવા ન પ્રેરાય, અને સુકાર્યો કરી આત્મસાધના કરવા માટે તત્પર બને, એવું બળ આપો. મારી વિજ્ઞપ્તિ સ્વીકારો.



## મણુકો ઓગણસીત્તરમો લગની

તીર્થનાયક!

આપ તારક છો, તીર્થસ્વરૂપ છો, તીર્થનાયક છો. આપની છાયા પણ તીર્થમય છે. મને આપની તીર્થમય છાયા મળી એ મારા સદ્ભાગ્યની જ ખરેખરી નિશાની છે. આપના તીર્થરૂપ શાસનમાં હું નવો નીશાળિયો છું. નવો નીશાળિયો જેમ પેનથી પાટીમાં આડાંઅવળાં લીટા તાણતો રહે છે, ત્યારે જ તેને એકડો આવડે છે, તેમ હું પણ જીવનની સપાટી પર ધર્મભાવનારૂપ પેન લઈ જેવા આવડે તેવા લીટા તાણ્યા જ કરું છું. એમ કરતાં જો એક વખત સમકિતરૂપ એકડો આલેખાઈ જશે તો મને આપના તીર્થમાં મળેલો માનવજન્મ સફળ થઈ જશે. સાચે જ આપના શાસનનો પ્રભાવ અચિંત્ય છે. આપનું મહામોલું શાસન પામી અનેક

આત્માઓ ભવસાગર તરી ગયા.
આશ્વાસન છે.

પ્રભો ! મને તમારા શાસનની લ
સુધી મારો સંસાર છે, ત્યાં સુધી મને
જન્મ મળ્યા કરો. સાકરનો સ્વાદ મ્હોંમ
તો બીજી કોઈ વસ્તુ ગમતી નથી, તેમ
આપનું શાસન મળ્યું છે, તેથી હવે
નથી. આંબાનાં મીઠાં ફળો મેળવી ધતૂ
ભગવન્ ! આપના તીર્થને આરે આવીને
પાછો સંસારરૂપી ખાડામાં ધકેલાઈ ન
આપની પાસે માગું છું. લાગેલી લગન
મારી વિનમ્ર પ્રાર્થના છે.

*

## મણકો સીત્તેરમો....

અભયદાતા !

આપ જગતના પ્રાણીઓને ભયર
નિર્ભય બનાવો છો. તો હું શું આપન

કરવામાં આપ ધુરંધર છો. આપની માતૃભક્તિનો નમૂનો પણ બીજે ક્યાંય શોધ્યો જડે એમ નથી. હજાર વર્ષ સુધી તપ કરી જગતને ખુંદી ખુંદીને આત્મશક્તિનું સત્ત્વ નીચોવીને મહામૂલ્યવાન એવું કેવળજ્ઞાન રૂપી રત્ન મેળવીને આપે આપની માતાને આપી દીધું. જગતને માતૃભક્તિનો સંદેશો આપ્યો. અને મુક્તિરમણીને વરવા આતુર થયેલા એવા આપે એને જોવા માટે પ્રથમ માતાને જ મોકલ્યા ! જગતને વિનયના પાઠ ભણાવ્યા, માનવ માનવ વચ્ચે પ્રેમની પ્રતિષ્ઠા કરી, ભાઈ-બહેનનો પવિત્ર સંબંધ બતાવ્યો, રાજ્યધર્મનું રહસ્ય સમજાવ્યું, સાધુતાનો સોનેરી અંચળો ઓઢી સાધકધર્મનો મહિમા બતાવ્યો, ભિક્ષાચર થઇ દાનધર્મ વહેતો કરાવ્યો. તીર્થંકરપદ ભોગવી કર્મવિજેતા બન્યા. આવું સામર્થ્ય તો મારામાં ક્યાંથી પ્રગટે ! માત્ર રાગ-દ્વેષને જીતવાનું સામર્થ્ય મળે તો ય બસ છે.

*

## મણકો સુંમોતેરમો... પૂર્ણપ્રીત

અજેય પ્રભો !

આપે અનુભવથી જાણી લીધું કે આત્મબળ પાસે સઘળાં બળો પાંગળાં છે, એની શક્તિ અમાપ છે, એને કોઈ જીતી શકે એમ નથી. એથી જ આપે આત્માનું બળ ખીલવવા અથાગ પુરુષાર્થ આદર્યો, અને કર્મસત્તાને તોડી

અજિત બન્યા, અજેય બન્યા. કામથી પણ અજિત અને નામથી પણ અજિત! સર્વ ભાવોને આપે જીતી લીધા. એ રીતે હું પણ જો શક્તિ ફોરવું તો આપની માફક અજિત અવશ્ય બની શકું. પણ "વો દિન કહાં"? કર્મસત્તાએ મને કચડી નાખ્યો છે. એ કારમી કુટિલ સત્તાના ફરમાન પ્રમાણે મારે વર્તવું પડે છે. પ્રભો! હું સ્વસત્તાએ આપની માફક અજિત હોવા છતાં મારી આ દુર્દશા થઈ છે. હું ચેતનવંતું જીવન જીવી શકું એ માટે મને આપની પૂર્ણપ્રીતનો ભાગીદાર બનાવો, મારામાં ધર્મસત્તાનું બળ પૂરો, જેથી હું કર્મસત્તાને વેગળી કરી જીંદગીનો લહાવો લઈ શકું. તેમજ અણમોલ અને અણખૂટ એવી આત્મકમાણી કરી જ્ઞાનસંપત્તિથી જીગરની ભીતર ભરી શકું! પ્રભો! મેં આપને મારા પ્રીતિભાજન બનાવ્યા છે, મનના સાજન માન્યા છે, મહાજન માન્યા છે, મારાથી અળગા ન થશો. અજેય આત્મબળ પ્રગટાવવા મેં આપનો આશરો લીધો છે. અજિત એવા આપની સંગે રહી હું ચોક્કસ અજિત બનીશ. કોઈથી પણ પરાજિત નહિ થાઉં, એવી મારી આંતરિક શ્રદ્ધા છે.

*

## મણકો પંચોતેરમો.... અમર નામના

અમરનામી ઈશ્વર!

આપના નામમાં એવાં કામણ ભર્યાં છે કે એ સાંભળતાં જ મારા સંસારનાં સૌ કામ વિસરી જાઉં છું. આપનું

નામ લેતાં સાકરથી પણ સો ગણી મીઠાશ અનુભવું છું. માનવજીવન ધરીને આપે એવાં કામ કર્યાં જેથી આપનું નામ અમર બની ગયું. અગણિત વરસો વીતી જશે, તો પણ એ નામ નષ્ટ થવાનું નથી. આપે નિર્વાણયોગની સાધના આદરી ભવરોગ મટાડ્યો અને સત્યનામી ઇશ્વર તરીકે જનહૃદયમાં અતિ ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું. આપની **અમર નામના** નીરખી મારું અંતર પ્રભાવિત થયું છે અને દિલમાં ધર્માંકુરો ફૂટવા લાગ્યા છે, પરંતુ આપની વાણીરૂપ પાણીનું સુમધુર સિંચન થાય તો જ ધર્મવૃક્ષ મોટું બની ખીલી ઉઠે. અને મારો ભવનિસ્તાર થાય. બાકી તો મારાં કામ એવાં છે કે દુનિયા મને ડામ ન આપે તો બીજું શું આપે? સ્વકર્મરૂપ અગ્નિના ડામથી મારું અંતર દાઝી રહ્યું છે. મેં મોહમદિરાના જામ પીધા છે, તો અંતરરામને આરામ ક્યાંથી મળે! વળી નામ ગવરાવવા માટે જ દામ વાપરું છું તો સત્યનામના ક્યાંથી પ્રગટે! દુનિયામાં મારી પિછાણ કેટલી? થોડો સમય મારા વર્તુલમાં વાહ વાહ થાય એવાં કામો કરું છું ખરો, પણ આખરે એ વાહ વાહ તો હવામાં જ ઉડી જાય છે. કપૂરની માફક એનું નામનિશાન પણ રહેતું નથી. આપના જેવી યોગસાધના મારા જીવનનો ધ્રુવતારક બનીને રહે તો જ હું આપની માફક સત્યનામી–અમરનામી બની શકું. પ્રભો! મારી અમર બનવાની ભાવના પૂર્ણ કરવા મારા જીવનમાં સત્ય પ્રગટાવો.

*

## મણકો છોંતેરમો....



અભિવંદ્ય પ્રભો !

આંસુ લેનાર કોઈ નથી. આપની છાયામાં, નિર્મળ ચરણમાં મને ચિરકાલીન સ્થાન મળશે તો જ મારા અંતરનાં આંસુ સૂકાશે. અને હું આપની માફક અક્ષય આનંદકારી એવા સુખના દહાડા જોવા ભાગ્યશાળી બની શકીશ. **અંતરનાં આંસુ** લેવા પ્રભો! મારા હૃદયમંદિરે પધારો.



## મણકો સિત્તોતેરમો... સિદ્ધિસોપાન

સન્મતિદાયક વિભો!

મને સન્મતિ આપો! અત્યાર સુધી હું કુમતિના છંદે ચડી ખૂબ કૂટાણો, પીટાણો, એના સંગે રમતાં ઘણાં કષ્ટો સહન કર્યાં. એ કુમતિએ મને ખૂબ નચાવ્યો....ભમાવ્યો.... રડાવ્યો....દોડાવ્યો....! બુદ્ધિને કુંઠિત બનાવી મને કૈંક ઊંઠા ભણાવ્યા! સુમતિની સોબત ન કરવા દીધી. મહામુશ્કેલીએ આજે મને આપનાં દર્શન મળ્યાં છે. મેં આપને દિલના દેવ માની લીધા, સન્મતિદાયક તરીકે સ્વીકારી લીધા. બસ, હવે આપ જ મારા પ્રાણભૂત છો. આપ જ મારા જીવન છો. આપ જ મારા સાચા સાથી છો. મને સુમતિનો સંગી બનાવો, આપ મારા સહાયક નહિ બનો તો કુમતિ ડાકણ મારો છેડો નહિ છોડે. મને એના પાશમાંથી છોડવવો જ પડશે. આપ જેવા સન્મતિદાયક સ્વામી મને સાંપડ્યા, હવે

હું કુમતિનો નચાવ્યો નહિ નાચું. અત્યાર સુધી ગમે તેમ કર્યું, હવે એના દોર્યે નહિ ચાલું. ઇષ્ટદાતા તરીકે આપની ખ્યાતિ સાંભળી હું આપની પાસે ભિક્ષુક બનીને આવ્યો છું. મારા જેવા સેવકની સંભાળ રાખવી, એક નાનકડી ઇચ્છા પૂરી કરવી, એ આપને માટે સાવ સામાન્ય બાબત છે. આપ મારા જીવનવિકાસક બનો, સિદ્ધિસોપાને ચડવા માટે સુમતિ સાથે હસ્તમિલાપ કરાવો. બસ એકજ વાર મારો હાથ પકડીને મને સુમતિનો સાથીદાર બનાવો. ચોક્કસ હું માર્ગ પર આવી જઈશ અને જોત જોતામાં **સિદ્ધિનાં સોપાન** એક પછી એક સર કરતો જઈશ.



## મણકો અઠ્ઠોત્તેરમો.... અમીપાન

પ્રશમકાંતિ પ્રભો !

પદ્મ જેવી સુકોમળ અને સુંદર આપની મુખાકૃતિનાં દર્શન કરતાં ખરેખર! હું મારું દુઃખસંધન સાવ ભૂલી જાઉં છું! સદાય જો આપ મારા અંતરચક્ષુ સન્મુખ રહો તો આ મારી જીંદગીની દરેક પળો મધુમૂલી બની જાય. પછી ભલે આપ. નામસ્વરૂપે....સ્થાપનાસ્વરૂપે....દ્રવ્યસ્વરૂપે કે ભાવસ્વરૂપે ...આવી રહો. પણ આવો જ આવો મો દેવ! હું જન્મ-મરણના સંગ્રામોથી કંટાળી ગયો છું! રાગ-દ્વેષની

કાંટાળી વાડથી વીંધાઈ ગયો છું! મારાં હૈયાની ભૂમિપર કષાયોના કારમા ભાલા ભોંકાઈ રહ્યા છે. વિષયોના કડવા વિષ પી....પી....ને મારી મનોભૂમિ બાળી થઈ ગઇ છે. ક્યારે પણ મેં ચિત્તની પ્રસન્નતાનો અનુભવ કર્યો નથી. કોઈ એવી પળો આવી હશે તો પણ ક્ષણજીવી! ક્ષણે ક્ષણે પલટાતા ભાવો સને સુખનો લહાવો લેવા દેતા નથી. ક્ષણિક સુખનો લહાવો લૂંટવા જતાં હું પોતેજ આંતરશત્રુથી લૂંટાઈ જાઉં છું! કેવી હાસ્યાસ્પદ મારી સ્થિતિ....! મોહજન્ય પદાર્થો લેવા જતાં....ભોગવવા જતાં હું પોતેજ મોહસેનાથી ભોગવાઈ ગયો છું! કેવી દયાજનક મારી સ્થિતિ....! ભલે હું લૂંટાઈ ગયો ...કૂટાઇ ગયો....સંસારમાં વસતાં વસતાં ભલે મારા હાડચામ ઘસાઈ ગયાં, પણ હવે પ્રશમકાંતિ એવા આપને નિહાળ્યા છે. આપ મને અમી નજરથી જોશો, મારા અંતરચક્ષુ સામે આવી વિરાજશો તો હું બધુંય ભૂલી જઈશ. ઘૂંટડે....ઘૂંટડે આપનાં દર્શન–**અમીપાન** કરી તૃપ્ત બનીશ.



## મણકો ઓગણએંસીમો.... સૌમ્ય મુદ્રા

સૌમ્યકાંતિ પ્રભો!

આપની મુખમુદ્રા કેટલી સૌમ્ય છે? શિલ્પી દ્વારા નિર્માણ થયેલી નિર્જીવ પ્રતિમાની મુદ્રા પણ એમાં પ્રાણ

પ્રતિષ્ઠા થતાં સચેતન બની ગઈ. અને એ મુદ્રામાં સૌમ્ય
કાંતિના ઝરણાં ઉભરાયાં. આપની પ્રતિકૃતિ પર સર્વાંગે ઉભરા-
યેલા એ સૌમ્ય તેજને જોઈ જોઈને હું પ્રફુલ્લિત બની જાઉં છું.
આપ જ્યારે સાક્ષાત્ અરિહંતપદે વિરાજી આ પૃથ્વીતલ પર
વિચરતા હતા, તે વખતે આપની મુખાકૃતિ પર કેટલા
સૌમ્યભાવો ઉભરાતા હશે ? એ સૌમ્ય પણ ઝળહળતા તેજવાળા
વદન પ્રત્યે મનુષ્યો નજર માંડી શકતા ન હતા. તેથી તો
આપના ભક્ત એવા દેવતાઓએ આપના મુખારવિંદ પાછળ
ભામંડલની રચના કરી, એ સમગ્ર તેજને એમાં સંક્રમાવી
લીધું. ત્યારે જ સર્વાત્માઓ આપનાં મુખદર્શન બરાબર કરી
શક્યા. આપે ભવાંતરમાં દાન....શીલ....તપ....અને ભાવરૂપ
પ્રવૃત્તિધર્મ અને અહિંસા....સંયમ....અને તપરૂપ નિવૃત્તિ-
ધર્મ સંપૂર્ણપણે આરાધી પુણ્યનો જબ્બર જથ્થો એકઠો
કર્યો. એ પુણ્ય પ્રતાપે જ આપ મહાપ્રતાપી અને મહાતેજસ્વી
બન્યા. આપની એ સૌંદર્યશીલ સૌમ્ય પ્રતિકૃતિ મારા અંતરને
ખૂબ આકર્ષે છે, પણ સંસારના આટપટા ચિત્રપટો મારા
ચિત્ત પર એવા સચોટ અંકિત થઈ ગયા છે કે એને ભૂંસવા
માટે મારા ભવના ભવ ખલાસ કરું તોપણ હજી ભૂંસાય તેમ
નથી. [illegible] ઉતાવળી રહે છે. તેથી મને ક્યાંય ચેન નથી. હું
ઉદાસીનતા મારા મુખ ઉપર પણ તરવરી રહી છે. એને
નિવારવા માટે મને સૌમ્યતાની ખૂબ જરૂર છે. હવે તો
એને આપની સૌમ્ય મુદ્રા મારા અંતરમાં સદૈવ તરવરી રહે
તો જ હું મારા મન અને મુખને સૌમ્ય બનાવી શકું. [illegible]

આવાં દર્શન મને નિત્ય–નિરંતર થયા કરે, એ જ મારી આંતરિક અભ્યર્થના છે.



## મણકો એંશીમો.... જ્યોતિના ઝબકારે

ચંદ્રજ્યોતિ પ્રભો !

ચાંદની શી શીતલ જ્યોતિર્મય આપની પ્રતિકૃતિ નિહાળતાં મારું દિલ થનગની ઉઠે છે અને ચંદન જેવું શીતળ બની જાય છે. ત્રિવિધ તાપથી ઉકળતા મારા દિલને આપના જ્યોતિર્મય દર્શન વિના કોઈ ઠારનારું નથી. સંસારમાં જ્યાં જ્યાં હું નજર નાખું છું, ત્યાં ત્યાં માત્ર અંગારાજ વરસે છે. એમાં શીતલતાં વેરનાર આપ સિવાય કોઈ નથી. આપના આધારે મારી જીવનનૌકા સુરક્ષિત છે. સાગર અને ચંદ્રને જેવી પ્રીતિ છે, તેવી જ પ્રીતિ આપની અને મારી વચ્ચે જો બંધાઈ જાય તો મારા સઘળા સંતાપ ટળી જાય, મારો ફેરો સફળ બની જાય. અત્યાર સુધી મેં સાચા સ્વરૂપે સાચા દિલથી આપનાં દર્શન કર્યાં ન હતાં, એટલે મારી સ્થિતિ કફોડી હતી. પણ હવે હું મારા પ્રકૃષ્ટ પુણ્યથી આપનાં તેજોમય દર્શન પામી શક્યો છું, તેથી મારાં પાપોની ગાગર ફોડી નાખવા સમર્થ બનીશ. અનંતકાળથી હું સંસારની મુસાફરી કરતો આવ્યો છું. હવે આપના ચારુ ચરણોમાં સ્થાન

મળવાથી એ સફર સફળ થવાનાં ચિન્હો દેખાઈ રહ્યાં છે. ચંદ્રજ્યોતિથી અધિક શીતલ વિશેષ ચમત્કાર એવી આપની જ્ઞાનજ્યોતિના ઝળકારે હું મોક્ષનગર ભણી આગેકદમ ભરવા ભાગ્યશાળી બનીશ. પ્રકાશના પગથારે પગલાં ભરતો હું હૃદયને અતિ શાંત બનાવી આપની સાથે તાદાત્મ્ય સાધી જીવનને અભ્રાંત બનાવીશ. આપની છાયામાં સંસારની માયા ફગાવી નાખીશ. આપ મારા નાયક બનશો તો જ હું જ્યોતિના ઝબકારે એ લાયકાત મેળવી આપની પ્રીતિના પાત્ર બનીશ.

*

## મણકો એકયાશીમો.... સમકિત–સુખડી

સુવિધાયક સ્વામી !

સમકિતની સુખડી ચાખી આપ સંતુષ્ટ બન્યા. જ્ઞાનક્રિયા પૂર્વક પ્રવૃત્તિ કરતાં આપ સફળતાના કિનારે પહોંચ્યા. સંસાર–સાગર તરી ગયા. જ્યારથી આપ સમકિત પામ્યા, ત્યારથી આપ સર્વ પ્રત્યે સમભાવી બન્યા. આપના જેવી મનોવૃત્તિ હું ક્યારે કેળવી શકીશ? તે આપ સમે મહામૂલી છો !! સમકિતરૂપ સુખડી ચખાડો તો મારું હૃદય પણ આપના જેવું સમભાવી બને. સર્વનું હિતચિંતક બને. પ્રભો ! કેટલી કૃપા વરસાવો. વિધિપૂર્વકનું જીવન જીવી મને પણ સંસાર

તરવાના કોડ છે. અત્યાર સુધી મને સંસારના રંગરાગ જ ગમતા હતા. તેની ધૂનમાં મેં મારું જીવન ધૂળ જેવું બનાવ્યું. હવે આપ એવી ઉપાસના બતાવો કે જેથી હું સમકિતનાં સાચાં મૂલ સમજું અને પુણ્યના પુલ બાંધું. મને જીવન જીવવાની એવી કળા બતલાવો કે મારા જીવન-રૂપી વૃક્ષ પર સંયમનાં ફૂલો ખીલી ઉઠે અને સંસારના શૂળ ટળે! અત્યારે મને પૂર્વે કરેલી બધી ભૂલો ખટકી રહી છે. સંસારના ઝુલે ઝુલી હું ખૂબ ફૂલ્યો, સાચો માર્ગ ભૂલ્યો. હવે આ માનવકુલને અજવાળી જાઉં, અંતરથી પ્રફુલ્લ બની જાઉં, એ માટે મને **સમકિત-સુખડી**નું ભોજન જમાડો. સમકિતની સુવિધાપૂર્વક ધર્મબગીચામાં ગુલતાન બનું અને અનુક્રમે સિદ્ધપુરનો સુલતાન બનું, એવી મારી આકાંક્ષા છે. એ આકાંક્ષાને પૂર્ણ કરવા આપ સમર્થ સ્વામી છો, સુવિધાયક છો. હવે મારા જીવનસુધારક બનો.



## મણકો બ્યાશીમો.... પરમ શાંત

શીતલતાઅર્પક સ્વામી!

આપ જ સાચા શીતલતા-અર્પક છો. લોકો ભલે ચંદનને શીતલ કહે કે એથી વધુ શીતલ ચંદ્રને કહે, પણ એ ચંદન અને ચંદ્રની શીતલતા આપની પાસે નામમાત્ર

છે. એ શીતલતા તો માત્ર સૂર્યનો તાપ હરે છે, જ્યારે આપની શીતલતા ભવરૂપ અગ્નિથી તપ્ત બનેલા આત્માઓના સર્વ તાપસંતાપનો નાશ કરે છે. કેટલાક લોકો અમૃતને શીતલ કહે છે, કેમકે જીભના ટેરવે અમૃતનું એક જ બિંદુ આવી જાય, તોપણ અનેક જાતના દૈહિક સંતાપો શાંત બની જાય છે, પણ ભવ્યાત્માઓ તો એનાથી પણ અધિક આપને શીતલતા-અર્પક માને છે, કેમકે આપના નામનું સ્મરણ કરતાં જ અસંખ્યપ્રદેશી આત્મા અણુએ અણુએ પ્રશાંત બની જાય છે, શીતલતાથી યુક્ત બની જાય છે. ખરેખર! સમગ્ર શાંત પુદ્ગલ પરમાણુઓ આપમાં આવીને સમાયા છે. એ એક એક પરમાણુની અનંત શક્તિ છે. પ્રભો! હું પણ આપના સંગ કરી મારા સઘળા પાપરૂપ તાપ અને સંતાપોને શમાવી...ઉપશમાવી...પરમશાંત બનવા ઇચ્છું છું. આપનાં દર્શન, ચરણસ્પર્શન અને નામસ્મરણ મેળવી બડભાગી બનવાનો સુયોગ મેળવનાર હું શા માટે કર્મરૂપ અગ્નિથી દાઝેલો રહું? ચંદન...ચંદ્ર...અને અમૃત તો માત્ર આ ભવમાં શીતલતા આપે છે. જ્યારે આપ તો ભવોભવમાં શીતલતા આપો છો. [illegible] સમાન [illegible] આપનાર એવા આપને હું વિનંતિ કરું છું કે આપ મને આપના સંગથી અળગો ન કરશો. જ્યાં સુધી **પરમ શાંત** ન બનું ત્યાં સુધી મને દૂર ન કરશો.

*

શ્રેયકારક ભગવન્!

આપનું આલંબન પામી કેટલાયે કલ્યાણકામી આત્માઓ પોતાનું શ્રેય સાધી ગયા. મારા પુણ્યોદયે આજે મને આપનાં અપૂર્વ દર્શન અને અણમોલ શાસન પ્રાપ્ત થયાં છે. આજે મને અખૂટ ખજાનો હાથ લાગ્યો છે. હાથમાં ચિંતામણિરત્ન આવ્યા પછી જેમ કંગાલિયત નાશ પામે છે, તેમ ચિંતામણિરત્ન સમાન આપનું શાસન મને પ્રાપ્ત થવાથી મારી દરિદ્રતા અવશ્ય વિલય પામી જશે. ભવરૂપ જંગલમાં ભટકતાં ભટકતાં મને આજે અચાનક આપનો સથવારો મળી ગયો છે. હવે હું ભવરાનમાં ભૂલો નહિ ભટકું, એ નિર્વિવાદ વાત છે. પ્રભો! આપે જગતના અનેક જીવોને તાર્યા....પાર ઉતાર્યા, તેમ મને પણ તારજો....પાર ઉતારજો. આ ભવમાં મને આપનાં દર્શન મળ્યાં. ભવોભવ મને એ ભાથારૂપ બનજો. આપનો અનુપમ સથવારો મળ્યો, એટલે હવે મને ધોળે દિવસે આત્મિકધન લૂંટનારા, અને મારી આબરૂનું છડેચોક લીલામ કરનારા કષાયરૂપ ધાડપાડુઓનો પણ ભય નથી રહ્યો. આત્મલક્ષ્મીના અખૂટ ખજાનાને સાચવવા માટે હું આપના શરણે આવ્યો છું. હવે મને આપના સંરક્ષણ નીચે લૂંટાવાનો કોઈ ભય નથી. મારું કલ્યાણ આપના ચરણના શરણમાં સમાયેલું છે. મારું દિલ આપના સ્મરણમાં સમાયેલું છે. મારું જીવન આપના રટણમાં રોકાયેલું છે. મારો આત્મિક-

ખજાનો હવે મારા હાથમાં જ રહેશે. મને આપ જેવા પ્રેરક-રક મળ્યા. હવે કોઈનો ય ભય નથી રહ્યો. મારું શ્રેય નિશ્ચિત છે. અકલ્યાણ તો કદી થવાનું નથી.



## મણકો ચોરાશીમો.... પિછાણ

વાત્સલ્યવંદિત વિભો !

દેવલોકથી આપનું (૧) ચ્યવન, (૨) આપનો જન્મ, (૩) આપનું મહાભિનિષ્ક્રમણ એટલે કે સંસારનો ત્યાગ, (૪) આપની કેવળજ્ઞાનની પ્રાપ્તિ (૫) અને આપનું મોક્ષ ગમન. એ પાંચે ય પ્રસંગો અતિ અદ્ભુત છે. આપના જ્યોતિર્મય જીવનના આ પાંચેય પવિત્ર પ્રસંગે વિશ્વભરનાં સર્વ આત્માઓએ આનંદ મનાવ્યો. દેવતાઓ, મનુષ્યો અને અસુરોએ એ પાંચેય પવિત્ર પ્રસંગે મહોત્સવ રચાવી આપના પ્રત્યે પોતાની ભક્તિ પ્રદર્શિત કરી ને નરકે ભયંકર દુઃખોથી રીબાતા દુનિયાભરના આત્માઓએ પણ શાન્તિનો શ્વાસ લીધો. અરે....! ભયંકર ત્રાસથી ત્રાસિત એવા નારકીના જીવોએ પણ એ કલ્યાણકારી પળોમાં પરમ શીતળતા અને અપૂર્વ આનંદનો અનેરો અનુભવ કર્યો. આપનું જીવન અનેક અદ્ભુતતાઓથી ભરપૂર છે. જે આત્માએ આપને ઓળખી, આપના જીવનની પિછાણ કરી. આપને [illegible]

અર્ધ્યભર્યો નમસ્કાર કરે છે, એ આત્માઓ જ પોતાના સંસારને અને પોતાના જીવનને ધન્ય બનાવે છે.

ભગવન્! મને આપની પિછાણ સદ્ગુરુએ કરાવી. આપને પિછાણી હું કૃતપુણ્ય બન્યો. પણ એ પિછાણ ત્યારે સફળ બને કે જ્યારે મારામાં આપના પ્રત્યે સાચો નમસ્કારભાવ પ્રગટે. હું આપને ક્ષણે ક્ષણે વંદન કરું છું. એ નમસ્કાર મારાં કર્મોને શીર્ણવિશીર્ણ કરી નાખશે. આપની પિછાણ થતાં મને સંસારનાં સુખ આકડાના દૂધ જેવા લાગે છે. આપનું જીવન ધન્ય બની ગયું. આપની પિછાણથી મારું જીવન પણ ધન્ય બને, એવી મારી આકાંક્ષા છે.

*

## મણકો પંચાશીમો.... મુંઝવણ

વિમલાત્મન્ સ્વામી!

સત્ય, અહિંસા, ક્ષમા, વગેરે મહાન ધર્મોરૂપી નીરના છંટકાવથી આપે કર્મના મેલ ધોઈ આપનું અંતઃકરણ સાફ કરી નાખ્યું. આત્માને પણ નિર્મળ બનાવ્યો. સંસારવમળમાં તણાતા એવા મારા જેવા અનેક આત્માઓના આપ આધારભૂત બન્યા. આપના આધારે સંસારસાગર તરી શકીશ. આપે તો કમળની માફક નિર્લેપ બની જીવનને અપૂર્વ

શોભાયુક્ત બનાવ્યું. સંસારનો કોઈપણ ભાવ આપને ભીંજવી શક્યો નહિ! કોઈપણ ઝઘડાનો ભાર આપને ખીજવી શક્યો નહિ! કોઈપણ પદાર્થનો રાગ આપને રીઝવી શક્યો નહિ! દુન્યવી કોઈપણ ચમત્કાર આપના ચિત્તને ચંચળ બનાવી શક્યો નહિ! આપનું અનંત અને અખંડ સુખ કોઈ છીનવી શકે એમ નથી. ખરેખર, આપ ધર્મના બળથી જ જીત્યા! મારી શું વાત કરું! મેં ધર્મનું શરણું તો લીધું, પણ હજી પાપવૃત્તિ ટળતી નથી અને પુણ્યપ્રવૃત્તિ થતી નથી. નિવૃત્તિનાં નિર્મળ સુખ મને ક્યાંથી માણવા મળે? મોહદશાથી હું શુદ્ધિ કે શાન ખોઈ બેઠો છું. મને ક્યાંય ચેન પડતું નથી. દિનપ્રતિદિન મારી મુંઝવણ વધી રહી છે. મારું શું થશે! એ જ ચિંતા મને કોરી રહી છે. મારા અંતરને ધર્મરસથી પ્લાવિત બનાવો, તો જ મારી મુંઝવણ ટળશે. મારા માથે આપ જેવા વિમલ સ્વામી હોવા છતાં હું મોહ સાથે બાથોડિયાં ભર્યાં કરું, એ કેવી વિચિત્ર વાત! આપ મને અંકમાં સમાવો. મારી મુંઝવણ ટાળો. તો જ મારી સદ્વૃત્તિને પોષણ મળશે.

*

અનંતગુણી દેવ !

આપે કર્મના ગંજને તપરૂપી અગ્નિની ચીનગારી ચાંપી દીધી, કર્મો બળીને ભડથું થયાં, અને આપ સુવર્ણની માફક નિર્મલ તથા તેજસ્વી બન્યા. સાથે જ આપનો ભવ-સંબંધ છૂટી ગયો. સંસારમાં ડગલે-પગલે કર્મ બંધાય છે. જ્યાં કર્મ હોય, ત્યાં અનેક પ્રકારના સંબંધો હોય, અને સંબંધો હોય ત્યાં દુઃખ અવશ્ય હોય. પરંતુ દુઃખ તો બિચારું આપનાથી ગભરાઈને ભાગ્યું. આપનો તાપ એનાથી ન સહેવાયો. તેમ જ સુખની સામગ્રીનો પણ આપે ત્યાગ કર્યો. એનો ત્યાગ કરતાં જ સુખ તો ઉલટાનું આપની સામે જ આવીને ઊભું ! ભવભ્રમણતા ટળી જતાં આત્મરમણતા પ્રાપ્ત કરી આપ અનંતગુણી બન્યા.

થોડો આનંદ અને વધુ દુઃખ એવો સંસાર જ આપને ગમ્યો નહિ. ખરેખર ! ચિત્ત જેનું ચિંતવન કરે છે, તેમાં તદ્દાકાર બની જાય છે. આપ આત્મિક સુખનું ચિંતવન કરી તેમાં જ તદ્દાકાર બની ગયા. જ્યારે મારું ચિત્ત તો પાણીના પરપોટા જેવા સંસારી સુખ પાછળ ઘેલું બની ભમ્યા કરે છે. ચિત્તની ભ્રમણાને વશ પડી મેં સંસારભ્રમણ ઘણું વધાર્યું. ભટકે ચિત્ત ને નુકશાન મારે ભોગવવાનું ! એ તે કેવો ન્યાય ! "પાડાને વાંકે પખાલીને ડામ !" આપ મારા ચિત્તરૂપી ચોરને અવળે માર્ગે ભટકવાનું છોડાવો.

ભગવન્! હું સ્વસ્વરૂપમાં તદાકાર બનું, એવા આશીર્વાદ આપો. સંસારની ભૂરી ભ્રમણા પાછળ ભમવું છોડી આત્માના અનંત સુખમાં એકાકાર બનું એવો રાહ બતાવો. હવે તો નાશવંત પદાર્થોનો પડછાયો પણ મારે નથી જોઈતો. માત્ર ભવભ્રમણતા ટાળી આત્મરમણતા પ્રાપ્ત કરવી છે.

*

## મણકો સત્યાશીમો... મનના મેલ

ધર્મપ્રરૂપક સ્વામી !

આપનો જન્મ આ અવની પર ધર્મની પ્રરૂપણા કરી જગતના જીવોને કલ્યાણના માર્ગે વાળવા માટે જ થયો છે, ધર્મના સંસ્કાર સ્થાપવા માટે જ થયો છે. આપે જ્ઞાનસાગરમાં સ્નાન કરી મનના મેલ ધોવા માટે ઉપદેશ આપ્યો. ભવી ભવ્ય જીવોને, ચિત્તરૂપી નદીને એ સાગર તરફ વાળવાનો અનુરોધ કર્યો. ચિત્તરૂપી નદીને જે સંસારસાગર ભણી દોરી જશો તો ઘણાં ગોથાં ખાવા પડશે, એ સુંદર વાત સમજાવી આપ માતા જેવા બનીને આત્માઓના ઉપકારી બન્યા છો. સંખ્યાતીત સાધકોએ આપના ઉપદેશનું પાલન કરી મનના મેલ ધોઈ નાખ્યા છે અને પવિત્ર જ્ઞાનસાગરમાંથી વારી પાવન થયા છે. આપે સુધર્મની પ્રરૂપણા કરી અનેક જીવોને મોક્ષમાર્ગી બનાવ્યા છે.

ઓ સ્વામી ! આપની શ્લાઘા તો શતમુખે અને સહસ્ર જીભે પણ થઈ શકે એમ નથી. પણ સંસારસાગરના ડોળા-પાણીથી મારું મન એટલું બધું મેલું થઈ ગયું છે કે તેના પર આપના ઉપદેશની જેવી જોઈએ એવી છાપ પડતી નથી. કર્મના મેલ એટલા બધા જામી ગયા છે કે શ્રુતસાગરના પવિત્ર પાણી પણ જલ્દી અસરકારક થતાં નથી. મેલથી મન એવું ધીઠું બની ગયું છે કે એને મીઠું બનાવવા આપના સમાગમની વિશેષ જરૂર છે. સદાયે મને આપની સમીપેજ રાખજો, જેથી **મનના મેલ** ધોવા માટે હું સમર્થ બની શકું. શ્રુતસાગરના પવિત્રપાણીથી મારું દિલ ભીંજાય અને પવિત્ર બને, એ માટે હું આપની કૃપા ચાહું છું.

*

## મણકો અઠ્ઠાશીમો.... પ્રેમની પ્યાસ

શાંતિના સંગાથી !

આપે દૈહિક, માનસિક અને કૌટુંબિક વિડંબનાઓને પરાજિત કરી નસાડી દીધી. પછી શાંતિના સાચા સંગાથી બન્યા. સાંસારિક સ્નેહનાં બંધનો આપે સાવ તોડી નાખ્યાં. કોઈ સ્નેહીના સ્નેહની આપે પરવા ન કરી. એ જ સંસારી બંધનોથી હું તદ્દન જકડાઈ ગયો છું ! નથી તો તેને છોડી શકતો, નથી તો તેને તોડી શકતો ! એ સ્નેહના પાશથી

બંધાયેલું હૃદય હરપળે કાંટાની જેમ વીંધાતું હોવા છતાં કોઈ રીતે ધર્મના રંગે રંગાતું નથી. જેને પોતાના પરમસ્નેહી માન્યા હોય એના તરફથી જ જ્યારે તિરસ્કાર મળે છે. ત્યારે હૃદય બેકાબૂ બની જાય છે. અનેક કુતર્કવિતર્કને વશ પડી આર્ત્તધ્યાનમાં ડૂબી જાય છે. નથી શ્વાસભર શાંતિ કે નથી ક્ષણભર સુખ! માનસિક વેદનાના પરિતાપો અસહ્ય હોવા છતાં સહેવા જ પડે છે. ઘવાયેલું મન ક્યાંય ઠરતું નથી. આપના માર્ગનો સહારો લીધો હોવા છતાં મને ક્યાંય શાંતિનો અણસાર પણ સાંપડતો નથી.

પ્રભો! ધર્મરૂપ અમૃતનો ઘૂંટડો પીવા જતાં વચ્ચે મોહરૂપી મદિરાનો જામ પીવાઈ ગયો! અને હું સાવ ભાન ભૂલી ગયો. મારા હાડ અને ચામ બંને શિથિલ બની ગયાં છે. હવે તો હું આપના પ્રેમનો પ્યાસી છું. મારી પ્રેમની પ્યાસ છીપાવો. મારા અંતર પર આપના શુદ્ધ પ્રેમનો છંટકાવ કરો. દુન્યવી સ્નેહમાં હવે ભટકાવું નથી.

*

## મણકો નેવ્યાશીમો.... પામરતા

દયાના દરિયા પ્રભો!

અમૃતના કુંભ સરખો આનંદમય [illegible] [illegible] [illegible] ધર્મરૂપ [illegible] અને [illegible] [illegible] [illegible] હું [illegible] [illegible]

છતાં કુંથુવા જેવો પામર બની ગયો ! મેં જ્ઞાન અને જ્ઞાનીની ખૂબ આશાતના કરી, એના પરિણામે મારું દિવ્ય તેજ ઢંકાઈ ગયું. મેં ધર્મ અને ધર્મીની અનુમોદના ન કરી, તેથી ધર્મનાં સાધનો મેળવ્યા છતાં અને આપને સાથે માન્યા છતાં હું આરાધના કરી શકતો નથી, પણ વિરાધનાથી સંસાર વધાર્યે જ જાઉં છું. આ ભવ કે પરભવમાં તપ કે તપસ્વીનાં ગીત નથી ગાયાં, એટલે જ આત્મહિત સાધવામાં ચિત્ત લગાડી શકતો નથી. દિનપ્રતિદિન શરીરની નિર્બળતા, મનની કાયરતા અને વચનની નિષ્ફળતાને જ વધારી રહ્યો છું !

ભગવન્ ! આપના દિલમાં દયાનો સિંધુ ઉછળી રહ્યો છે, પ્રેમનો સાગર ખળભળી રહ્યો છે. મને આપનો દયાપાત્ર બનાવશો કે પ્રેમપાત્ર ? મારામાં જેવા પ્રકારની **પાત્રતા** હોય તેને લાયક બનાવો. ગમે તેમ કરીને પણ મને આપનો દયાપાત્ર કે પ્રેમપાત્ર બનાવવો જ પડશે ! હું આપના ચરણની રજ હોવાં છતાં મારા સાથે કર્મોના મોટા ગંજ ખડકાયા છે. હું ભારેકર્મી છું, તેથી મારા પર આપને પ્રેમ ન ઉભરાતો હોય તે બનવા જોગ છે, પણ દયા તો વરસાવવી જ પડશે. મને દયાપાત્ર બનાવવો જ પડશે.

ધર્મચક્રવર્તી !

ચારે ગતિઓ પર વિજય મેળવી આપે ધર્મચક્રવ
સાર્થક કર્યું. જેમ કસાઈવાડામાં પૂરાયેલા પશુઓ
માટે બૂમબરાડા પાડે છે, તેમ ચારગતિરૂપ
ફસાયેલા મારા જેવા અનેક આત્માઓ એ પરાધીનતાથી
માટે પોકાર જ પાડી રહ્યા છે. બચાવો...બચાવો...ની
આક્રંદ ગાજી રહ્યું છે. પાછો એવો મોહરાજા સર્વને
રીબાવીને રાજી થાય છે. એના બાવાડા કંઈ ઓછા ન
પણ એની જ પકડમાં છું. આપ જેવા મારે માથે
હોય તો પણ મોહરાજાની રીબામણી – સતામણી આ
એ આપને જુગતું લાગે છે? આપની સહાયથી
આત્માઓ ચારગતિરૂપ વાડામાંથી મુક્ત બની પંચમી
માલિકમાન બન્યા છે. તો પછી મારો એવો શો બગાડ
આપની નજરે દેખાઈ ગયો છે કે મને એ વાડામાંથી
કરતા નથી! ગમે તેવો છું. તો પણ આપનો
છું. બાળક છું અને પૂજક પણ છું! આપના જેવા
ચિંતા ન રહે તો મારે ક્યાં જવું! બીજે કયાંય મારે
ચારો નથી. મારી ચિંતા મૂકી એ આપને [illegible]
જેથી આપનું ધર્મચક્રવર્તીપદ સાર્થક થશે અને
[illegible] પણ! બંનેની **સાર્થકતા** એમાં જ [illegible]
[illegible] ધર્મચક્રવર્તી બિરુદ સાર્થક કરવાના [illegible]

મલ્લવિજયી પ્રભો !

રાગ અને દ્વેષરૂપ મહામલ્લો સાથે આપે આંતરિક યુદ્ધ આદર્યું. નિમેષમાત્રમાં દુર્જય એવા બંને મલ્લોને જીતી આપ મલ્લજિત્ કહેવાયા. દુનિયામાં નજર કરતાં ક્યાંય પણ આપના જેવું બળ જોવામાં આવ્યું નથી. અતિ નિર્દય અને બળવાન એવા કર્મરાજા સાથે પણ બાથ ભીડી એના મર્મ-સ્થાનનેજ ભેદી નાખ્યું. પછી આપને આ જગતમાં કંઈપણ જીતવાનું ન રહેતાં આપ સર્વજિત્ બની ગયા. પરંતુ મારી સ્થિતિ તો જુઓ ! કર્મરાજાના પિતરાઈઓ જેવા રાગદ્વેષરૂપ મલ્લોને જીતવાનું સામર્થ્ય મારામાં નથી. જીતવાનું તો દૂર રહ્યું, પણ એની મજબૂત પકડમાં એવો પકડાઈ ગયો છું કે ગમે તેટલાં ફાંફાં મારવા છતાં છૂટી શકાતું નથી ! મને આપના જેવા સ્વામી મળ્યા, તો પણ મારી આ દશા? આપણો સેવ્ય–સેવક–ભાવ શું આપના લક્ષ્યમાં નથી ? પ્રભો ! આપ સર્વજ્ઞ હોવાથી મારી સઘળી હકીકતો જાણો છો. મને એ રાગ અને દ્વેષરૂપી મલ્લોની પકડમાંથી છૂટવાની તીવ્ર ઇન્તેજારી છે, પણ હું સ્વયં છૂટી શકું એમ નથી. એ દુષ્ટોથી મને ક્યારે છોડાવશો ? જેને સ્વામી માન્યા, એ સેવક સામું ન જુએ....એનાં કષ્ટો દૂર ન કરે, એ બને જ કેમ ! છતાં બની રહ્યું છે, એ **હકીકત** છે. એમાં ખામી તો

મારીજ સમજીને? અર્પણભાવમાં ક્યાશ હશે કે કર્મ ભારે હશે? પ્રભો! કાં તો એ મલ્લોથી છોડાવો....કાં તો તેમને જીતવાનું બળ આપો!

*

## મણકો બાણુંમો... ઉખર ભૂમિ

વનફૂલવાડીના માળી!

આપે જીવનવાડીમાં વનારૂપી વૃક્ષોને ખીલવવા માટે ભક્તિરૂપ 'બી'ની રોપણી કરી અને [illegible] વર્ષણથી સિંચન કર્યું! આપની જીવનવાડીમાં ગુણરૂપી પુષ્પો ખીલી ઉઠ્યાં. જીવનવાડી એ વનફૂલવાડી બની ગઈ! આપ તેના નિષ્ણાત માળી બન્યા. પછી તો આપે તેના અમર ઉત્કૃષ્ટ એવાં મોક્ષગુણરૂપ ફળો પ્રાપ્ત કર્યાં. જેનો [illegible] આપ અનંતકાળ સુધી કર્યા કરશો. તો પણ [illegible] તેવાં કંઈ ખોટ પડવાની નથી. ખૂબીની વાત તો એ છે કે આપના ગુણપુષ્પોની સૌરભના આસ્વાદ [illegible] મારી જીવનવાડીને ફૂલવાડી બનાવવા [illegible] તેનાં પુષ્પો કે ફળો તો દૂર રહ્યાં. [illegible] તેના અંકુરો [illegible] નથી! [illegible] ઉખર ભૂમિનો જ દોષ છે? આપની [illegible] ઉખર ભૂમિ [illegible] ક્યાંથી હોય? [illegible] ભૂમિ [illegible]

વગર ફળદ્રુપ બની શકતી નથી, તો ઉખર ભૂમિ ક્યાંથી બની શકે? પ્રભો! ઉખર ભૂમિ જેવી આ મારી જીવનવાડીના આપ માળી બનો. જે વ્રતોનું આરોપણ કર્યું છે, તેને વિકસાવવામાં —તેની ખીલવણી કરવામાં આપ સહાયક બનો. સુવ્રતોને પોષણ મળે એવા ધર્મનીરના છંટકાવ કરી એને ફળદ્રુપ બનાવો. નહિતર આ **ઉખર ભૂમિમાં** અટવાયેલો એવો હું ક્યાંય કૂટાઇ મરીશ!

*

## મણકો ત્રાણુંમો… પૂજના

ત્રિભુવનપૂજિત પ્રભો!

દિવ્ય સુખનો હંમેશાં અનુભવ કરનાર એવા દેવેન્દ્રો પણ આપના ચરણની સેવના—અર્ચના—પૂજના કરવા ઝંખે છે, તો મારા જેવા ઋદ્ધિહીન અને સત્ત્વહીન એવા આત્માઓ આપના ચરણમાં આળોટે એમાં શું નવાઈ! આપના જેવા સર્વગુણસંપન્ન પ્રિય પામી ક્યો મૂર્ખ માનવી પોતાનું શ્રેય સાધવામાં પ્રમાદ કરે? ઇન્દ્રને પણ પોતાની સાહેબીમાં ઊણપ દેખાય છે, કેમ કે એમાં આપના જેવો આત્મિક આનંદનો ઓડકાર નથી! દુનિયાની સાહેબી ગમે તેટલી મળી હોય તો પણ આપની સાહેબી પાસે તો એ સાવ તુચ્છ છે! એમાં હીનતાનો આભાસ દેખાયા જ કરે છે, કેમકે દુન્યવી સુખ

કદી પણ પૂર્ણ હોતું જ નથી. તેથી જ આપને દુનિયાનાં સુખો દસ-કસ વગરનાં ધાન્યનાં ફોતરાં સમાન લાગ્યા. અને મોક્ષસુખની અનંત અખંડ ઋદ્ધિમાં આપનું મનડું મોહ્યું. ભગવન ! એજ ફોતરાં સમાન દુનિયાનાં સુખોના નશો મને એટલો બધો ચઢી ગયો છે કે હું એની પાછળ દારૂડિયાની માફક ભોગાતુર બન્યો છું. સાધુતાના સ્વાંગ સજેલા હોવા છતાં...અને આપના ચરણની પૂજના પ્રાપ્ત થઈ હોવા છતાં.... દુનિયાના રાગ હૈયામાંથી ખસતા નથી. એના મોહ, એના બુદ્ધિમાંથી ચસકતો નથી. સાધક-દશાની વાતો કરું છું છતાં સાધકદશાનું લેશમાત્ર ભાન જ નથી ! બાલ વયનું જીવન પસાર કરી રહ્યો છું ! છતાં આપનો પૂજક છું. આપની પૂજના સાવ મૃતપ્રાય : જીવનમાં અમીનું સિંચન કરો !

*

## મણકો એકાણુંમો....  પ્રાર્થના

પ્રાણજ્યોતિ ભગવન !

તેજ છલકાય છે. મારું દિલ રાગના ખાબોચિયા જેવું છે. એમાં માયાની આગ ભભૂકે છે ! આપનું હૃદય કંચનમાલાસમું શોભે છે. મારું હૃદય આકડાની પુષ્પમાલા સમું સત્વ વગરનું છે. આપ પ્રેમના અનંત સુખમાં મ્હાલો છો. હું રાગના ક્ષણિક સુખાભાસના આશ્રયે જીવન વિતાવું છું. ઝાંઝવાનાં નીરસમા રાગવર્ધક પદાર્થો પાછળ મેં હરણફાળ મૂકી છે. એમાંથી મારો હાથ પકડી પાછો વાળનાર આપના સિવાય કોઈ નથી. આપની અને આપના ધર્મની મ્હેર વગર મારું મગજ સમતુલા જાળવી શકે એમ નથી. સંસારના માર્ગે વળેલી મારી નઠોર મનોભૂમિ પર પ્રેમની સુમધુર અમીવર્ષા વરસાવો....પાપની પ્રવૃત્તિ તો જ અટકશે. અને રાગની ધુંધળી છાયા પણ તો જ દૂર થશે. તેમજ પ્રેમની પવિત્ર છાયાથી મારું હૃદય આચ્છાદિત બનશે. આપના દિલમાં બ્રહ્મનું અમૃતભર્યું છે, મારા દિલમાં માયાનું વિષ છલકે છે. બ્રહ્મરૂપી અમૃતનું એકાદ બિંદુ મને અમર બનાવશે. બ્રહ્મજ્યોતિનું એકાદ કિરણ મારા હૃદયને અજવાળશે. માયાના ઓળા પાછળ ખૂબ અટવાયો. હવે તો **બ્રહ્મતેજ** ઝીલવા છે. મુક્તિનું રાજ મેળવવા તરફ મતિને વાળી અપ્રશસ્ત રાગની રાખ કરવી છે. ખરેખર પ્રભો ! મારે બ્રહ્મજ્યોતિ બનવું છે !

*

પારસમણિ પ્રભો!

આ વિશ્વમાં આપને કંઈપણ દુર્લભ નથી. મુક્તિનગરીના ચીર મેવા આરોગી આપે એવું તો આરોગ્ય પ્રાપ્ત કર્યું છે કે જે કદિ નષ્ટ થાય એમ નથી. આપ વિદેહી બની ગયા હોવા છતાં દરેક ભવ્ય આત્માઓના દિલમાં આપના જન્મ થયા! દુન્યવી સંપત્તિ આપની પાસે બિલકુલ ન હોવા છતાં આપે આપના અંતરધનને અનન્ય રીતે વધાવી જાણ્યું છે. અને તેટલાં સંકટો વચ્ચે પણ આપે કદી ધૈર્યધન ગુમાવ્યું નથી. શારીરિક કષ્ટો સહન કરીને આપ તપોધન બન્યા છો. હું પ્રમાદમાં પડ્યો. તેથી મારું આત્મધન લૂંટાયું : બની

એ આપને રુચ્યું ખરું ? મારું અંતરધન પાછું મેળવી આપો ને ! આપ સમર્થ છો, મને મારું **અંતરધન** પાછું મળશે તો એમાં આપને પણ લાભ જ છે ને !

*

## મણકો છન્નુમો... વીરતા

સમર્થ વીર પુરુષ !

ક્રોડો સોનૈયા દાનમાં આપી, દીનજનોના દારિદ્રય ફેડી, આપ દાનવીર બન્યા....જગતને દાનધર્મનો મહિમા બતાવ્યો. મોહરાજાના વંશમાં ઉત્પન્ન થયેલા રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈ, કામ, ક્રોધ વગેરે દુશ્મનોને અને તેમના પરિવારને હંફાવી, આંતરરાજ્યને આબાદ બનાવી, આપ સમર્થ વીર પુરુષ તરીકે પ્રખ્યાત થયા. તેમજ દુષ્કર એવા તપને તપી ક્ષમા, અહિંસા, આર્જવતા, માર્દવતા વગેરે ધર્મોને આચરી આપ ધર્મવીર તરીકે પ્રસિદ્ધ થયા. આપની આ અજાયબી ભરેલી વીરતા પર હું મંત્રમુગ્ધ બન્યો છું. એ વીરતાએ મારા પર કામણ કર્યાં છે. આપની સ્વાર્થ સાધવાની અનોખી સાધનાથી હું પ્રભાવિત થયો છું. મને નવાઈ એ વાતની લાગે છે કે ત્રણેય ભુવન પર વિજય અપાવનારી આવી વીરતા આપ શી રીતે પ્રાપ્ત કરી શક્યા ! આવા પ્રકારનું વીરત્વ તો કોઈ વિરલા જ વરી શકે ! આપના વીરત્વ પ્રત્યે આકર્ષિત થયેલા એવા મને

આપ આપના હૃદયમાં સમાવી દો અને વીરત્વનું આપનું બિરુદ સાર્થક કરો! આપના જેવા વીર પુરુષ પાસે કદિ કંજુસાઈ હોય ખરી? હું આપના જેવો જ વીર બની શકું, એવી **વીરતા** મારામાં પ્રગટાવો અને કર્મસૈન્ય સાથે લડાઈ કરી હું મુક્તિનગરીમાં જલ્દી આવી પ્હોંચું, એ માટે જરૂરી સઘળી સહાય કરો.

❋

## મણકો સત્તાણુંમો.... મંગલ ભાવના

મંગલનિલય પ્રભો!

આપ મંગલસ્વરૂપ છો. આપ સદેહે જ્યારે આ અવનિ પર વિચરતા હતા, ત્યારે ચારેબાજુ સવાસો યોજનના વર્તુલમાં દરેક પ્રકારના ભયંકર રોગો અને ઉપસર્ગો રૂપ અમંગળો નષ્ટ થતાં હતાં અને વાતાવરણ મંગલમય બની જતું હતું, વેર-ઝેર શાંત બની જતા હતા. આપે એવી ઉત્કૃષ્ટ સાધના કરી કે આપ સર્વાંગે મંગળ બની ગયા, મંગલસ્વરૂપ બની ગયા. માત્ર આપનું એક જ વચન શ્રવણગોચર થાય તો ગારુડ મંત્રની જેમ સંસારનું ઝેર પલવારમાં ઉતરી જાય. સાંભળનારની જીંદગી પાવન થઈ જાય. મંગલસ્વરૂપ આપનું દિવ્યદર્શન જીંદગીમાં એક જ વાર-માત્ર એક જ વાર થાય તો પણ ભવોભવનું અમારું મંગળ સધાઈ જાય. લૌકિક

મંગળની સાધના પાછળ મેં ઘણો સમય બરબાદ કર્યો, તો પણ મારું દળદર ફીટયું નહિ! દુનિયાનો ક્રમ એવો છે કે જ્યાં ચમત્કાર દેખે ત્યાં નમસ્કાર કરે. હું પણ એ જ દુનિયા પાછળ દીવાનો બનેલો છેવડો છું. મારે જોઈએ મંગલ.... કલ્યાણ.... અને સુખ.... પણ મારાં કામ તો અમંગળ ઉપજાવે એવાં છે, અકલ્યાણ અને દુઃખની ખાઈ ખોદે તેવાં છે! હવે મેં દુનિયાનું સર્વ ડહાપણ જોઇ લીધું છે. એ તરફ કોઇ પ્રકારનું આકર્ષણ રહ્યું નથી. મારા દિલમાં એવી ભાવના જાગી છે કે મંગલદાતા એવા આપનાં જ સ્મરણ.... દર્શન.... અને ચિંતનમાં મસ્ત બનવું. આપની અને મારી વચ્ચે જળ–મીન જેવી દશા પ્રત્યક્ષ કરવી છે. આપના જ સહયોગે મારી આ **મંગલ ભાવના** પૂરી થશે.



## મણકો અઠ્ઠાણુંમો.... એકસ્વરૂપી

સિદ્ધમંગલ પ્રભો!

જ્ઞાનાવરણીયકર્મનો ક્ષય કરી આપ અનંત અને સંપૂર્ણ જ્ઞાનના સ્વામી બન્યા. દર્શનાવરણીયકર્મનો ક્ષય કરી આપ અનંત દર્શની બન્યા.... વેદનીયકર્મનો ક્ષય કરી આપ અક્ષયસુખ અને શાંતિના ભોક્તા બન્યા. મોહનીય–કર્મનો સર્વથા ક્ષય કરી, આપ ક્ષાયિક સમકિત અને યથા-

ખ્યાત ચારિત્રમાં લીન બન્યા. આયુષ્યકર્મનો ક્ષય કરી આપ કદી નાશ ન પામે એવી અક્ષય સ્થિતિને પામ્યા. નામકર્મનો મૂળમાંથી ક્ષય કરી આપે અરુપીપણું પ્રાપ્ત કર્યું, તેમ જ શરીરસંબંધથી મુક્ત બની અશરીરી બન્યા. ગોત્રકર્મનો નાશ કરવાથી આપના માટે સદા એક સરખી સ્થિતિ પ્રગટ થઈ, ઉચ્ચ-નીચનો ભેદ ન રહ્યો, અને અંતરાયકર્મનો સર્વનાશ કરી આપ અનંત શક્તિના સ્વામી બન્યા. આપને અનંત શક્તિ પ્રાપ્ત થઈ છતાં દુનિયાના સર્વભાવોથી સદા પરાઙ્મુખ બન્યા.આપ સિદ્ધ થયા, બુદ્ધ થયા, પરમ મંગળ-સ્વરૂપ બન્યા. મારા જેવા પાપી અને અભાગી આત્મા માટે પરમ ચિંતનીય, પૂજનીય અને વંદનીય બન્યા. આત્મમંગળ સાધવા માટે પરમ પ્રેરણાદાયી બન્યા. ઓ સિદ્ધ ભગવાન! મારામાં સદ્ભાવ પૂરો! મારા નિત્ય મંગળદાતા બનો! ભવોભવ માટે આપનું નામસ્મરણ મારા હૃદયપટમાં અંકિત થાઓ! હું અને આપ **એકસ્વરૂપી** બનીએ, એકતાના આનંદમાં સહભાગી બનીએ, એવું નિશ્ચયબળ મારામાં પ્રગટ થાઓ! આત્મા, આત્મસ્વરૂપે એક છે, હવે પરમાત્મ-સ્વરૂપે એક બને, પછી મસ્ત સ્થિતિની શું વર્ણના થઈ શકે!

*

મણકો નવાણુંમો... સાધના

સર્વમંગલ પ્રભો !

અહો ! શું આપની સાધકપણાની મંગલ સાધના ! સાધુતાના માર્ગે પ્રયાણ કરતાં:આપને ભયંકર ઝંઝાવાતોનો સામનો કરવો પડયો ! એની શ્રેણીએ ચડતાં પગથીએ પગથીએ કર્મરૂપ કંટક અને કાંકરા પથરાયેલા હોવા છતાં આપ નિશ્ચિત પગલે આગળ વધ્યા. એ માર્ગે ઉપસર્ગો સહ્યા....પરિષહો સહ્યા.... કષ્ટોની ઝડીઓ વરસી, છતાં આપ સાધનામાં અડોલ રહ્યા. સાધનોના સહકારે સાધનામાં આગળ વધી સાધ્યપદ સિદ્ધ કર્યું અને સાધકપણાને સફળ બનાવ્યું. તે જ રીતે ધ્યાનનું આલંબન લઈ, સાચા ધ્યાતા બની, ધ્યેયની સિદ્ધિ કરી ધ્યાયકપણાને શોભાવ્યું. પ્રભો ! આપનું નિશ્ચયબળ એવું અડગ હતું કે આપને ચલાયમાન કરવા માટે કોટિ....કોટિ દેવતાઓ એકત્ર થાય, તો પણ ચલિત કરી ન શકે ! આપના જેવી ઉત્તમ કોટિની સાધના કરવાની કલ્પના પણ મારા માટે અશક્ય છે, તો એ સાધનાની કેડીએ ડગ ભરવાની તાકાત તો ક્યાંથી હોઈ શકે ? હું નથી કોઈ સમર્થ વ્યક્તિ કે નથી મારામાં કોઈ વિશિષ્ટ શક્તિ ! છતાં આપની સાધનાની આવી સફળતા જોઈ આ ભવની આસક્તિ તો છોડવી જ છે ! અને આપે ચીંધેલા માર્ગને અનુલક્ષીને મારે મંગલ સાધના સાધવી જ છે ! પણ શક્તિહીન એવો હું આપના સહકાર વિના મારી અશુભ વૃત્તિઓનો પ્રતિકાર કરી શકું

એમ નથી. મને દેવગુરુના ભક્તિમાર્ગે ચડાવી આપના સાધ્યમાર્ગે જવાની શક્તિ આપો. મારા માર્ગદર્શક બની **સાધનાની** મંગલકામના પૂર્ણ કરો.

*

## મણકો સોમો... દીવાદાંડી

મહામંગલ પ્રભો !

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મ મહામંગલકારી છે. આપ એ જ ધર્મમંગળનું આલંબન લઈ સંસાર તર્યાં, આપના અનુગામીઓને પણ એ જ માર્ગનું અવલંબન લેવાનું સૂચવ્યું. આપનો પ્રરૂપેલો અને ઉપદેશેલો એ જ મંગલધર્મ મારા માટે ભવોભવ સુધી દીવાદાંડીરૂપ બનો. જેના દિલમાં એ મંગલ ધર્મ વસ્યો, એને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. તેનો મહિમા અપરંપાર છે. જે આત્મા અંતરચક્ષુથી અહિંસાનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે, સંયમનું શિક્ષણ લઈ સુશિક્ષિત બને છે અને તપોધર્મના લક્ષણ જાણી એકલક્ષી બને છે, તે ત્રિવિધ રક્ષણ મેળવી પોતાના જીવનને સુરક્ષિત બનાવે છે અને જીવનનું મંગલ સાધી શકે છે. ભગવન્ ! મારે પણ એ જ ધર્મને દીવાદાંડી બનાવી જીવનનું મંગળ સાધવું છે. અહિંસા, સંયમ અને તપના સૂક્ષ્મ સ્વરૂપને સમજી મારા નિશ્ચેતન જીવનમાં ચેતનતા લાવવી છે. ઘણી જીવનપ્રતારણા કરી....ધર્મપ્રતારણા

કરી....આત્મપ્રતારણા કરી. એવી પ્રતારણાના અનેક પરિતાપો વેઠયા, ઉત્પાત મચાવ્યા. હવે તો સુધારણા માટે જ એકલક્ષી બનવું છે. આપના એ મંગલમાર્ગે સુશિક્ષિત બની સુરક્ષિત બનવું છે. ઓ મંગલસ્વરૂપ! મને જીવનમંગલ બક્ષો! ધર્મમંગળમાં લક્ષ્ય કેન્દ્રિત બને, અન્ય વિડંબનાઓને પ્રવેશ પણ ન મળે, એ માટે મારું જીવનક્ષેત્ર રક્ષો. **દીવાદાંડી** રૂપ બનેલા ધર્મમાર્ગે આગળ વધું એવું પ્રોત્સાહન આપો. આપ મહામંગલરૂપ છો. સર્વમંગલના સ્વામી છો. મારા અંતર્યામી બનો, મારી ભાવના પૂરી કરો.

*

## મણકો એકસોએકમો.... કુરબાની

લોકોત્તમ પ્રભો!

આપ આ લોકમાં સર્વોત્તમ તરીકે પ્રખ્યાત છો. આપનાથી કોઈ ઉત્તમ નથી. છતાં આપના હૃદયની વિશાળતા એવી છે કે આપે કદી કોઈને હલકા માન્યા નથી. એ વિશાળતા જ આપની ઉત્તમતા બતાવી આપે છે. સર્વ ભવ્યાત્માઓ પરમાત્મા બનવા સરજાયા છે, એવો આપે ઉપદેશ આપ્યો. દરેકને ઉત્તમ બનવા માટે પ્રતિબોધ આપ્યો. સૌ તરે અને સુખી થાય, એવી આપની ઉદાત્ત ભાવના આપની ઉત્તમતાનાં દર્શન કરાવે છે. હું પણ આપનોજ

ી છું. આપ ભલે વીતરાગી રહ્યા ! “ ઉત્તમ સંગે ઉત્તમતા
ે” એ મહાપુરુષોના વાક્યથી હું આપની સમીપે દોડી
ાવ્યો છું. આ સંસારરૂપ નદીમાં ખૂબ ફૂટાણો-પીટાણો છું,
હજી પણ શું મારો ઘાટ ઘડાણો નથી ? પેલો પત્થર પણ
નદીના પાણીમાં ફૂટાઈને-પીટાઈને આખરે આકાર પામે છે,
તો શું હું એ પત્થરથી પણ ગયો ? ના, ના; મેં તો આપનો
હાથ પકડ્યો છે. આપનો રાહ પકડી મેં તો નિશ્ચય કર્યો
છે કે ભલે, ગમે તેમ થાય....ભવના ભવ કુરબાન થાય તો
પણ મારે આપનો હાથ છોડવો નહિ. પેલી નાનકડી ઇયળ
પણ ભમરીનું ધ્યાન ધરતી ધરતી ભમરી બની જાય છે, તેમ
હું પણ આપનું ધ્યાન ધરતાં ધરતાં, આપના નામનો જાપ
કરતાં કરતાં આપના જેવો બની જઈશ. રાગી સંગે મેં
રાગ વધાર્યો, અને દુઃખી દુઃખી થયો. હવે તો મને આપ
જેવા નીરાગી અને વીતરાગીનો સંગ સજ્યો છે, તેથી મોટું
આશ્વાસન પ્રાપ્ત થયું છે. હવે મારે ભવરાનમાં ભટકવું
નથી. જીવનની **કુરબાની** કરીને પણ આપને છોડીશ નહિ.
આપ જ મારા સાચા તારણહાર છો.

*

સાધક બનવું છે. એ **પગદંડીએ** ચડાવવામાં મારા સહાયક બનો.



## મણકો એકસોચારમો.... જીવનની શોભા

હિતચિંતક સ્વામી !

દુઃખથી રીબાતા સર્વ લોકોનું કલ્યાણ આપનાં હૈયે વસ્યું. ક્રૂર કર્મોથી સીદાતા એવા જીવોને જોઈ આપનું દયામય હૃદય દ્રવી ઉઠ્યું. અને એ જીવોને બચાવવા આપે સર્વશ્રેષ્ઠ ધર્મની પ્રરૂપણા કરી. જેમ કે–મન–વચન–કાયાથી કોઈને પણ દુઃખી ન કરો; જીવનમાં અહિંસાને વ્યાપક બનાવો; હિત, મિત, પથ્ય, સત્ય વાણી ઉચ્ચરી સદા સત્યને માર્ગે ચાલો; કોઈની પણ પારકી ચીજ લઈને ખૂશ ન થાઓ; અચૌર્ય વ્રતથી જીવનની શોભા વધારો; શીલધર્મનાં રહસ્યો જાણી સર્વાંશે કે અલ્પાંશે બ્રહ્મચર્યવ્રત પાળો અને મનથી મૂર્છા દૂર કરી પરિગ્રહના પાપથી બચો. સૌ આવા પ્રકારના ધર્મ-માર્ગે ચાલશો તો જ કલ્યાણ સાધી શકશો. આધિ, વ્યાધિ અને ઉપાધિના સંતાપો તેનાથી દૂર થશે. આ ધર્મ તમને દુર્ગતિ માર્ગે જતાં અટકાવશે. આવો સુંદરતમ ધર્મમાગ આપે બતાવ્યો, અને જે આત્માઓ એ ધર્મમાર્ગે ચાલ્યા, તે ચોક્કસપણે પોતાના સંકટોને ચૂરનાર બન્યા. ભગવન્ ! મેં

પણ આપના પ્રરૂપેલા ધર્મમાર્ગે ચાલવાની કોશિષ તો કરી, પણ હૃદયના ભાવો સ્થિર રહેતા નથી, પ્રમત્ત દશા ખસતી નથી, એટલે જીવનની શોભામાં ક્યાંથી વધારો થાય ? આપનો ધર્મ પામ્યા છતાં આચરણમાં કમતાકાત છું. આવી ઉત્તમ ધર્મસંપત્તિ પામીને હારી ન જાઉં એવા શુભ આશીષ આપો. એમાં જ મારા **જીવનની શોભા** સમાયેલી છે.

*

## મણકો એકસોપાંચમો.... સનાથતા

ત્રિલોકનાથ !

જ્યાં સુધી મારે આ ભવમાં ભટકવાનું છે, ત્યાં સુધી આપ મારાથી અળગા ન થશો. મને ભવોભવ આપના જ ચરણનું શરણ હો ! આપ ત્રિલોકના નાથ છો, મારા દિલના પણ સ્વામી છો. આપના વિના અન્ય કોઈ મારે શરણભૂત નથી. કર્મરોગને મટાડવામાં આપ ધનવંતરી વૈદ સમાન છો. ભવની પરંપરા તોડવામાં આપ વજ્ર સમાન છો. અત્યાર સુધી મારો બધો સમય વ્યર્થ ગયો. આ ભવમાં મને આપ સરખા સ્વામી મળ્યા. હવેથી હું અર્થસંપન્ન જીવન જીવવા માટે આપના જ શરણે રહેવા ઇચ્છું છું. રાગ...દ્વેષ અને મોહ. એ ત્રણે નિશાચરો મારા અધ્યાત્મ-જીવનની ઉષાને ભરખી રહ્યા છે ! હું એ નિશાચરોથી ખૂબ ભય પામું છું.

એનાથી પરાજિત થયેલા મને ક્યાંય શાંતિ નથી. આપની સહાય મેળવી હવે એ ત્રણે નિશાચરોને મારે હાંકી કાઢવા છે. એ કોઈનાથી પણ ભય પામતા નથી, પરંતુ મને વિશ્વાસ છે કે આપની પાસે નિર્ભય રહી શકે એમ નથી! તેથી મેં આપનું શરણ સ્વીકાર્યું છે. હવે હું જરૂર નિર્ભય બનીશ. મારામાંથી ભય જશે અને ખેદ જશે, તો દ્વેષ પણ જશે. પછી હું અભય, અદ્વેષ અને અખેદ, એ ત્રણે ભૂમિકાને સર કરી એ ત્રણે નિશાચરોને હાંકી કાઢીશ. આપ જેવા મારા સાથે નાથ છે, તેથી હું સનાથ છું. હવે અનાથપણાનાં ગીતડાં નહિ ગાઉં! **સનાથતાને** સફલ કરી જીવનને નવપલ્લવિત બનાવવા નિરંતર આપના શરણે રહીશ.

*

## મણકો એકસોછમો.... શરણ

શરણ્ય ભગવન્!

જન્મ....જરા.... અને મૃત્યુ આ ત્રણે મહાભયંકર રોગો દરેક સંસારી આત્માઓને લાગેલા છે. દેહધારી આત્માઓ એનાથી ત્રાહિ....ત્રાહિ....પોકારી રહ્યા છે. જ્યાં દેહ છે, ત્યાં જન્મ છે; જ્યાં જન્મ છે, ત્યાં જરા છે....રોગ છે, અને મૃત્યુ પણ છે. હું આ ત્રણે મહા વ્યાધિઓથી પરાભૂત થઈને આપને શરણે આવ્યો છું. આપે એ વ્યાધિ-

ઓને મૂળમાંથી ઉખેડીને ફેંકી દીધી. મારા જેવા વ્યાધિગ્રસ્ત આત્માઓને આપ શરણભૂત છો. શા શરીર વ્યાધિઓનું ઘર છે. એ વ્યાધિઓના ઘરમાં રહીને હું પ્રતિદિન અનેક જાતની પીડાઓ સહન કરું છું. જ્યાં સુધી આ મહાવ્યાધિઓને દૂર કરવાનું સામર્થ્ય મારામાં ન પ્રગટે, ત્યાં સુધી મને આપનુંજ શરણ હો. હવે મારે....જન્મ એવો જોઈએ છે કે જ્યાં જરા....રોગ....અને મૃત્યુ....ન હોય! એવું સ્થાન તો આપે જ પ્રાપ્ત કર્યું છે. તેથી જ્યાં આપ ત્યાં એ વ્યાધિઓ નહિ, અને જ્યાં વ્યાધિઓ ત્યાં આપ નહિ! એ સ્થાન છે સિદ્ધિપુર, જ્યાં આપની ઝળહળતી જ્યોતિ ઝળકે છે. આપનું સુખ અથાગ છે....અનંત છે....અખંડ છે. એ સુખમાં મારે લીન થવું છે. મને એવી શક્તિ આપો કે હું જ્ઞાન....દર્શન અને ચારિત્રની સુંદરતમ આરાધના કરી આપની પાસે આવું. મારા માટે આપના જેવી સાધના અશક્ય તો નથી, પણ દુઃશક્ય તો જરૂર છે! એ દુઃશક્યને શક્ય ન બનાવું ત્યાં સુધી મને આપનું જ શરણ હો. ભવોભવ આપનું જ શરણ હો. ભગવન્! મને આપનું જ શરણ હો, આપનું જ શરણ હો.



વિરક્ત ભગવન્ !

સાવદ્ય-માર્ગ આપને દોષભરપૂર જણાયો. નિર્દોષ જીવન જીવવા આપ અનવદ્ય-માર્ગના અનુગામી બન્યા. સાવદ્યમાર્ગ એટલે સંસાર, નિરવદ્ય માર્ગ એટલે સંયમ. સંસારમાર્ગમાં મન. વચન અને કાયાના યોગો પ્રશાંત બની શકતા નથી. સંયમમાર્ગમાં એ ત્રણે યોગોને નિયંત્રણ દ્વારા ક્રમે ક્રમે પ્રશાંત બનાવી શકાય છે, ઉપશમભાવી શકાય છે. તેથી તો આપે એ ત્રણે યોગોને જ્ઞાન....દર્શન.... તથા ચારિત્રની સાધનારૂપ સંયમમાં જોડી દીધા અને સહ્રાયોગી બન્યા. આપની જેમ મારે પણ એ મન....વચન....કાયાના.... યોગોને નિરવદ્યમાર્ગે વાળી ઉપશમભાવી બનવું છે. પણ મન એવું હઠીલું છે કે તે કોઈ રીતે વાળ્યું વળતું જ નથી! "મન વળે તો સબ ટળે જંજાલ." વચન અને કાયા એની જ પાછળ ચાલનારાં છે. એનાં જ ગીત ગાનારાં છે. મન નિરવદ્યધર્મનું અનુગામી બને તો વચન અને કાયા તો નિરવદ્ય બનવાના જ છે! ભગવન્! જ્યાં સુધી આ મન નિરવદ્ય માર્ગે નહિ વળે ત્યાં સુધી હું આપનું શરણ છોડનાર જ નથી!

હે શરણ્ં શરણ્ય! મને આપના ચરણે રાખો.... શરણે રાખો....જ્યાં સુધી મારો નિસ્તાર ન થાય, ત્યાં સુધી હું આપના જ શરણે રહીશ. મારા પાપ ખપો કે ન ખપો! સંતાપ શાંત થાઓ કે ન થાઓ! તો પણ મને આપના

ચરણનું શરણ હો. આપના ચરણની શીળી છાયા મારા ભવોભવનું પાથેય બની રહો. શ્રદ્ધાભર્યા મારા અંતરના ભાવો સદા આપના પ્રત્યે અવિચલ રહો. ભગવન્! રત્નત્રયીમાં ત્રિયોગને જોડી સુખ-દુઃખની પરંપરાને તોડી હું આપની શીળી છાયામાં સમાવા માગું છું. મને શરણે રાખી શક્તિ આપજો.

*

## મણકો એકસોઆઠમો... ધર્મનાં ગુંજન

તિમિરભાસ્કર પ્રભો!

આપનો ધર્મ મોહતિમિરને ભેદવામાં સૂર્ય સરખો છે. રાગ-દ્વેષના ભયંકર ઝેર ઉતારવામાં ગારુડીમંત્ર સમાન છે. મન-રૂપી અશ્વને વશ કરવામાં લગામ સરખો છે. સર્વશ્રેય અને કલ્યાણના હેતુરૂપ એવો આપનો ધર્મ મારા માટે ઉપાદેય બની રહો. અહિતકર એવા માર્ગે ચાલીને હતાશ થયો, કદી શ્રેયમાર્ગના ગાણાં ગાયાં નહિ. સંસારમાર્ગ હેય છે, ધર્મમાર્ગ જ્ઞેય છે, ઉપાદેય છે. એ ધર્મનાં ગુંજન મારા ચિત્તમાં ભ્રમર સમાન ગુંજારવ કરે, અને મને મોહનિદ્રામાંથી જાગ્રત કરે, એવું હું નિરંતર ઇચ્છું છું. જ્યાં સુધી હું સંસારનો પ્રવાસી છું, જ્યાં સુધી હું મોહમાયાનો વિલાસી છું, અને જ્યાં સુધી આ દેહનગરનો રહેવાસી છું, ત્યાં સુધી આપના એ ધર્મમાયાનો

રંગો મારા જીવનમાં રંગબેરંગી રંગોળી પૂર્યા કરો ! જ્યાં સુધી કષાયોનું મહા ભયંકર ઝેર મારા જીવનમાં વ્યાપ્ત છે, ત્યાં સુધી આપના ધર્મના પ્રાણ સમો નવકારમંત્ર મારો પણ પ્રાણ બની રહો ! જ્યાં સુધી હું વિષયોના વાવાઝોડામાં અટવાયેલો છું, ત્યાં સુધી મને ધર્મના સુમધુર અને શીતળ ઝરણાનો મંદમંદ વાયુ આલ્હાદક લહેરોમાં લહેરાવ્યા કરો ! જ્યાં સુધી રાગ-દ્વેષના દોરમાં ગુંથાયેલો છું, અજ્ઞાનની ખાઈમાં ડુબકીઓ મારતો ફરું છું, ત્યાં સુધી **ધર્મ**ગીત**નાં ગુંજન** મને મનોરંજન આપ્યા કરો ! જ્યાં સુધી હું સિદ્ધિભાવનો સાધક ન બનું ત્યાં સુધી કેવળીદર્શિત ધર્મ સદા સહાયભૂત....શરણભૂત, સ્મરણભૂત.... અનુકરણભૂત બની રહો. તિમિરભાસ્કરનો પ્રકાશ

## પરમવિદુષી પૂ. સાધ્વીજી શ્રી સુનંદાશ્રી મહારાજ તથા તેમના શિષ્યાસમુદાયના ઉપદેશથી દ્રવ્યસહાય આપનારાઓનાં શુભ નામ.

રૂ. ૫૦૧ શાહ મેઘજીભાઈ પાસુ–દાદર હિન્દમાતા

### અંધેરી

રૂ. ૨૦૧ પ્રેમજીભાઈ કારૂભાઈ
રૂ. ૧૦૧ રામજીભાઈ શવજી
રૂ. ૧૦૧ શા ધારશી હધુ
રૂ. ૫૧ શા પોપટલાલ હકમચંદ
રૂ. ૫૧ શા કેશવજી મોણશી
રૂ. ૫૧ ચંપાબેન પોપટલાલ પરીખ
રૂ. ૫૧ ત્રિલોકકુમાર પ્રતાપચંદ
રૂ. ૨૫ા શા. ખીમરાજ ટોકરશી
રૂ. ૨૫ મંજુલાબેન જે. શાહ
રૂ. ૨૫ રતીલાલ નગીનદાસ
રૂ. ૨૫ બાબુભાઈ–નાડકો સ્ટોર્સ
રૂ. ૨૫ ભચીબાઈ મોરારજી ડો. મોરારજી ભાઈના સ્મરણાર્થે
રૂ. ૨૧ કાન્તાબેન શેઠ કપડવંજવાળા
રૂ. ૨૧ જવેરીબેન વૃજલાલ
રૂ. ૧૧ દીવ્યાબેન હસમુખલાલ
રૂ. ૧૧ સુભદ્રાબેન શશીકાન્ત
રૂ. ૧૧ જશવંતીબેન
રૂ. ૧૧ નટવરલાલ મોતીલાલ

રૂ. ૧૧ મંજુલાબેન જમનાદાસ
રૂ. ૫ વાલબાઈ કુંવરજી
રૂ. ૫ બાબુલાલ નગીનદાસ
રૂ. ૫ શકરીબેન હરીલાલ
રૂ. ૫ મંગળાબેન બાબુલાલ
રૂ. ૫ લીલાવંતીબેન ન્યાલચંદ
રૂ. ૫ ઈન્દુબેન મનુભાઈ
રૂ. ૫ માનવંતીબેન ઉત્તમચંદ
રૂ. ૫ ચંદનબેન જસુભાઈ

## જુહુ-પારલા

રૂ. ૧૦૦ મેઘજીભાઈ ઊમરશી
રૂ. ૫૧ વિજયાબેન નાનજી
રૂ. ૫૧ કલ્યાણજી રામજી લાલન.
રૂ. ૫૧ા લક્ષ્મીબેન ધારશી

રૂ. ૫૧ શાહ દેવજી ભારમલ
રૂ. ૨૫ા કેશરબાઈ ભીમજી
રૂ. ૨૫ા દામજી ઉમરશી
રૂ. ૨૫ ભવાનજી મુરજી ભોજાણી
રૂ. ૨૫ ઘેલાભાઈ હીરજી
રૂ. ૨૫ શીવજી રાયશી
રૂ. ૨૫ શશીકાંત લખમશી
. ૧૧ સુલોચનાબેન શિક્ષિકા

## વાંદરા

રૂ. ૧૦૦ મોંઘીબેન મોરારજી
રૂ. ૫૧ કેશરબેન પાલણભાઈ કાપડીયા. વર્ષીતપનિમિત્તે.
રૂ. ૨૫ કેશરબેન વસનજી
રૂ. ૧૧ પાર્વતીબેન રતનશી

## શાન્તાક્રુઝ

રૂ. ૨૫ સૂરજબેન ચુનીલાલ
રૂ. ૨૫ શા. નાનજી કેશવજી

## માટુંગા

રૂ. ૧૦૧ વેરાયટી સ્ટોર્સ
રૂ. ૨૫ વેજબાઈ વસનજી
રૂ. ૧૧ તારાબેન હીરાચંદ
રૂ. ૧૧ કાન્તાબેન રતિલાલ

## મલાડ

રૂ. ૨૫ લીલાબેન નંદલાલ વોરા
રૂ. ૨૧ કેશરબેન પ્રેમજી ગંગ
રૂ. ૧૧ મેનાબેન માનમલજી
રૂ. ૫ ગુણવંતીબેન હિંમતઃ
રૂ. ૫ શારદાબેન વ્રજલાલ
રૂ. ૫ શાંતિલાલ પરસોત્તમદાસ
રૂ. ૧૧ દલસુખભાઈ ત્રિભોવન

## પ્રકીર્ણ

રૂ. ૧૦૧ પુંજા રાયમલ-ચાણા
રૂ. ૨૧ નવીનચંદ અમૃતલાલ-કાંદીવલી
રૂ. ૫ કસ્તુરબેન બાબામતીદાસ ,,

રૂ. ૨૫ સાકરબેન ભવાનજી-ફોરીરોડ

રૂ. ૨૫ કાકુભાઈ ખીમજી હાપાણી-ગ્રાન્ટરોડ

રૂ. ૧૧ વિજયાબેન મણીલાલ-કોઠારા

રૂ. ૧૧ હીરાબેન ભવાનજી-રાયપુર

રૂ. ૫ ચંચળબેન જેવત-પરેલ

રૂ. ૫ ગાંગબાઈ રામજી

રૂ. ૫ જીવીબેન મેઘજી-

